અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 09 જુલાઈ 2026 ગુરુવાર
વિક્રમ સંવત 2082, જેઠ વદ - 9

વર્ષ : 18
અંક : 10

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ઈરાનના 80 ટાર્ગેટ પર અમેરિકી હુમલા : હોર્મુઝમાં જહાજો પર ઈરાની હુમલા બાદ એક્શન; NATO સમિટમાં ટ્રમ્પ બોલ્યા- સીઝફાયર ખતમ

4

એનડીએ બે તૃતીયાંશ બહુમતીની વધુ નજીક, વિરોધપક્ષો ભેગા થવા માંગે છે ત્યારે થલપતિ વિજયનું રાજકારણ અલગ છે

6

'સમાજના દબાણમાં આવીને લગ્ન કે બાળક નહીં કરું':ક્રિતિ સેનને એગ્સ ફ્રીઝ કરાવ્યા

7

પેટ્રોલ-ડીઝલ પર ઓઈલ કંપનીઓ ₹11 પ્રતિ લિટર નફો કમાય છે : પરંતુ સામાન્ય લોકોને રાહત નથી, ક્રૂડ ઓઈલ 6 મહિનાના નીચલા સ્તરે

## મોદી ઈન્ડોનેશિયાના સૌથી મોટા હિન્દુ મંદિર પ્રમ્બાનન ગયા

### મોદીએ કહ્યું- હંમેશા ભગવાન શિવ સાથે જોડાવાનું સૌભાગ્ય મળ્યું, 1000 વર્ષ જૂનું મંદિર; વિમાનમાંથી મંદિરનો નજારો બતાવ્યો

**જકાર્તા, તા.08**

પીએમ મોદીના ઈન્ડોનેશિયા પ્રવાસનો આજે ત્રીજો અને છેલ્લો દિવસ છે. પીએમ આજે ઈન્ડોનેશિયાના સૌથી મોટા હિન્દુ મંદિર પ્રમ્બાનન ગયા હતા. આ મંદિર એક હજાર વર્ષ જૂનું છે. વડાપ્રધાને મંદિરના જીર્ણોદ્ધાર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

ઈન્ડોનેશિયાના સૌથી મોટા હિન્દુ મંદિર પ્રમ્બાનનમાં તેમણે આરતી કરી અને આશીર્વાદ લીધા હતા. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો પણ વડાપ્રધાન સાથે પ્રમ્બાનન મંદિર હાજર રહ્યા હતા. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર રાષ્ટ્રપતિ સુબિયાંતો સાથેની તસવીર શેર કરી હતી. વડાપ્રધાન આજે સાંજે ઈન્ડોનેશિયાથી ઓસ્ટ્રેલિયાના મેલબર્ન જવા રવાના થશે. તેમનો ઓસ્ટ્રેલિયા પ્રવાસ 8 થી 10 જુલાઈ સુધીનો છે. તેમણે મંદિરનો એક વીડિયો પણ શેર કર્યો જેમાં આકાશમાંથી મંદિરનો નજારો દેખાય છે. પીએમએ મંગળવારે ઈન્ડોનેશિયા પ્રવાસ દરમિયાન ડિફેન્સ ડીલની જાહેરાત કરી હતી. બંને દેશો વચ્ચે પહેલીવાર લગભગ સાડા પાંચ હજાર કરોડ રૂપિયાનો મહત્વનો રક્ષા કરાર થયો છે. ઈન્ડોનેશિયા ભારત પાસેથી બ્રહ્મોસ અને અસ્ત્ર મિસાઈલો ખરીદશે. ભારત મલક્કાની ખાડીમાં મહત્વપૂર્ણ સાબાંગ પોર્ટનો વિકાસ કરશે. વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે વિશ્વના કોઈપણ ખૂણે જવામાં આવે, ત્યાં ભારતના સાંસ્કૃતિક વારસાની ઝલક ચોક્કસપણે જોવા મળે છે. તેમણે ઉલ્લેખ કર્યો કે પ્રમ્બાનન એ દક્ષિણ-પૂર્વ એશિયામાં ભારતીય વારસાનું બીજું સૌથી મોટું પ્રતીક છે. અહીં ભગવાન શિવ, દેવી દુર્ગા અને ભગવાન ગણેશની મૂર્તિઓ સ્થાપિત છે અને તે સદીઓથી પૂજા-અર્ચનાનું સ્થળ રહ્યું છે.



વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ પ્રબોવોએ તેમને 2029 સુધીમાં મંદિરના જીર્ણોદ્ધારનું કામ પૂર્ણ કરવાનું વચન આપ્યું છે, અને બદલામાં મેં પણ વચન આપ્યું છે કે જીર્ણોદ્ધારનું કાર્ય પૂર્ણ થયા બાદ ઉજવણી કરવા માટે ફરીથી ઈન્ડોનેશિયા આવીશ. મોદીએ આ સાંસ્કૃતિક વારસાનું જતન કરવા બદલ ઈન્ડોનેશિયાની જનતા અને નેતાઓનો આભાર પણ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાને પ્રમ્બનન મંદિરના સંરક્ષણ અને જીર્ણોદ્ધાર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે સંબોધન કરતા તેમણે કહ્યું- મારું સૌભાગ્ય રહ્યું છે કે મને હંમેશા કોઈને કોઈ સ્વરૂપે ભગવાન શિવ સાથે જોડાવાની તક મળી છે.

તેમણે કહ્યું- મારો જન્મ વડનગરમાં થયો હતો, જે પ્રસિદ્ધ હાટકેશ્વર મહાદેવ મંદિરનું સ્થાન છે. ગુજરાતમાં મને સોમનાથ જ્યોતિર્લિંગના વિકાસની જવાબદારી સોંપવામાં આવી હતી. કાશી એ મારા રાજકીય કાર્યનું ક્ષેત્ર છે, જ્યાં મને હંમેશાં કાશી વિશ્વનાથના આશીર્વાદ મળ્યા છે.

વડાપ્રધાને વધુમાં કહ્યું, મને કેદારનાથ ધામના પુનઃનિર્માણ અને ઉજ્જૈનમાં મહાકાલ મંદિરના વિકાસ સાથે સંકળાયેલા રહેવાની તક પણ મળી હતી. હવે, બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સાથે જોડાયેલા લગભગ 1000-1200 વર્ષ જૂના પ્રમ્બાનન મંદિરના જીર્ણોદ્ધાર કાર્યના આરંભ સાથે સંકળાવું એ મારા માટે અત્યંત ગૌરવની વાત છે. હું પોતાને અત્યંત ભાગ્યશાળી માનું છું. પીએમ મોદી ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ત્યાંના વડાપ્રધાન એન્થની અલ્બનીઝને મળશે. બંને વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો થશે. મોદીની આ યાત્રા પીએમ અલ્બનીઝના આમંત્રણ પર થઈ રહી છે. આ તેમનો ત્રીજો ઓસ્ટ્રેલિયા પ્રવાસ છે.

પીએમ મોદી ઓસ્ટ્રેલિયાના ગવર્નર-જનરલ સેમ મોસ્ટિનને પણ મળશે. આ પછી ભારત-ઓસ્ટ્રેલિયા સીઈઓ ફોરમમાં ભાગ લેશે અને બંને દેશોના અગ્રણી ઉદ્યોગપતિઓને સંબોધિત કરશે. આ ઉપરાંત, ભારતીય સમુદાયના એક મોટા કાર્યક્રમમાં પણ હાજરી આપશે. વડાપ્રધાન મોદીએ બુધવારે ઈન્ડોનેશિયાની તેમની મુલાકાતના ત્રીજા અને અંતિમ દિવસે દેશના સૌથી મોટા હિન્દુ મંદિર 'પ્રમ્બાનન'ની મુલાકાત લીધી હતી. આ મંદિર એક હજાર વર્ષ જૂનું છે. વડાપ્રધાને મંદિરના જીર્ણોદ્ધાર પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું.

ત્યારબાદ, તેમણે આરતી કરી અને આશીર્વાદ લીધા હતા. ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો પણ વડાપ્રધાન સાથે પ્રમ્બાનન મંદિર હાજર રહ્યા હતા. વડાપ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર રાષ્ટ્રપતિ સુબિયાંતો સાથેની તસવીર શેર કરી હતી. પીએમ મોદીએ મંગળવારે સાંજે ઈન્ડોનેશિયાના જકાર્તામાં ભારતીય સમુદાયને સંબોધન કર્યું. તેમણે ટિપ્પણી કરી કે ભારતીય ગીત 'કુછ કુછ હોતા હૈ' ત્યાં ખૂબ જ લોકપ્રિય છે, તેમણે કહ્યું કે જ્યારે ભારત અને ઈન્ડોનેશિયા સાથે આગળ વધે છે, ત્યારે પરિણામ ફક્ત 'કુછ કુછ'થી ઘણું આગળ વધે છે- તે 'બહુત કુછ' (ઘણું બધું) બની જાય છે.

વડાપ્રધાને કહ્યું કે રાષ્ટ્રપતિ પ્રબોવોએ એવી વાત કરી હતી કે તેમનામાં ભારતનું ડીએનએ (DNA) છે- એક એવી ભાવના જેણે ભારતીયોનાં દિલ જીતી લીધાં. ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેનું આ ડીએનએ પરસ્પર વિશ્વાસ પર આધારિત છે.

ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતોએ કહ્યું, હું વડાપ્રધાન મોદીનો પ્રશંસક છું. મોદી સરકારની ઘણી યોજનાઓ સફળ રહી છે અને હું તેનું અનુકરણ કરવાનો પ્રયાસ કરું છું. સારી વાત એ છે કે આ યોજનાઓ પર કોઈ 'કોપીરાઈટ' નથી.

## મમતાએ ઘરની બહાર 3 લોકોને થપ્પડ મારી : ભાજપના કાર્યકરોએ TMCની રેલીમાં ઈંડા ફેંકતા નારાજ થયા

### પશ્ચિમ બંગાળના બારુઈપુરમાં 11 વર્ષની બાળકી સાથે થયેલા રેપ-મર્ડરના વિરોધમાં ટીએમસી કોલકાતામાં રેલી કાઢી હતી

**કોલકાતા, તા.08**

પશ્ચિમ બંગાળના બારુઈપુરમાં 11 વર્ષની બાળકી સાથે થયેલા રેપ-મર્ડરના વિરોધમાં બુધવારે ટીએમસી કોલકાતામાં રેલી કાઢી રહી હતી. TMC રેલી બાલિગંજ ફાડીથી શરૂ થઈને હાજરા ક્રોસિંગ સુધી પહોંચી હતી.

આ દરમિયાન ભાજપના કાર્યકરોએ રેલીનો વિરોધ કરતા ચોર-ચોરના નારા લગાવ્યા અને પ્રદર્શન કર્યું. TMCનો આરોપ છે કે ભાજપના કાર્યકરોએ તેમના પર ઈંડા ફેંક્યા. રેલી જ્યારે મમતા બેનર્જીના ઘરની બહાર પહોંચી ત્યારે હોબાળો વધી ગયો. ગુસ્સે થયેલા મમતા બેનર્જી પોતાના ઘરેથી બહાર આવ્યા.



તેમણે લોકોને ત્યાંથી હટી જવા અપીલ કરી અને હાથના ઈશારાથી ભીડને પાછળ હટી જવા કહ્યું. જોકે, ઘણા લોકો ત્યાં ઊભા રહીને મોબાઈલથી વીડિયો બનાવતા રહ્યા. આ દરમિયાન મમતાએ પોતાનો સંયમ ગુમાવ્યો અને એક વ્યક્તિને થપ્પડ મારી દીધી. ત્યારબાદ બે લોકોની પીઠ પર માર્યું.

જે લોકોને મમતાએ માર્યા, તેમની ઓળખ થઈ નથી. મમતાએ કહ્યું કે બંગાળમાં સંપૂર્ણપણે અરાજકતા ફેલાઈ ગઈ છે. બંગાળ પોલીસ ભાજપના કાર્યકરોની જેમ કામ કરી રહી છે. હાઈકોર્ટની પરવાનગી બાદ નીકળેલી TMCની રેલી દરમિયાન ઘણી જગ્યાએ BJP અને TMC કાર્યકરો સામસામે આવી ગયા. બંને પક્ષો વચ્ચે ઝપાઝપી થઈ, ત્યારબાદ પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે લાઠીચાર્જ કર્યો. આનાથી દક્ષિણ કોલકાતામાં તણાવ અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ. મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આરોપ લગાવ્યો કે BJPએ તેમની રેલી પર હુમલો કરાવ્યો. તેમણે કહ્યું કે મહિલા કાર્યકરો સાથે મારપીટ થઈ, ઘણા લોકો ઘાયલ થયા અને BJP સમર્થકોએ રેલીમાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો. મમતાએ કોલકાતા પોલીસ પર પણ નિષ્ક્રિય રહેવા અને કોર્ટના આદેશનું યોગ્ય પાલન ન કરાવવાનો આરોપ લગાવ્યો.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સમિક ભટ્ટાચાર્યએ મમતાના આરોપોને નકારી કાઢ્યા. તેમનું કહેવું છે કે TMCને રેલી કરતા રોકવામાં આવી ન હતી અને વિવાદની શરૂઆત TMC કાર્યકરોએ ભાજપ સમર્થકોને ઉશ્કેરીને કરી હતી. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સમિક ભટ્ટાચાર્યએ મમતાના આરોપોને નકારી કાઢ્યા. તેમનું કહેવું છે કે TMCને રેલી કરતા રોકવામાં આવી ન હતી અને વિવાદની શરૂઆત TMC કાર્યકરોએ ભાજપ સમર્થકોને ઉશ્કેરીને કરી હતી.

પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવો પડ્યો. આ રેલી કલકત્તા હાઈકોર્ટમાંથી પરવાનગી મળ્યા બાદ કાઢવામાં આવી હતી. જોકે, આખા રસ્તે બંને પક્ષના કાર્યકરો સામસામે આવતા રહ્યા, જેના કારણે દક્ષિણ કોલકાતાના ઘણા વિસ્તારોમાં તણાવનો માહોલ સર્જાયો અને ટ્રાફિક પણ પ્રભાવિત થયો.

## શંકરાચાર્ય યૌન શોષણ કેસમાં આશુતોષ મહારાજનું જ ષડયંત્ર : સિક્રેટ કેમેરા સામે બટુક પલટાયો

**લખનૌ, તા.08**

પ્રયાગરાજનો માઘ મેળો સંગમ કિનારે એક તંબુમાંથી આવતા મંત્રોનો અવાજ. થોડા કલાકો પછી યજ્ઞ પૂરો થયો. શાકંભરી પીઠાધીશ્વર આશુતોષ બ્રહ્મચારીએ 2 બટુકોને બોલાવ્યા. માથા પર હાથ મૂક્યો અને 6-6 હજાર રૂપિયા દક્ષિણા આપી. દક્ષિણા કાર્ડ બનાવવા માટે આધાર કાર્ડ લીધા. કોરા કાગળ પર સહી કરાવી. બસ અહીંથી જ શરૂ થયો શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદને યૌન શોષણમાં ફસાવવાનો ખેલ. આશુતોષે જે કોરા કાગળો પર બટુકની સહી લીધી હતી, તેના પર યૌન ઉત્પીડનની ખોટી સ્ક્રિપ્ટ લખી દીધી. આ ષડયંત્રને અંજામ આપવા માટે આશુતોષે સામ, દામ, દંડ અને ભેદનો સહારો લીધો. સિક્રેટ કેમેરા પર પહેલીવાર બટુક, તેના પિતા અને કાકાએ આશુતોષના



ષડયંત્રની આખી કહાણી જણાવી, કેવી રીતે ગયો, કોણ લઈ ગયું હતું? બટુકના કાકા: દેવીકિશોર (બદલેલું નામ) છે. તેનાથી મોટો છે. તમને મળાવી દઈશું. તે લઈ ગયો હતો. છેલ્લી વાર 60 હજાર રૂપિયા કમાઈને લાવ્યા હતા. તેણે ફોન કર્યો કે અમારી સાથે ચાલો, તમને સારા એવા પૈસા અપાવી દઈશું. તેઓ લાલચમાં આવી ગયા. બરાબર છે. પછી શું થયું? બટુકના કાકા: પછી ખબર નહીં કેવી રીતે તેને ફસાવી દીધો. કહ્યું કે લડ્ડુ ગોપાલનો કેસ છે. આશુતોષ મોટા લડ્ડુ ગોપાલ લઈને ઘરે આવ્યા હતા. કહેવા લાગ્યા કે તેમનો કેસ ચાલી રહ્યો છે. તેમાં તારે જઈને ગવાહી આપવાની છે. હવે તેને શું ખબર કે લડ્ડુ ગોપાલની ગવાહી આપવાની છે કે કોની આપવાની છે? અમે પોતે સાથે હતા. અમારો મોબાઈલ લઈ લીધો. રૂમમાં બંધ કરી દીધા, 2-3 રૂમની અંદર, અમે રડતા રહેતા. ત્યાં પોલીસવાળા હતા. તેમની પાસે જઈને રડ્યા કે બાપુજી અમને જવા દો, નહીં તો અમે ફાંસી પર લટકી જઈશું. ત્યારે જઈને તેણે અમને ત્યાંથી પોતાની પર્સનલ ગાડીથી ઘરે મોકલ્યા. આશુતોષને એ અંદાજ હતો કે બટુક કે તેનો પરિવાર પીછેહટ કરી શકે છે. તેનું ષડયંત્ર નબળું ન પડે, તેથી તેણે છેતરપિંડીથી પહેલા જ સાદા કાગળ પર બંને બટુકો પાસેથી સહી કરાવી લીધી હતી. પછી તે કાગળો પર યૌન શોષણના નિવેદનો પોતે લખી લીધા.

## સાબરમતી જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ પર અમેરિકામાં હત્યાનો કેસ : ચાર્જશીટ દાખલ, ગોલ્ડી બ્રાર પર 50 હજાર ડોલરનું ઈનામ

**જલંધર, તા.08**

અમેરિકી તપાસ એજન્સી FBI ભારતની જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ અને જગ્ગૂ ભગવાનપુરિયાને અમેરિકા લઈ જશે. અમેરિકી અધિકારીઓ અનુસાર, બંનેનું પ્રત્યાર્પણ કરવામાં આવશે. પછી અમેરિકામાં ટ્રાયલ થશે. ભારત સરકાર પાસેથી જલદી તેમના પ્રત્યાર્પણની માંગ કરવામાં આવશે.

અધિકારીઓએ આ વાતો અમેરિકા, કેનેડા અને યુરોપમાં ભારત સાથે સંકળાયેલા ઈન્ટરનેશનલ ક્રાઈમ નેટવર્ક પર મોટી કાર્યવાહી કર્યા પછી કહી. જેમાં 24 આરોપીઓની ધરપકડ કરવામાં આવી, જ્યારે કુલ 37 લોકો વિરુદ્ધ અમેરિકી ફેડરલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ચાર્જશીટમાં લોરેન્સ, ગોલ્ડી બરાડ, રોહિત ગોદારા સહિત અન્ય આરોપીઓ પર 2023માં કેનેડામાં થયેલી હરદીપ સિંહ નિજ્જરની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. લોરેન્સનું નામ આ હત્યાકાંડ સાથે પહેલીવાર જોડવામાં આવ્યું છે. તે હાલ ગુજરાતની સાબરમતી સેન્ટ્રલ જેલમાં બંધ છે.

ચાર્જશીટમાં દાવો કરવામાં આવ્યો છે કે લોરેન્સ ભારતની જેલમાં રહેતા હોવા છતાં પણ પોતાના નેટવર્કનું સંચાલન કરતો હતો. તેના સહયોગીઓ અમેરિકા, કેનેડા તથા યુરોપમાં ડ્રગ્સની હેરાફેરી, ખંડણી અને ટાર્ગેટ કિલિંગ જેવી ઘટનાઓને અંજામ આપતા હતા.

આ ઉપરાંત પંજાબ પોલીસના એક અધિકારી હુન્દલપ્રીત સિંહનું નામ પણ સામે આવ્યું છે. અમેરિકી અધિકારીઓએ તેને પણ પ્રત્યાર્પણ કરીને લઈ જવાની વાત કહી છે.



FBI એ ગોલ્ડી બરાર પર 50 હજાર ડોલરનું ઈનામ જાહેર કર્યું છે. જો તેમના પર લગાવવામાં આવેલા આરોપો સાચા સાબિત થશે તો તેમને અલગ-અલગ આરોપોમાં 10 વર્ષથી વધુની સજા થઈ શકે છે.

FBIની કાર્યવાહી બાદ 8 ખુલાસા

1. ઘણા વર્ષોની તપાસ બાદ 50થી વધુ સ્થળોએ દરોડા અમેરિકી ફેડરલ એજન્સીઓએ જણાવ્યું કે ભારત સ્થિત ટ્રાન્સનેશનલ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ નેટવર્કની ઘણા વર્ષોથી અલગ-અલગ દેશોમાં તપાસ ચાલી રહી હતી. આ અંતર્ગત અમેરિકા, કેનેડા અને યુરોપમાં 50થી વધુ સ્થળોએ એકસાથે દરોડા પાડવામાં આવ્યા. સમગ્ર મામલે 37 લોકો વિરુદ્ધ આરોપપત્ર દાખલ કરવામાં આવ્યું. આમાંથી 24 આરોપીઓ ધરપકડ કરાયા છે અથવા પહેલાથી જ કસ્ટડીમાં છે. બાકીનાની તપાસ ચાલુ છે. કાર્યવાહીમાં લગભગ એક ટન (1000 કિલો) કોકેઈન, ડઝનબંધ હથિયારો, રોકડ અને ડિજિટલ પુરાવા પણ જપ્ત કરવામાં આવ્યા.

2. ત્રણ ગેંગ, એક ઈન્ટરનેશનલ ક્રાઈમ નેટવર્ક અમેરિકી તપાસ એજન્સીઓ અનુસાર, કાર્યવાહી માત્ર એક ગેંગ વિરુદ્ધ નહીં, પરંતુ ત્રણ ઈન્ડિયા બેઝ્ડ સંગઠિત અપરાધ નેટવર્ક પર થઈ હતી. ભારતની જેલમાં બંધ ગેંગસ્ટર લોરેન્સને નેટવર્કનો હેડ ગણાવવામાં આવ્યો છે. નોર્થ અમેરિકામાં ઓપરેશન ગોલ્ડી બરાડ સંભાળી રહ્યો હતો, જ્યારે યુરોપમાં રોહિત ગોદારા સક્રિય હતો. આરોપપત્રમાં જગ્ગુ ભગવાનપુરિયા અને અમૃતપાલ બાઠના નેટવર્કનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એજન્સીઓનો દાવો છે કે આ ગેંગ અલગ-અલગ દેશોમાં સંકલન સાથે કામ કરતી હતી.

3. ભારત સહિત 7 દેશો સુધી ફેલાયેલું નેટવર્ક તપાસ એજન્સીઓ અનુસાર, આ નેટવર્કના તાર ભારત ઉપરાંત અમેરિકા, કેનેડા, બ્રિટન, પોર્ટુગલ, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ સુધી ફેલાયેલા હતા. આ ગેંગ ડ્રગ્સની તસ્કરી, ખંડણી, ટાર્ગેટ કિલિંગ, હથિયારોની સપ્લાય અને અન્ય સંગઠિત અપરાધોને ઘણા દેશોમાં અંજામ આપતી હતી.



# અમદાવાદ મંડળે ચોમાસા દરમિયાન સુરક્ષિત રેલ સંચાલન માટેની તૈયારીઓની સમીક્ષા કરી

## મુસાફરોની સુરક્ષા અને અવરોધરહિત રેલ સંચાલન સુનિશ્ચિત કરવા માટે વ્યાપક તૈયારીઓ પર ભાર મૂકાયો







રેલવે અમદાવાદ, તા.08

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં ચોમાસા દરમિયાન મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ રેલ સંચાલનને સુરક્ષિત અને સુચારુ રાખવાના હેતુથી અમદાવાદના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશની અધ્યક્ષતામાં મંડળ ખાતે ચોમાસાની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ પ્રસંગે રેલવે બોર્ડના પૂર્વ સભ્ય (ઈન્ફ્રાસ્ટ્રક્ચર) શ્રી અનિલ કુમાર ખંડેલવાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં મંડળના વરિષ્ઠ અધિકારીઓ, ચોમાસા વ્યવસ્થાપન સાથે સંકળાયેલા વિવિધ વિભાગોના વડાઓ તેમજ મંડળના તમામ સિનિયર સેક્શન એન્જિનિયર્સ (વર્ક્સ) વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. ચોમાસા દરમિયાન ઊભી થઈ શકતી સંભવિત પડકારજનક પરિસ્થિતિઓનો સામનો કરવા માટે કરવામાં આવેલી તૈયારીઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

મુસાફરોની સુરક્ષા પ્રત્યે પ્રતિબદ્ધતા

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે અમદાવાદ મંડળે ચોમાસા દરમિયાન સુરક્ષિત અને અવરોધરહિત રેલ સંચાલન સુનિશ્ચિત કરવા માટે વ્યાપક તૈયારીઓ કરી છે. ચોમાસા પૂર્વે રેલવે ટ્રેક, પુલો, ડ્રેનો અને કલવટોનું નિરીક્ષણ તથા સફાઈ કરવામાં આવે છે. રાજ્ય સરકારના સંબંધિત વિભાગો સાથે સંયુક્ત સર્વે કરીને સંવેદનશીલ વિસ્તારોની ઓળખ કરવામાં આવે છે અને પાણીના યોગ્ય નિકાલની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવે છે.

સ્ટેશનો અને યાર્ડોમાં પાણી ભરાઈ ન જાય તે માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સંભવિત જોખમ ધરાવતા પુલો પર 24 કલાક સતત નજર રાખવામાં આવે છે અને જરૂરિયાત મુજબ કૉશન ઓર્ડર (સાવચેતી સૂચના) જારી કરવામાં આવે છે. ઉપરાંત, સ્ટેશનના શેડ, છતો તથા વિવિધ ઉપકરણોની પણ નિયમિત તપાસ કરવામાં આવે છે.

ચોમાસા દરમિયાન સુરક્ષિત અને અવરોધરહિત રેલ સંચાલન સુનિશ્ચિત કરવા માટે અમદાવાદ મંડળ દ્વારા વ્યાપક સ્તરે નીચે મુજબની વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે:

પાણીના નિકાલની વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે 132 કિલોમીટર લંબાઈની સાઈડ ડ્રેનોની સફાઈ કરવામાં આવી છે તેમજ 190 સ્થળોએ વૃક્ષોની કાપણી અને ટ્રિમિંગનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

પાણી ભરાવાની સ્થિતિનો સામનો કરવા માટે આરયુબી (RUB) સ્થળોએ 10 એચપી અને 32 એચપી ક્ષમતાના કુલ 260 પંપ સ્થાપિત કરવામાં આવ્યા છે.

ટ્રેક અને યાર્ડમાં પાણીના વધુ સારા નિકાલ માટે 675 કિલોમીટર વિસ્તારમાં ફ્લેન્જ ક્લિયરન્સનું કામ કરવામાં આવ્યું છે તેમજ 37 સંપ (Sumps) સ્થાપિત કરવામાં આવ્યા છે.

આપાતકાલીન પરિસ્થિતિનો સામનો કરવા માટે ધ્રાંગધ્રા, ગાંધીધામ, માલિયા અને આદરજ-મોટી ખાતે બેલાસ્ટ અને ક્વારી ડસ્ટનો પૂરતો જથ્થો સંગ્રહિત કરવામાં આવ્યો છે તેમજ વિશેષ આપાતકાલીન ગેંગ (Emergency Gangs) તૈયાર રાખવામાં આવ્યા છે.

આપદા વ્યવસ્થાપન અને ઝડપી પુનઃસ્થાપનની વ્યવસ્થા

પૂર અથવા અન્ય કુદરતી આપત્તિની સ્થિતિમાં રેલ સેવાઓને ઝડપથી પુનઃસ્થાપિત કરી શકાય તે માટે જરૂરી સામગ્રી અગાઉથી જ વ્યૂહાત્મક સ્થળોએ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

ધ્રાંગધ્રા ખાતે 7 વેગન બેલાસ્ટ અને 7 વેગન ક્વારી ડસ્ટની વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીધામ ખાતે 20 વેગન બેલાસ્ટ તેમજ 10 વેગન ક્વારી ડસ્ટ ઉપલબ્ધ રાખવામાં આવ્યા છે.

માલિયા અને આદરજ-મોટી ખાતે 10,000-10,000 ઘનમીટર બેલાસ્ટનો અનામત જથ્થો સુરક્ષિત રાખવામાં આવ્યો છે.

ચોમાસાની તૈયારીઓના મુખ્ય મુદ્દા

બેઠકમાં ચોમાસાની તૈયારીઓ અંતર્ગત પાણીના નિકાલની વ્યવસ્થાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો ભાર મૂકવામાં આવ્યો હતો. અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી કે પાણી ભરાવાની સ્થિતિ ટાળવા માટે સાઈડ ડ્રેન, કૅચ વોટર ડ્રેન, ક્રોસ ડ્રેન તેમજ સ્ટેશન યાર્ડની ડ્રેનોની નિયમિત અને વ્યવસ્થિત સફાઈ સુનિશ્ચિત કરવામાં આવે. ટ્રેકની સ્થિરતા જાળવવા તેમજ સિગ્નલિંગ સિસ્ટમની વિશ્વસનીયતા માટે આ વ્યવસ્થા અત્યંત મહત્વપૂર્ણ છે.

સંવેદનશીલ સ્થળોની ઓળખ કરીને ત્યાં વિશેષ દેખરેખ અને ગુણવત્તાયુક્ત નિરીક્ષણ કરવા માટે પણ સૂચનાઓ આપવામાં આવી હતી, જેથી સંભવિત જોખમ ધરાવતા વિસ્તારોને સમયસર વધુ મજબૂત બનાવી શકાય. ઉપરાંત, રેલવે યાર્ડોમાં સિગ્નલ ફેલ્યોર જેવી પરિસ્થિતિઓને ટાળવા માટે એન્જિનિયરિંગ, સિગ્નલ અને દૂરસંચાર, વિદ્યુત તથા ઓપરેશન સહિતના વિવિધ વિભાગો વચ્ચે વધુ સારો સમન્વય સુનિશ્ચિત કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

# 149મી જગન્નાથ રથયાત્રામાં અનોખી પરંપરા

## આ વર્ષે ભગવાન જગન્નાથજીના થશે બે મામેરા, 25 વર્ષ બાદ જૂના મોસાળમાં ફરી શરૂ થશે ઐતિહાસિક વિધિ

અમદાવાદ, તા.08



અષાઢી બીજના પાવન પર્વે યોજાનારી 149મી શ્રી જગન્નાથજી રથયાત્રાને લઈને ભગવાનના મોસાળ ગણાતા સરસપુર વિસ્તારમાં અત્યારથી જ ભારે ઉત્સાહ અને પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. આ વર્ષની રથયાત્રા શ્રદ્ધાળુઓ માટે ખૂબ જ ખાસ અને યાદગાર બની રહેશે, કારણ કે લગભગ ૨૫ વર્ષના લાંબા સમયગાળા બાદ સરસપુરના પ્રાચીન રણછોડરાયજી મંદિર એટલે કે ભગવાનના 'જૂના મોસાળ'માં મામેરાની ઐતિહાસિક પરંપરા ફરી જીવંત થવા જઈ રહી છે. આ નૂતન નિર્ણયને પગલે આ વર્ષે ભગવાન જગન્નાથજીના એક નહીં પરંતુ બે-બે મામેરા યોજાશે.

25 વર્ષ બાદ પરંપરા કેમ થઈ જીવંત?

વર્ષો પહેલાં જગ્યાના અભાવે અને અનિવાર્ય કારણોસર જૂના મોસાળમાં મામેરાની પરંપરા બંધ કરવી પડી હતી. જો કે, આ વર્ષે મંદિર ટ્રસ્ટ દ્વારા આ સદીઓ જૂની પરંપરાને પુનઃ જીવંત કરવાનો હર્ષોલ્લાસભેર નિર્ણય લેવામાં આવ્યો છે. દર વર્ષે નિયમિત યજમાન દ્વારા કરવામાં આવતા પરંપરાગત મામેરા ઉપરાંત, હવે નવા અને પ્રાચીન રણછોડરાયજી મંદિર તરફથી અલગ-અલગ એમ બે મામેરા ભગવાનને અર્પણ કરવામાં આવશે.

11 અને 12 જુલાઈએ મામેરાના વિશેષ દર્શન

સરસપુરના પ્રાચીન મોસાળમાં આગામી 11 અને 12 જુલાઈના રોજ ભાવિક ભક્તો માટે આ ઐતિહાસિક અને અલૌકિક મામેરાના દર્શનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ભગવાન માટે તૈયાર થઈ રહેલી વિશેષ ભેટ સોગાદો:

ભગવાન જગન્નાથજી: ચાંદીની વાંસળી અને ચાંદીનું જ સુદર્શન ચક્ર.

ભાઈ બળદેવજી: પ્રતીક સમાન ચાંદીનું હળ.

બહેન સુભદ્રાજી: સોના-ચાંદીના કિંમતી આભૂષણો, વસ્ત્રો અને વિશેષ શણગાર.

આ તમામ દિવ્ય અલંકારો અને ઘરેણાં અમદાવાદના જાણીતા અને કુશળ કારીગરો દ્વારા ખાસ ઓર્ડર આપીને તૈયાર કરાવવામાં આવી રહ્યા છે.

16 જુલાઈએ મહાપ્રસાદનું ભવ્ય આયોજન

રથયાત્રાના દિવસે એટલે કે 16 જુલાઈના રોજ જ્યારે ભગવાન જગન્નાથજી, ભાઈ બળદેવજી અને બહેન સુભદ્રાજી સાથે સરસપુર (મોસાળ) પધારશે, ત્યારે ભક્તો માટે મહાપ્રસાદનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવમાં દેશભરમાંથી અનેક સાધુ-સંતો, મહંતો અને રાજકીય તેમજ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે. મંદિર ટ્રસ્ટ દ્વારા સરસપુરના સ્થાનિક નાગરિકો સહિત દેશ-વિદેશના તમામ ભાવિકોને આ પાવન અને ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનવા તથા દર્શન-પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. રથયાત્રાના દિવસે એટલે કે 16 જુલાઈના રોજ જ્યારે ભગવાન જગન્નાથજી, ભાઈ બળદેવજી અને બહેન સુભદ્રાજી સાથે સરસપુર (મોસાળ) પધારશે, ત્યારે ભક્તો માટે મહાપ્રસાદનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક મહોત્સવમાં દેશભરમાંથી અનેક સાધુ-સંતો, મહંતો અને રાજકીય તેમજ સામાજિક આગેવાનો ઉપસ્થિત રહેશે. મંદિર ટ્રસ્ટ દ્વારા સરસપુરના સ્થાનિક નાગરિકો સહિત દેશ-વિદેશના તમામ ભાવિકોને આ પાવન અને ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનવા તથા દર્શન-પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સ્વિમિંગ શીખવા આવતા સભ્યોની ફરિયાદ: કાંકરિયા સ્વિમિંગ પૂલમાં અધિકારી અને કોચ દ્વારા તોછડાઈભર્યું વર્તન, ઉચ્ચ અધિકારીઓની તપાસની માંગ

અમદાવાદ, તા.08



અમદાવાદના કાંકરિયા સ્વિમિંગ પૂલમાં કોચ અને સ્વિમિંગ પૂલના અધિકારી દ્વારા સભ્યો સાથે ગેર વર્તણુક કરવામાં આવતી હોવા અંગેની ફરિયાદ મ્યુનિસિપલ કમિશનર અને ઉચ્ચ અધિકારીઓને કરવામાં આવી છે. અધિકારી દ્વારા હું સ્વિમિંગ પૂલના ઝાપાની બહાર ગુંડો છું અને સમય પૂરો થવા આવે ત્યારે બે-પાંચ મિનિટ મોડું થાય તો ગાળાગાળી પણ કરતા હોવા અંગે ફરિયાદ કરવામાં આવી છે. કાંકરિયા સ્વિમિંગ પૂલના સભ્યો દ્વારા આ મામલે ઉચ્ચ અધિકારીઓએ તપાસ કરીને કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

કોચ દ્વારા હેરાનગતિ કરાતી હોવાની ફરિયાદ

મણિનગર વિસ્તારમાં રહેતા અને કાંકરિયા સ્વિમિંગ પૂલમાં 15 વર્ષથી સ્વિમિંગ કરી રહ્યા છે. સ્વિમિંગ પૂલના અધિકારી વત્સલ નાયક અને કાંતિભાઈ નામના કોચ દ્વારા છેલ્લા કેટલાય સમયથી હેરાનગતિ કરવામાં આવી રહી હોવા અંગેની ફરિયાદ તેમણે મ્યુનિસિપલ કમિશનર અને સ્વિમિંગ પૂલના ઉચ્ચ અધિકારીઓને કરી છે. સ્વિમિંગ કરવાના સમયની બાબતને લઈને સભ્યો સાથે તોછડાઈપૂર્વક વર્તન કરવામાં આવે છે. હું સ્વિમિંગ પૂલની બહાર જવુ એટલે ગુંડો છું. તેવું કહી અને બોલાચાલી કરતા હોય છે.

અધિકારી પોતાની હીટલરશાહી ચલાવી રહ્યા છે

કોચ કાંતિભાઈ જે કોઈ મેમ્બરો પૂલમાં હોય તેની સાથે તોછડાઈથી વાત કરે છે. ભૂતપૂર્વક કોચ બીપીનભાઈ જેઓને કોઈ અધિકાર ન હોવા છતાં નાના બાળકોને સ્વિમિંગ શીખવાડે છે. સ્વિમિંગ પૂલના સભ્યો અને અધિકારીઓ વચ્ચે વારંવાર ઘર્ષણ થતા રહે છે. અધિકારી પોતાની હીટલરશાહી ચલાવી રહ્યા છે. આ અંગે જો કોઈપણ કાર્યવાહી કરવામાં નહીં આવે તો સ્વિમિંગ પૂલના સભ્યો તથા અધિકારી તેમજ કોચ સાથે વારંવાર ઘર્ષણ થતું રહેશે.

ઉચ્ચ અધિકારી દ્વારા કાર્યવાહી કરવામાં માંગ

કાંકરિયા સ્વિમિંગ પૂલમાં અધિકારી વત્સલ નાયક અને કોચ કાંતિભાઈની આ પ્રકારની દાદાગીરી હોવાથી આ સમગ્ર બાબતની તપાસ કરવા માટે કોઈ ઉચ્ચ અધિકારીને મોકલવામાં આવ્યા અને કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. સ્વિમિંગ પૂલના ઉચ્ચ અધિકારીઓ દ્વારા કોચ દ્વારા કરવામાં આવતા ખરાબ વર્તનને લઈને તપાસ કરવામાં આવશે તેમ જણાવવામાં આવ્યું છે.

# દારૂના નશામાં AMTSનો ડ્રાઈવર રસ્તો ભૂલી ગયો, રિવરફ્રન્ટમાં બસ ઘુસાડી

## એલિસબ્રિજ નીચે ડિવાઇડરને ટક્કર મારી, પોલીસે પૂછતા કોઈ ભાન જ નહોતું

અમદાવાદ, તા.08



અમદાવાદના AMTS બસના ડ્રાઈવર બેફામ બસ દોડાવીને અકસ્માતની ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. જેમાં દારૂના ચિક્કાર નશામાં AMTS બસના ડ્રાઈવરે AMTS બસ એલિસબ્રિજ પર ચઢાવવાની જગ્યાએ રિવરફ્રન્ટમાં ઘુસાડી દીધી હતી. જ્યાં બ્રિજની નીચે જ ડીવાઈડરને ટક્કર મારી હતી. આસપાસના લોકો ભેગા થતા પોલીસને જાણ કરી હતી જેથી પોલીસે ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી બસ કબ્જે કરી છે.

AMTS બસ બ્રિજની નીચેના ડીવાઈડર સાથે ટકરાઈ

7 જુલાઈએ મોડી રાતે 12 વાગ્યાની આસપાસ સાળંગપુરથી એક AMTS બસ પૂરઝડપે એલિસબ્રિજ તરફ જઈ રહી હતી. બસ બ્રિજ ચઢવાની જગ્યાએ બ્રીજની નીચે રિવરફ્રન્ટના રસ્તે જતી હતી. AMTS બસ બ્રિજની નીચેના ડીવાઈડર સાથે ટકરાઈ હતી. અકસ્માત જોઈને આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા.

પોલીસ ઘટનાસ્થળે પહોંચી, ગુનો નોંધાયો

ડ્રાઈવરની તપાસ કરી તો ડ્રાઈવર દારૂના નશામાં હતો જેથી પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતા બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે ડ્રાઈવર સામે ગુનો નોંધી અટકાયત કરી હતી. ડ્રાઈવર પાસેથી દારૂની ગંધ આવતી હતી જેથી તપાસ કરતા ડ્રાઈવર ચોક્કસ દારૂના નશામાં હોવાનું સામે આવ્યું છે. પોલીસે ડ્રાયવરને રૂટ વિશે પૂછ્યું ત્યારે ડ્રાઈવરને કોઈ ભાન જ નહોતું. આ અકસ્માતના બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન્હોતી.પરંતુ ડ્રાઈવરની બેદરકારીને કારણે મોટી દુર્ઘટના પણ થઈ શકતી હતી.આ ઘટના બાદ AMTS તંત્ર સામે પણ સવાલ ઊભા થઈ રહ્યા છે. ડ્રાઈવરની તપાસ કરી તો ડ્રાઈવર દારૂના નશામાં હતો જેથી પોલીસને જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતા બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે ડ્રાઈવર સામે ગુનો નોંધી અટકાયત કરી હતી. ડ્રાઈવર પાસેથી દારૂની ગંધ આવતી હતી જેથી તપાસ કરતા ડ્રાઈવર ચોક્કસ દારૂના નશામાં હોવાનું સામે આવ્યું છે. પોલીસે ડ્રાયવરને રૂટ વિશે પૂછ્યું ત્યારે ડ્રાઈવરને કોઈ ભાન જ નહોતું. આ અકસ્માતના બનાવમાં સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન્હોતી.પરંતુ ડ્રાઈવરની બેદરકારીને કારણે મોટી દુર્ઘટના પણ થઈ શકતી હતી.આ ઘટના બાદ AMTS તંત્ર સામે પણ સવાલ ઊભા થઈ રહ્યા છે.

### બિન મુસ્લિમ સાથે સીધા નિકાહ નહીં થઈ શકે, આ માટે પહેલા કોર્ટમાં જવું ફરજિયાત

# છત્તીસગઢ વક્ફ બોર્ડનો મોટો નિર્ણય: આંતરધાર્મિક લગ્ન માટે લેવી પડશે બોર્ડની મંજૂરી, મૌલાનાઓ માટે પણ નિયમો કડક

## નવા નિયમો હેઠળ, આંતરધાર્મિક લગ્નોના કિસ્સામાં કાઝીઓ પર સીધા નિકાહ કરાવવા અંગે પ્રતિબંધ

છત્તીસગઢ, તા.08



છત્તીસગઢ વક્ફ બોર્ડે એક નવું ફરમાન જારી કર્યું. હવે ઉર્દૂ ભાષામાં નિકાહનામા પર રોક લગાવી દેવામાં આવ્યો છે અને બિન-મુસ્લિમ સાથે સીધા નિકાહ પણ થઈ શકશે નહીં. આ માટે પહેલા કોર્ટમાં જવું ફરજિયાત રહેશે. બોર્ડના આ નિર્ણય પર રાજ્યમાં કાનૂની અને સામાજિક ચર્ચાનો જોર પકડાયો છે. છત્તીસગઢ રાજ્ય વક્ફ બોર્ડના એક નિર્દેશથી, જેણે રાજ્યમાં એક નવી કાનૂની અને સામાજિક ચર્ચા જગાવી છે. નવા નિર્દેશ અનુસાર, હવે આંતરધાર્મિક (Interfaith) લગ્નોમાં કાઝી સીધા નિકાહ કરાવી શકશે નહીં. જો લગ્નમાં એક પણ પક્ષ બિન-મુસ્લિમ હશે, તો પહેલા કોર્ટમાં જવું પડશે. અદાલતી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ નિકાહને મંજૂરી મળશે. આ સાથે જ હવે નિકાહનામું માત્ર ઉર્દૂ ભાષામાં નહીં હોય. તેને હિન્દી અને અંગ્રેજીમાં પણ લખવું અનિવાર્ય કરી દેવામાં આવ્યું છે. જો કે, આ નિર્ણયનો વિરોધ પણ થઈ રહ્યો છે. વિરોધ કરનારાઓની દલીલ છે કે વક્ફ બોર્ડનું મુખ્ય કામ 'વક્ફ સંપત્તિઓ' જેમ કે મસ્જિદ, કબ્રસ્તાન, દરગાહની જમીનોની દેખરેખ અને તેનું સંચાલન કરવાનું છે. નિકાહ કરાવવા, તેના નિયમો નક્કી કરવા કે તેમાં શરતો ઉમેરવી એ 'મુસ્લિમ પર્સનલ લો' હેઠળ આવે છે. આથી વક્ફ બોર્ડે પોતાના દાયરાની બહાર જવું જોઈએ નહીં. અત્યાર સુધી રાજ્યમાં નિકાહ (લગ્ન) કરાવવા માટે કોઈ કેન્દ્રીય નોંધણી પ્રણાલી ની વ્યવસ્થા નહોતી. અલગ-અલગ મસ્જિદો, મદરેસાઓ અથવા સ્થાનિક સ્તરે મૌલાનાઓ નિકાહ કરાવતા હતા અને તેનો રેકોર્ડ પણ સ્થાનિક સ્તરે જ રહેતો હતો. ઘણા કિસ્સાઓમાં નિકાહનામું સુરક્ષિત રહેતું નહોતું અથવા પાછળથી તેની પુષ્ટિ કરવામાં મુશ્કેલી પડતી હતી. વક્ફ બોર્ડનું કહેવું છે કે આજ દિન સુધી નિકાહ (લગ્ન) નો કોઈ કેન્દ્રીય ડિજિટલ ડેટાબેઝ નહોતો. આના કારણે ઘણી વખત વૈવાહિક સ્થિતિ, છૂટાછેડા, બીજા લગ્ન, ઉત્તરાધિકાર (વારસાહક), ઓળખ અને દસ્તાવેજોને લગતા વિવાદો સામે આવતા હતા. નવી વ્યવસ્થામાં દરેક નિકાહનો ડિજિટલ રેકોર્ડ તૈયાર કરવામાં આવશે અને ડિજિટલ પ્રમાણપત્ર પણ જારી કરવામાં આવશે. આનાથી કોઈપણ સમયે સંબંધિત રેકોર્ડની ચકાસણી (Verification) કરી શકાશે. બોર્ડનું માનવું છે કે આનાથી નકલી દસ્તાવેજો પર પણ મોટાભાગે રોક લગાવી શકાશે. નવી વ્યવસ્થા લાગુ થયા બાદ, દરેક મૌલાનાએ વક્ફ બોર્ડમાં નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. નોંધણી વિના નિકાહ કરાવનાર મૌલાનાઓ સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. આ સાથે જ, દરેક નિકાહનો રેકોર્ડ વક્ફ બોર્ડ પાસે સુરક્ષિત રહેશે. હવે નિકાહનામું હિન્દી, અંગ્રેજી અને ઉર્દૂ એમ ત્રણ ભાષાઓમાં તૈયાર કરવામાં આવશે. જેમાં વર-કન્યાની ઓળખ, આધાર કાર્ડની વિગતો, નિકાહ પઢાવનાર મૌલાનાનું નામ, મોબાઈલ નંબર અને અન્ય જરૂરી માહિતી નોંધવામાં આવશે. ભવિષ્યમાં કોઈ વિવાદની સ્થિતિ ઊભી થાય તો આ જ રેકોર્ડ પુરાવા તરીકે કામ લાગશે. વક્ફ બોર્ડનો આ નિર્ણય સામે આવતાની સાથે જ વિવાદ પણ શરૂ થઈ ગયો છે. મુસ્લિમ સમાજ અને બોર્ડના ભૂતપૂર્વ હોદ્દેદારોએ આની સામે મોરચો ખોલી દીધો છે. છત્તીસગઢ વક્ફ બોર્ડના ભૂતપૂર્વ અધ્યક્ષ સલામ રિઝવીએ આ નિર્ણયનો ખુલ્લેઆમ વિરોધ કર્યો છે.

**નિકાહનામા પર ઉર્દૂ સિવાય હિંદી, અંગ્રેજી હોવુ જરુરી,** આ નિર્ણયની બીજી મોટી અસર નિકાહનામાની ભાષા પર પડશે. અત્યાર સુધી નિકાહનામું સામાન્ય રીતે માત્ર ઉર્દૂ ભાષામાં જ હોતું હતું. વક્ફ બોર્ડે હવે તેને ઉર્દૂની સાથે હિન્દી અને અંગ્રેજીમાં પણ લખવું ફરજિયાત કરી દીધું છે. બોર્ડના અધ્યક્ષના જણાવ્યા અનુસાર, માત્ર ઉર્દૂમાં હોવાને કારણે પરિણીત યુગલોને મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. પાસપોર્ટ, મેરેજ સર્ટિફિકેટ (લગ્ન નોંધણી પ્રમાણપત્ર) કે અન્ય સરકારી દસ્તાવેજો બનાવવામાં અડચણો આવતી હતી. ભાષા બદલાવાથી આ વહીવટી સમસ્યાનો અંત આવશે. જો કે, સમાજના કેટલાક અગ્રણીઓનું કહેવું છે કે ઘણી મસ્જિદોમાં આ વ્યવસ્થા પહેલાથી જ અમલમાં છે.

**કોર્ટની મંજૂરી વિના નિકાહ નહીં,** વક્ફ બોર્ડના અધ્યક્ષ ડો. સલીમ રાજે આ નિર્દેશ જારી કર્યો છે. હવે રાજ્યમાં આંતરધાર્મિક લગ્ન કરનારા યુગલો માટે નિયમો બદલાઈ ગયા છે. બોર્ડનો દાવો છે કે તેમને કાનૂની દસ્તાવેજો વિના નિકાહ કરાવવાની ફરિયાદો મળી રહી હતી. આના કારણે પાછળથી અનેક પ્રકારના કાનૂની વિવાદો ઊભા થતા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઈરાનના 80 ટાર્ગેટ પર અમેરિકી હુમલા : હોર્મુઝમાં જહાજો પર ઈરાની હુમલા બાદ એક્શન; NATO સમિટમાં ટ્રમ્પ બોલ્યા- સીઝફાયર ખતમ

**ઈરાન, તા.08**



અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે NATO સમિટ દરમિયાન કહ્યું કે ઈરાન સાથે થયેલો યુદ્ધવિરામ કરાર (MoU) હવે સમાપ્ત થઈ ગયો છે અને હવે તેઓ ઈરાન સાથે કોઈ ડીલ કરવા માંગતા નથી. ટ્રમ્પે કહ્યું,

અમે ગઈ રાત્રે ઈરાન પર જોરદાર હુમલો કર્યો. ખતરનાક લોકોને ટાર્ગેટ કર્યા. દરેક વખતે તેઓ હુમલો કરશે, અમે જવાબ આપીશું.

તેમણે કહ્યું કે અમેરિકાનો ટાર્ગેટ ઈરાનના પરમાણુ કાર્યક્રમને સમાપ્ત કરવાનો છે. ટ્રમ્પે નાટો પર પણ નારાજગી વ્યક્ત કરી. તેમણે કહ્યું કે ગઠબંધને 'દુનિયાના સૌથી મોટા આતંક સમર્થક દેશ ઈરાન' વિરુદ્ધ અમેરિકાનો સાથ આપ્યો નથી.

આ પહેલા અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)એ જણાવ્યું હતું કે તેણે ઈરાનના 80થી વધુ સૈન્ય ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી છે. અમેરિકાના મતે, આ કાર્યવાહી હોર્મુઝમાં જહાજો પર થયેલા હુમલાઓના જવાબમાં કરવામાં આવી હતી.

અમેરિકાએ ઈરાનના બંદર અબ્બાસમાં શાહિદ હક્કાની પોર્ટ પર એરસ્ટ્રાઈક કરી. હુમલા બાદ સામે આવેલા વીડિયોમાં પોર્ટ પરિસરમાંથી ધુમાડો નીકળતો દેખાઈ રહ્યો છે.

અમેરિકાએ ઈરાનના બંદર અબ્બાસમાં શાહિદ હક્કાની પોર્ટ પર એરસ્ટ્રાઈક કરી. હુમલા બાદ સામે આવેલા વીડિયોમાં પોર્ટ પરિસરમાંથી ધુમાડો નીકળતો દેખાઈ રહ્યો છે.

બંદર અબ્બાસમાં શાહિદ હક્કાની પોર્ટ પરથી ધુમાડાના ગોટેગોટા નીકળતા જોવા મળ્યા.

ઈરાને હોર્મુઝમાં 3 ટેન્કરોને નિશાન બનાવ્યા: ખામેનીના અંતિમ સંસ્કાર વચ્ચે ઈરાને હોર્મુઝમાં 3 ટેન્કરોને નિશાન બનાવ્યા, જેમાં એક ટેન્કર કતરનું હતું. ઈરાને ચેતવણી આપી કે અમારી તરફથી નક્કી કરાયેલા રૂટનો ઉપયોગ ન થવા પર સુરક્ષાની ગેરંટી રહેશે નહીં.

કતરે હોર્મુઝમાં ઈરાની હુમલાઓની નિંદા કરી: કતરે હોર્મુઝમાં તેના જહાજ પરના હુમલાની નિંદા કરતા ઈરાનને કાયદેસર રીતે સંપૂર્ણપણે જવાબદાર ઠેરવ્યું. સાથે જ કહ્યું કે ઈરાની હુમલા આંતરરાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષા માટે ખતરો છે.

ઈરાન બોલ્યું- ધમકીઓ વચ્ચે અમેરિકા સાથે વાતચીત નહીં: ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું કે ધમકીઓના માહોલમાં કોઈ સમજૂતી થશે નહીં. પહેલા અમેરિકાએ તેના જૂના કરારોનું સન્માન કરવું પડશે.

કોમમાં ખામેનીના જનાજામાં લાખોની ભીડ ઉમટી: તેહરાનમાં અંતિમ યાત્રા પછી સતત બીજા દિવસે કોમમાં પણ ખામેનીના જનાજામાં લાખોની ભીડ ઉમટી. ઘણા લોકોએ તાબૂત પર લાલ કપડું પણ ચઢાવ્યું, જે બદલાનું પ્રતીક છે.

કેટલાક જહાજો હોર્મુઝ પાર કરવામાં સફળ રહ્યા

વધતા તણાવ છતાં કેટલાક જહાજો હજુ પણ હોર્મુઝ સ્ટ્રેટ પાર કરવામાં સફળ રહ્યા છે. 'મર્ક્યુરી હોપ' નામનું એક ખૂબ મોટું ઓઈલ ટેન્કર બુધવારે હોર્મુઝ સ્ટ્રેટ પાર કરી ગયું. તેમાં UAEનું 20 લાખ બેરલ ક્રૂડ ઓઈલ હતું,આ ઉપરાંત જાપાનનું 'તેનજુન' અને ઈન્ડોનેશિયાનું 'પર્તામિના પ્રાઈડ' નામના બે મોટા તેલ ટેન્કર પણ મંગળવારે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થયા. બંને જહાજોમાં 20 લાખ બેરલ તેલ ભરેલું હતું. ઈન્ડોનેશિયન ટેન્કરે રસ્તામાં પોતાનો ટ્રેકિંગ સિગ્નલ પણ બંધ કરી દીધો હતો.

હુમલાઓ બાદ હોર્મુઝથી 4 ઓઈલ અને ગેસ ટેન્કર પાછા ફર્યા

હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજો પર ઈરાનના હુમલાઓ બાદ ઓછામાં ઓછા ચાર ઓઈલ અને ગેસ ટેન્કર અધવચ્ચેથી જ પાછા ફર્યા.

રોયટર્સ અનુસાર, 'અલ ઘરિયા', 'દુહૈલ' અને 'અલ રુવૈસ' નામના ત્રણ LNG ટેન્કર હોર્મુઝ સ્ટ્રેટ તરફ આગળ વધી રહ્યા હતા, પરંતુ મંગળવારે મોડી રાત્રે તેમણે પોતાનો રસ્તો બદલી નાખ્યો. આ ત્રણેય ટેન્કર કતાર એનર્જીના નિયંત્રણમાં છે.

જ્યારે, CNN અનુસાર કુવૈતનું 20 લાખ બેરલ ક્રૂડ ઓઈલ લઈને જઈ રહેલું ભારતીય ધ્વજવાળું ટેન્કર 'લીલા વાદિનાર' પણ બુધવારે હોર્મુઝ સ્ટ્રેટ નજીક ઓમાનના કિનારેથી પાછું ફર્યું.

ખામેનીના તાબૂતને લોકોએ હાથમાં ઉઠાવ્યું

ઈરાનના પૂર્વ સુપ્રીમ લીડર અયાતુલ્લાહ અલી ખામેનીના પાર્થિવ શરીરને ઈરાકમાં લોકો હાથો પર ઉઠાવીને લઈ જઈ રહ્યા છે. તેમને નજફમાં ઈમામ અલીની દરગાહ પરિસરમાં આવેલા નમાજ સ્થળ સુધી લઈ જવામાં આવ્યા છે.

# યુરોપિયન દેશોમાં ગરમીથી મૃત્યુ વધવાનું જોખમ: ફ્રાન્સમાં કાર્ડિયાક અરેસ્ટના કેસ ચાર ગણા વધ્યા, ઘણા દેશોમાં ટ્રેન, ન્યુક્લિયર પ્લાન્ટ બંધ

**લંડન, તા.08**



યુરોપ આ સમયે ભીષણ ગરમીની ઝપેટમાં છે. તેની અસર હવે ફક્ત લોકોના સ્વાસ્થ્ય સુધી મર્યાદિત રહી નથી, પરંતુ અર્થતંત્ર અને માળખાકીય સુવિધાઓ પર પણ સ્પષ્ટપણે દેખાવા લાગી છે. પશ્ચિમી યુરોપનું રેલ નેટવર્ક અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ફ્રાન્સમાં ઘણા પરમાણુ રિએક્ટર બંધ કરી દેવામાં આવ્યા છે અથવા તેમની ક્ષમતા ઘટાડી દેવામાં આવી છે, કારણ કે તેઓ નદીઓમાં અત્યંત ગરમ પાણી છોડી રહ્યા છે.

ફ્રાન્સના એક ઓટોમોબાઈલ પ્લાન્ટમાં યુનિયન નેતાઓએ ફેક્ટરી ફ્લોર પર અસહ્ય ગરમીના કારણે હડતાળની જાહેરાત કરી છે.

ફ્રાન્સ અને ઈટાલીમાં વીજળીઘરો બંધ થવાથી સેંકડો વિસ્તારોમાં વીજળી પુરવઠાને અસર થઈ છે. નિષ્ણાતોનું માનવું છે કે જો ગરમીનો આ દોર ચાલુ રહ્યો તો ઘણા યુરોપિયન દેશોની અર્થવ્યવસ્થા પર અસર પડી શકે છે અને મૃત્યુદર પણ વધી શકે છે. શહેરોમાં સ્થિતિ વધુ ગંભીર છે. જાડી દિવાલોવાળી જૂની ઈમારતો દિવસભરની ગરમી શોષીને રાત સુધી ગરમ રહે છે, જેનાથી એપાર્ટમેન્ટ ભઠ્ઠી જેવા બની ગયા છે. ગરમીથી પરેશાન લોકો અડધી રાત પછી પાર્કમાં ફરી રહ્યા છે. ઘણા લોકો રાહત માટે હોટલોમાં પણ રોકાઈ રહ્યા છે.

પેરિસમાં રાજકીય પર્યાવરણના નિષ્ણાત ફ્રાંસ્વા જેમેને કહે છે, 'દરેક વ્યક્તિ એ જ પૂછી રહી છે કે આપણે આ સ્થિતિ માટે તૈયાર કેમ નહોતા.' એક સપ્તાહથી વધુ સમયથી ચાલી રહેલી આ હીટવેવે બ્રિટન, ફ્રાન્સ અને સ્પેનમાં તાપમાનના ઘણા રેકોર્ડ તોડી નાખ્યા છે. દુનિયાના સૌથી ઝડપથી ગરમ થઈ રહેલા ખંડની મોટાભાગની ઈમારતો અને માળખાકીય સુવિધાઓ ઠંડા હવામાનને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવી હતી. જૂના ભવનોમાં ગરમી શોષી લેતી નિર્માણ સામગ્રીનો ઉપયોગ થયો છે. તેમાં બાહ્ય શટર જેવી વ્યવસ્થાઓ પણ ઓછી છે, જેનાથી ગરમી ઈમારતોની અંદર જ રહીને મુશ્કેલીઓ વધારી રહી છે.

ફ્રાન્સના સ્વાસ્થ્ય મંત્રી સ્ટીફેની રિસ્ટ અનુસાર કાર્ડિયાક અરેસ્ટના કેસોમાં ચાર ગણો વધારો થયો છે. પહેલા 5 થી 10 કેસ આવતા હતા, હવે 20 થી 08 આવી રહ્યા છે. 2023ના એક અભ્યાસ મુજબ ગરમીથી મૃત્યુનું જોખમ ફ્રાન્સ, સ્પેન અને ઈટાલીમાં વધુ છે.

જર્મન ઈન્સ્યોરન્સ કંપની એલાયન્ઝના રિપોર્ટમાં ઈટાલી, ફ્રાન્સ, જર્મની અને સ્પેનને ગરમીના કારણે સૌથી વધુ આર્થિક નુકસાન થયું હોવાનું જણાવાયું છે.

ગરમીના કારણે તાપમાન એટલું વધી ગયું કે ફ્રાન્સમાં ચાર પરમાણુ વીજળી ઘરોના રિએક્ટર પણ બંધ કરવા પડ્યા છે.

ગરમી વધવાથી જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ અને બ્રિટનમાં ટ્રેનો રદ કરવી પડી છે. કેટલાક અન્ય દેશોમાં ટ્રેનની ઓનબોર્ડ સિસ્ટમ ગરમી સહન કરી શકતી નથી.

ફ્રાન્સે 52 ઉપાયો સાથે ગયા વર્ષે 388 પાનાની યોજના બહાર પાડી છે. લંડનમાં આ સપ્તાહે ગરમીથી બચાવવાનો પ્લાન રજૂ કરવામાં આવ્યો છે.

# પાકિસ્તાનનું કાર્ગો પ્લેન કરાચી નજીક ગુમ થયું : નેવિગેશન સિસ્ટમમાં ખામી સર્જાઈ, 5 ક્રૂ મેમ્બર સવાર હતા, અરબી સમુદ્રમાં સર્ચ ઓપરેશન ચાલુ

**ઈસ્લામાબાદ, તા.08**



પાકિસ્તાનનું એક કાર્ગો વિમાન મંગળવારે રાત્રે કરાચી પહોંચતા પહેલા ગુમ થઈ ગયું. વિમાન શારજાહથી કરાચી આવી રહ્યું હતું અને તેમાં 5 ક્રૂ મેમ્બર સવાર હતા.

પાકિસ્તાન એરપોર્ટ્સ ઓથોરિટી (PAA) અનુસાર, રાત્રે 9:18 વાગ્યે પાયલટે એર ટ્રાફિક કંટ્રોલને નેવિગેશન સિસ્ટમમાં ખામી હોવાની જાણકારી આપી. કંટ્રોલ રૂમે વિમાનને માર્ગદર્શન આપવાનો પ્રયાસ કર્યો, પરંતુ લગભગ ત્રણ મિનિટ પછી તેનો સંપર્ક તૂટી ગયો. છેલ્લીવાર વિમાન કરાચીથી 155 નોટિકલ માઈલ (287 કિમી) પશ્ચિમમાં ટ્રેક કરવામાં આવ્યું હતું.

વિમાન ગુમ થયા બાદ અરબી સમુદ્રમાં મોટા પાયે સર્ચ એન્ડ રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. પાકિસ્તાન નેવી, એરફોર્સ અને અન્ય એજન્સીઓ શોધ અભિયાનમાં લાગી છે. અધિકારીઓએ હજુ સુધી વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાની કે કોઈ જાનહાનિની સત્તાવાર પુષ્ટિ કરી નથી. PAA એ જણાવ્યું છે કે વિમાન ગુમ થવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. વિમાન અને તેમાં સવાર 5 ક્રૂ મેમ્બરોની સ્થિતિ અંગે પણ કોઈ સત્તાવાર માહિતી આપવામાં આવી નથી.

ફ્લાઈટ રડાર 24 ના પ્રારંભિક ડેટા અનુસાર, છેલ્લી ઘડીએ વિમાને પહેલા ઊંચાઈ ગુમાવી, પછી થોડું ઉપર ગયું અને ત્યારબાદ અચાનક ઝડપથી નીચે આવ્યું. પ્રારંભિક અનુમાન છે કે વિમાન અરબી સમુદ્રમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હોઈ શકે છે, જોકે તેની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી . ફ્લાઈટ રડાર 24 ના પ્રારંભિક ડેટા અનુસાર, છેલ્લી ઘડીએ વિમાને પહેલા ઊંચાઈ ગુમાવી, પછી થોડું ઉપર ગયું અને ત્યારબાદ અચાનક ઝડપથી નીચે આવ્યું. પ્રારંભિક અનુમાન છે કે વિમાન અરબી સમુદ્રમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હોઈ શકે છે, જોકે તેની સત્તાવાર પુષ્ટિ હજુ થઈ નથી. સ્થાનિક મીડિયા અનુસાર, વિમાન બલુચિસ્તાનના ઓરમરા તટ નજીક ગુમ થયું. જ્યારે, K2 Airways એ જણાવ્યું છે કે તે પાકિસ્તાન સિવિલ એવિએશન ઓથોરિટી અને અન્ય સરકારી એજન્સીઓ સાથે તપાસ અને સર્ચ ઓપરેશનમાં સંપૂર્ણ સહયોગ કરી રહી છે.

# વિયેતનામમાં ભારતીય પરિવારે હોબાળો મચાવ્યો: રેસ્ટોરાંમાં તોડફોડ કરી, બાળકો અને માતા-પિતાએ પ્રોપર્ટીને નુકસાન પહોંચાડ્યું, સ્ટાફ સાથે ઝઘડો કર્યો

**વિયેતનામ, તા.08**

વિયેતનામમાં એક ભારતીય પરિવાર પર આરોપ લાગ્યો છે કે તેમણે એક રેસ્ટોરાંમાં ભારે હોબાળો મચાવ્યો છે. આ આખી ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેને ખુદ રેસ્ટોરાંના માલિકે જાહેર કર્યા છે. આ રેસ્ટોરાં વિયેતનામના હો ચી મિન્હ સિટીના ટૂરિસ્ટ હબમાં આવેલું છે અને તે જાણીતું ઈન્ડિયન રેસ્ટોરાં 'બોમ્બે બાઈટ્સ' છે. તેના મેનેજમેન્ટે આરોપ લગાવ્યો છે કે અહીં ફરવા આવેલા એક ભારતીય પરિવારે રેસ્ટોરાંની પ્રોપર્ટીને નુકસાન પહોંચાડ્યું અને અહીં કામ કરતા કર્મચારીઓને ધમકી પણ આપી. રેસ્ટોરાંનો આરોપ છે કે આ ઝઘડો ત્યારે શરૂ થયો જ્યારે સ્ટાફે માતા-પિતાને કહ્યું કે તેઓ પોતાના બાળકોને ડાઈનિંગ એરિયામાં વસ્તુઓ ફેંકતા રોકે.

રેસ્ટોરાંના માલિક ઐશ્વર્યા ખન્ના સિંહે પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પર આ CCTV ફૂટેજ જાહેર કર્યા છે. તેમાં દેખાઈ રહ્યું છે કે બે કપલ પોતાના બાળકો સાથે રેસ્ટોરાંમાં છે. તેમાંથી એક પુરુષ કર્મચારીઓ સાથે ખૂબ જ ગુસ્સામાં દલીલ કરી રહ્યો છે, સામાન ઉપાડીને ફેંકી રહ્યો છે. તેની સાથે બે બાળકો પણ બરાબર આવું જ કરી રહ્યા છે. આ રેસ્ટોરાંના એક શેફે આ જ પોસ્ટની કમેન્ટમાં દાવો કર્યો છે કે આરોપીઓ ખૂબ જ નશામાં હોય તેવું લાગતું હતું. તેમના બાળકો રેસ્ટોરાંમાં ચમચી, ટિશ્યુ, ટેબલ ક્લોથ અને મેનૂ કાર્ડ પણ અહીં-તહીં ફેંકી રહ્યા હતા. સ્ટાફ તરફથી કથિત રીતે માતા-પિતાને કહેવામાં આવ્યું કે તેઓ બાળકોનું ધ્યાન રાખે અને તેમને આવું કરતા રોકે. પરંતુ વાત સમજવાના બદલે, તેઓ ગેરવર્તણૂક કરવા લાગ્યા અને ધમકી પણ આપી કે તેઓ આખી રેસ્ટોરાં ખરીદીને તેને બરબાદ કરાવી શકે છે.



રેસ્ટોરાંના માલિકે આ ઈન્સ્ટાગ્રામ પોસ્ટની સાથે કેપ્શનમાં પોતાનો પક્ષ રજૂ કર્યો છે. તેમણે લખ્યું, 'સિવિક સેન્સને એ વાત સાથે કોઈ લેવાદેવા નથી કે તમે ક્યાંથી આવ્યા છો, તમારા કેટલા ફોલોઅર્સ છે અથવા તમે પોતાને શું સમજો છો. આ એ બાબત વિશે છે કે તમે કોઈ સાર્વજનિક જગ્યા પર કેવું વર્તન કરો છો. આજે અમારી રેસ્ટોરાં 'બોમ્બે બાઈટ્સ HCM'માં એક એવી પરિસ્થિતિ ઊભી થઈ જેનો સામનો કોઈ પણ રેસ્ટોરાં ન કરે. એક પરિવારને નમ્રતાપૂર્વક કહેવામાં આવ્યું કે તેઓ પોતાના બાળકને ડાઈનિંગ એરિયામાં ટિશ્યુ પેપર ફેંકતા રોકે. સહકાર આપવાના બદલે, મામલો ઘણો બગડી ગયો. પ્રોપર્ટીને નુકસાન પહોંચાડ્યું, સ્ટાફનું અપમાન કર્યું અને 'ઈન્ફ્લુએન્સર' હોવાનો દાવો કરીને જવાબદારીમાંથી હાથ અધ્ધર કરી લીધા.'

તેમણે આગળ લખ્યું, "અમે બિલકુલ સ્પષ્ટ કહેવા માગીએ છીએ કે રેસ્ટોરાં કોઈ રમતનું મેદાન નથી. અમારો સ્ટાફ કોઈનો ગુસ્સો સહન કરવા કે હક જતાવવા માટે નથી. કોઈનું ઈન્ફ્લુએન્સર હોવું એ કોઈને પણ પાયાના શિષ્ટાચારથી ઉપર નથી બનાવી દેતું. સિવિક સેન્સનો અર્થ છે બાળકોને જવાબદારી શીખવવી, જાહેર સંપત્તિનું સન્માન કરવું અને એ સમજવું કે નિયમો એટલા માટે હોય છે જેથી દરેક વ્યક્તિ તે જગ્યાનો સુરક્ષિત અને આરામથી આનંદ માણી શકે. જ્યારે આ મૂલ્યોની અવગણના કરવામાં આવે છે, ત્યારે તેની અસર કર્મચારીઓ, અન્ય મહેમાનો અને આખા બિઝનેસ પર પડે છે. અમે તમામ બેકગ્રાઉન્ડ અને સંસ્કૃતિના મહેમાનોનું સ્વાગત કરીએ છીએ પરંતુ સન્માન જરૂરી છે. નુકસાન, ગેરવ્યવસ્થા અને ડરાવવા-ધમકાવવાને ક્યારેય સહન કરવામાં નહીં આવે. મહેમાનગતિ અમારું કામ છે, પાયાનો શિષ્ટાચાર દરેકની જવાબદારી છે. પછી તેઓ ગૂગલ રિવ્યુ પર જઈને કહે છે કે અમે ખરાબ સર્વિસ આપી કારણ કે તેઓ ભારતીય હતા."

# શરદ પવાર કોને પસંદ કરશે, રાહુલ કે મોદી?

## શરદ પવારને મનપસંદ કેન્દ્રીય મંત્રીપદ મળે તો NDA સાથે જોડાઈ શકે છે. બીજી તરફ, લોકસભાના સ્પીકર ઓમ બિરલાના કહેવા મુજબ, જસ્ટિસ યશવંત વર્મા વિરુદ્ધ ભ્રષ્ટાચારના આક્ષેપોની તપાસનો રિપોર્ટ 20 જુલાઈથી શરૂ થતા ચોમાસુ સત્રમાં રજૂ થશે



નવીદિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંત્રીમંડળમાં ફેરબદલ કરવાની તૈયારીમાં છે. સંસદનું ચોમાસુ સત્ર ૨૦મી જુલાઈથી ૧૩મી ઓગસ્ટ સુધી ચાલશે. જોકે એ પહેલા જ મંત્રીમંડળમાં ફેરફાર થઈ જશે. મંત્રીમંડળમાં ફેરફાર થતા પહેલા મહારાષ્ટ્રના રાજકારણમાં એવી ચર્ચા છે કે, શરદ પવારને જો મનપસંદ કેન્દ્રીય મંત્રીપદ મળે તો તેઓ એનડીએ સાથે જોડાઈ શકે એમ છે. હમણા આ મંત્રાલય શિવરાજસિંહ ચૌહાણ પાસે છે. શરદ પવારે પોતાની ઈચ્છા ભાજપ હાઈકમાન્ડને જણાવી પણ દીધી છે. બીજી તરફ એનસીપી (શરદ પવાર)નો વિલય કોંગ્રેસમાં થઈ જાય એવી પણ વાત છે. પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની તૃણમુલ કોંગ્રેસ અને મહારાષ્ટ્રમાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ની હાલત જોઈને શરદ પવાર ચિંતીત છે. પોતાનો પક્ષ સલામત રહે એ માટે શરદ પવારની ઈચ્છા પુત્રી સુપ્રિયા સુલેને માટે યોગ્ય ડીલ કરવાની છે. બીજી તરફ રાહુલ ગાંધી શરદ પવારને ખાસ કઈ આપી શકે એમ નથી.

'તોપનું લાયસન્સ માગો તો કટ્ટાનું મળે'

ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતિન નવીન આજકાલ ઉત્તર પ્રદેશના પ્રવાસે છે. નિતિન નવીન ઉત્તર પ્રદેશમાં એનડીએના સાથી પક્ષોને મળ્યા હતા. એક અગત્યની બેઠકમાં એમણે આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી બાબત ચર્ચાકરી હતી. બેઠકમાં સામેલ થવા પહોંચેલા સુભાસપા (સુલેહદેવ ભારતીય સમાજ પાર્ટી)ના પ્રમુખ ઓપી રાજભરે બેઠકમાં કહ્યું હતું કે, 'આપણી મીટીંગનો હેતુ આવતી ૨૦૨૭ વિધાનસભાની ચૂંટણીમાં ૨૦૧૭ કરતા વધુ સારા પરિણામ કઈ રીતે લાવવા એનું આયોજન કરવાનો છે. ડો. સંજય નિષાદ હોય, આશિષ પટેલ હોય, જયંત ચૌધરી હોય કે ખુદ ભારતીય સમાજ પાર્ટી. બધા લોકો પૂરી તાકાતથી ભાજપ સાથે મળીને કામ કરશે.' જોકે બધા ફરીથી મુદ્દાની વાત પર આવી ગયા હતા કે, ચૂંટણીમાં એનડીએ ગઠબંધનમાં ભાજપ સિવાયના પક્ષોને કેટલી બેઠકો મળશે. એક નેતાએ એવી ટીપ્પણી કરી હતી કે, 'તોપનું લાયસન્સ માંગશું તો કટ્ટાનું લાયસન્સ મળશે.'

જસ્ટીસ વર્મા વિરુદ્ધનો રીપોર્ટ ચોમાસા સત્રમાં રજુ થશે

લોકસભાના સ્પિકર ઓમ બીરલાના કહેવા પ્રમાણે જસ્ટીસ યશવંત વર્માના વિરુદ્ધના ભ્રષ્ટાચારના આક્ષેપોની તપાસ કરનાર ત્રણ કમીટીનો રીપોર્ટ ૨૦મી જુલાઈથી શરુ થનારા ચોમાસા સત્ર દરમિયાન લોકસભામાં મૂકવામાં આવશે. જસ્ટીસ યશવંત વર્મા જ્યારે દિલ્હી હાઈકોર્ટના જજ હતા ત્યારે એમના ઘરેથી કરોડો રૂપિયાની રોકડ નકદ બળેલી મળી હતી. એમની પાસે આટલી મોટી સંખ્યામાં રોકડ રકમ કઈ રીતે આવી એવો સવાલ બધાને થયો હતો. કોઈ સામાન્ય નાગરીક હોત તો અત્યાર સુધીમાં ઈડીથી માંડીને બીજી એજન્સીઓ પણ તપાસમાં લાગી ગઈ હોત અને એ વ્યક્તિની ધરપકડ પણ થઈ ગઈ હોત. જસ્ટીસ યશવંત વર્માએ રાજીનામું તો આપી દીધું છે છતાં સંસદમાં એમને હટાવવાનો પ્રસ્તાવ લાવવામાં આવી શકે છે. સુપ્રિમ કોર્ટના જસ્ટીસ અરવિંદ કુમારની અધ્યક્ષતામાં કમીટી બનાવવામાં આવી હતી. આ રીપોર્ટ ગૃહમાં રજુ થયા પછી આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે.

'પીઓકે ની આઝાદી'નો નારો લંડનમાં ગૂંજ્યો

યુકેમાં રહેતા હજારો કાશ્મીરીઓએ પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ-કાશ્મીર (પીઓકે)માં થઈ રહેલા માનવ અધિકાર ભંગ અને રાજકીય કાર્યકર્તાઓની ધરપકડ વિરુદ્ધ એક જોરદાર મોરચો કાઢયો હતો. હજારો લોકોએ 'લંડન કાશ્મીર મીલિયન માર્ચ'માં ભાગ લીધો હતો. લંડનના પાર્લામેન્ટ સ્કવેર ખાતે આવેલા પાકિસ્તાની હાઈકમીશન સુધી આ મોરચો પહોંચ્યો હતો. મોરચામાં દેખાવકારોએ પીઓકેની આઝાદીના સમર્થનમાં સૂત્રો પોકાર્યા હતા. 'જોઈન્ટ આવામી એક્શન કમીટી'ના પ્રમુખ શૌકત નવાઝ મીર અને બીજા રાજકીય નેતાઓની ધરપકડની ટીકા કરી હતી. કેટલાક એવા સૂત્રો પોકારતા હતા કે 'અમે પાકિસ્તાન સામે ઘૂટણ નહીં ટેકવીએ.' છેલ્લા ઘણા સમયથી પીઓકેમાં પાકિસ્તાનની સરકાર વિરુદ્ધ દેખાવો થઈ રહ્યા છે અને પાકિસ્તાનના લશ્કર અને પોલીસે ચળવળકર્તાઓ પર વારંવાર ગોળીબાર અને લાઠીચાર્જ કર્યા છે. આ વિરોધ હવે લંડન સુધી પહોંચ્યો છે.

લોરેન્સ બિશ્નોઈ ગેંગની કમર કયા આઈપીએસ અધિકારીએ તોડી

રાજસ્થાન કેડરના ઈન્ડિયન પોલીસ સર્વિસ ૨૦૨૩ બેંચના અધિકારી અભિજીત પાટીલ આજકાલ ચર્ચામાં છે. એમણે રાજસ્થાનના ચુરુ જિલ્લામાં ગેંગસ્ટરોની કમર તોડી નાખી છે. આ વિસ્તારમાં લોરેન્સ બિશ્નોઈ ગેંગનો દબદબો હતો. ખંડણી અને હત્યા જેવા ગંભીર ગુના લોરેન્સ બિશ્નોઈની ગેંગના સભ્યોએ કર્યા હતા. આ ગેંગનો સફાયો કરવાનું બીડુ અભિજીત પાટીલએ લીધું હતું. એમણે હરિયાણા બોર્ડર પર ગેંગસ્ટરોના નેટવર્કનો સફાયો કરી નાંખ્યો છે. થોડા ઘણા બચેલા ગેંગસ્ટર્સ જેલ ભેગા થઈ ગયા છે. અભિજીત પાટીલનું ચુરુમા પોસ્ટીંગ પ્રથમ વખત જ હતું. ગેંગનો સફાયો કરવા માટે એમણે ટાસ્કફોર્સની રચના કરી હતી. મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ગરીબ કુટુંબમાંથી આવેલા અભિજીત પાટીલે ૨૨ વર્ષની ઉંમરે જ કોઈપણ કોચિંગ વગર યુપીએસસીની પરીક્ષા બ્રેક કરી હતી.

આતંકવાદી રીયાઝ ભટકલની હત્યા બબલુએ કરાવી હતી

વર્ષ ૨૦૦૩થી ૨૦૦૮ સુધી દેશભરમાં ઈન્ડિયન મુઝાહીદ્દીનએ એક ડઝનથી વધુ બોમ્બ બ્લાસ્ટ કરાવ્યા હતા. બ્લાસ્ટ માટે કેટલાક આરોપીઓની ધરપકડ થઈ હતી, જોકે બ્લાસ્ટ કરાવનાર ગેંગના વડા જિસ રીયાઝ અને ઈકબાલ ભટકલએ પોતાના સંગઠનને ઈન્ડિયન મુઝાહીદ્દીનનું નામ આપ્યું હતું. આ બંને નેપાળના રસ્તે પાકિસ્તાન ભાગી ગયા હતા. ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી રાજેશ પાંડેયના પુસ્તક 'અંતહીન'માં ડોન બબલુ શ્રીવાસ્તવને ટાંકીને દાવો કરવામાં આવ્યો છે કે રીયાઝ ભટકલની હત્યા પાકિસ્તાનમાં થઈ ચૂકી છે. પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે બબલુ એવો દાવો કરે છે કે, એણે પોતાના માણસો મારફતે આ હત્યા કરાવી હતી. રાજેશ પાંડેય જ્યારે બરેલીના આઈજી હતા ત્યારે બબલુ, બરેલીની જેલમાં કેદ હતો એ વખતે રાજેશ પાંડેયએ બબલુની પુછપરછ કરી હતી.

બે દિવસમાં જ ઓટીટી પ્લેટફોર્મ પરથી 'સતલુજ' હટાવવી પડી

માનવ અધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલડાના જીવન પરથી બનેલી દિલજીત દોસાંઝની ફિલ્મ 'સતલુજ' ઓટીટી પ્લેટફોર્મ પર ૩જી જુલાઈએ રીલીઝ થઈ હતી અને ૫મી જુલાઈએ એને હટાવી દેવામાં આવી હતી. ઓટીટી પ્લેટફોર્મના અધિકારીએ સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે, 'સતલુજ' ભલે અટકી ગઈ હોય, પરંતુ એણે જે ચર્ચા જન્માવી છે એ હજી સુધી ચાલુ છે. તમારા પ્યાર માટે ધન્યવાદ. અમને આશા છે કે અમે ફરીથી તમારી વચ્ચે આવીશું.' ફિલ્મનું મૂળ નામ 'પંજાબ ૯૫' હતું. પંજાબમાં જ્યારે આતંકવાદ ચરમસીમાએ હતો ત્યારે પોલીસ અધિકારી કેપીએસ ગીલએ કળ અને બળથી આતંકવાદ નાબુદ કર્યો હતો. એ વખતે એવા આક્ષેપ થયા હતા કે પંજાબના કેટલાક યુવાનોને પોલીસે ગુમ કરી દીધા છે અથવા તો એમની હત્યા કર્યા પછી એમના શબનો નિકાલ કરી દેવામાં આવ્યો છે. એ વખતે માનવ અધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલડાએ ઘણી મહેનત કરીને સત્ય બહાર લાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ ફિલ્મ એમના જીવન પરથી બની છે. માનવ અધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલડાના જીવન પરથી બનેલી દિલજીત દોસાંઝની ફિલ્મ 'સતલુજ' ઓટીટી પ્લેટફોર્મ પર ૩જી જુલાઈએ રીલીઝ થઈ હતી અને ૫મી જુલાઈએ એને હટાવી દેવામાં આવી હતી. ઓટીટી પ્લેટફોર્મના અધિકારીએ સોશ્યલ મીડિયા પર લખ્યું હતું કે, 'સતલુજ' ભલે અટકી ગઈ હોય, પરંતુ એણે જે ચર્ચા જન્માવી છે એ હજી સુધી ચાલુ છે. તમારા પ્યાર માટે ધન્યવાદ. અમને આશા છે કે અમે ફરીથી તમારી વચ્ચે આવીશું.' ફિલ્મનું મૂળ નામ 'પંજાબ ૯૫' હતું. પંજાબમાં જ્યારે આતંકવાદ ચરમસીમાએ હતો ત્યારે પોલીસ અધિકારી કેપીએસ ગીલએ કળ અને બળથી આતંકવાદ નાબુદ કર્યો હતો. એ વખતે એવા આક્ષેપ થયા હતા કે પંજાબના કેટલાક યુવાનોને પોલીસે ગુમ કરી દીધા છે અથવા તો એમની હત્યા કર્યા પછી એમના શબનો નિકાલ કરી દેવામાં આવ્યો છે. એ વખતે માનવ અધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલડાએ ઘણી મહેનત કરીને સત્ય બહાર લાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ ફિલ્મ એમના જીવન પરથી બની છે.

## તંત્રી લેખ

### મોદી કેબિનેટમાં ફેરબદલનું કાઉન્ટડાઉન શરૂ : પાંચ મંત્રી બદલાય એવી શક્યતા, યુવા મંત્રીમંડળ બનાવવાની તૈયારી

મોદી કેબિનેટમાં ફેરબદલની તૈયારી લગભગ પૂરી થઈ ગઈ છે. 20 જુલાઈથી ચોમાસુ સત્ર શરૂ થઈ રહ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, તે પહેલાં ગમે ત્યારે ફેરબદલની જાહેરાત થઈ શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નિર્મલા સીતારમણ, હરદીપ સિંહ પુરી, પંકજ ચૌધરી અને હર્ષ મલ્હોત્રા પાસેથી મંત્રી પદ પાછું ખેંચી શકાય છે. મંત્રાલયમાં હાજર અમારા સૂત્રોએ ફેરફારનો આધાર અને તેના કારણો પણ જણાવ્યા. પ્રથમ: કેબિનેટમાં હવે વધુ યુવા હશે. સરેરાશ ઉંમર BJP અધ્યક્ષની ઉંમરની આસપાસ એટલે કે 46 વર્ષ હશે. 2-4 વર્ષ ઓછી-વધુ હોઈ શકે છે, પરંતુ 65 વર્ષથી વધુ ઉંમરના લોકોને બહાર જવું જ પડશે. અપવાદો જ બચશે. જોકે, આ નિયમ PM પદ માટે લાગુ પડશે નહીં. છેલ્લા બે ફેરબદલમાં કેબિનેટના જે ચહેરા બદલાયા નથી, તે આ વખતે ચોક્કસ બદલાશે.' બીજું: જે પક્ષોમાંથી લોકો તૂટીને BJPમાં આવ્યા છે, તેમને પણ કેબિનેટમાં સ્થાન આપવાનું છે. આમાં પંજાબમાંથી તૂટીને આવેલા આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, શિવસેના (ઉદ્ધવ જૂથ)માંથી તૂટીને આવેલા સાંસદો અને પશ્ચિમ બંગાળની તૃણમૂલ કોંગ્રેસના સાંસદો પણ NDAના સમર્થનમાં છે. તેમને પણ કેબિનેટમાં સામેલ કરવાની તૈયારી છે.

1. હરદીપ સિંહ પુરી, પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી

હરદીપ સિંહ પુરીને શું કોઈ નવું પદ મળશે? આ અંગે સૂત્રો કહે છે, 'હજુ કોઈ ચર્ચા થઈ નથી. વિદાય લગભગ નિશ્ચિત છે.' કારણ શું છે? તેઓ કહે છે, 'વધુ ઉંમર, તેમજ નવા લોકોને લાવવા માટે ખાલી પદ જોઈએ. એપસ્ટીન ફાઈલના ખુલાસા સમયે પણ તેમના નામની ચર્ચા થઈ હતી, પરંતુ કોઈ નક્કર પુરાવા મળ્યા ન હતા.' શું એપસ્ટીન ફાઈલ પણ એક કારણ છે? જવાબ મળ્યો, 'ના, આરોપોના આધારે છેલ્લા પાંચ ફેરબદલમાં કોઈ બહાર ક્યાં ગયું. તેમના બહાર જવાનું સૌથી મોટું કારણ ઉંમર જ હશે. હાલ તેઓ 74 વર્ષના છે. મોદી 3.0 કેબિનેટમાં યુવા લોકોની જરૂર છે.'

2. નિર્મલા સીતારમણ, કેન્દ્રીય નાણા મંત્રી

સૂત્રો અનુસાર, નિર્મલા સીતારમણનું બહાર જવું પણ લગભગ નિશ્ચિત છે. તેમને દક્ષિણના પ્રભારી તરીકે જોવામાં આવી રહ્યા છે. 2029 પહેલા અર્થતંત્રમાં કેટલાક નવા નિર્ણયો લેવાશે, જે નવા ચહેરા સાથે વધુ નવીનતા આપશે. સીતારમણથી કોઈ નારાજગી નથી. તેઓ મોદી અને શાહની કોર ટીમમાં છે. તેમની જગ્યાએ શક્તિકાંત દાસ આવી શકે છે, કારણ કે PM મોદી તેમને ખૂબ પસંદ કરે છે. હાલમાં તેઓ PMના પ્રધાન સચિવ પણ છે. એક બીજું નામ છે, જે નાણામંત્રી તરીકે PMની યાદીમાં છે, તે પીયૂષ ગોયલનું છે. હાલમાં તેઓ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી છે.

3. ધર્મેન્દ્ર પ્રધાન, કેન્દ્રીય શિક્ષણ મંત્રી

NEET પેપર લીક થયા બાદ ચર્ચા છે કે ધર્મેન્દ્ર પ્રધાન પાસેથી શિક્ષણ મંત્રાલય લઈ લેવામાં આવશે? આ અંગે સૂત્રો જણાવે છે કે, 'તેની શક્યતા ઓછી છે. તેમને ત્યારે જ હટાવવામાં આવશે જ્યારે તેમને ઓડિશામાં CM પદ આપવામાં આવે. ઓડિશામાં CM મોહન માંઝીનો કાર્યકાળ સતત વિવાદોમાં રહ્યો છે, તેથી ત્યાં પણ ફેરબદલની શક્યતાઓ છે. હાલ ધર્મેન્દ્ર પ્રધાન પાસેથી શિક્ષણ મંત્રાલય લઈને તેમને કોઈ અન્ય મંત્રાલય આપી શકાય છે. તેમને બહારનો રસ્તો બતાવવામાં આવે તેવી શક્યતા ઓછી છે.'

4. પંકજ ચૌધરી, કેન્દ્રીય રાજ્ય મંત્રી

પંકજ ચૌધરી કેન્દ્રીય નાણા રાજ્ય મંત્રી અને યુપી BJP ના પ્રદેશ અધ્યક્ષ છે. BJP માં બે પદની નીતિ નથી. નવા લોકોને પદ આપવા માટે જગ્યા પણ જોઈએ. આવી સ્થિતિમાં પંકજ પ્રદેશ અધ્યક્ષ બની રહેશે, પરંતુ મંત્રી પદ છોડવું પડશે.

5. હર્ષ મલ્હોત્રા, કેન્દ્રીય રાજ્ય મંત્રી

દિલ્હીમાં આ જ હર્ષ મલ્હોત્રા સાથે થશે. તેઓ હાલ દિલ્હી BJPના અધ્યક્ષ છે. સાથે જ કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય અને કોર્પોરેટ કાર્ય મંત્રાલયમાં રાજ્ય મંત્રી પણ છે. તેમનું પણ મંત્રી પદ જવાનું નક્કી છે. દિલ્હીના CM રેખા ગુપ્તાના કામ અને તેમની છબી પર કેન્દ્રની સખત નજર છે.

**ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ રાજ્યસભાની 3 બેઠકો માટે 24 જુલાઈએ પેટાચૂંટણી જાહેર કરી છે. TMCના 3 સાંસદોના રાજીનામાથી આ બેઠકો ખાલી પડી હતી. ભાજપની મજબૂત સ્થિતિને કારણે રાજ્યસભામાં ભાજપના સાંસદો વધવાની શક્યતા છે, જે NDAને બે તૃતીયાંશ બહુમતીની નજીક લાવશે. ઉમેદવારી પત્રક ભરવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.**

# એનડીએ બે તૃતીયાંશ બહુમતીની વધુ નજીક

## વિરોધપક્ષો ભેગા થવા માંગે છે ત્યારે થલપતિ વિજયનું રાજકારણ અલગ છે



નવીદિલ્હી : ચૂંટણી કમિશને જાહેર કર્યું છે કે, પશ્ચિમ બંગાળ રાજ્યસભાની ત્રણ બેઠકો પર ૨૪ જુલાઈએ પેટા ચૂંટણી કરાશે. ગયા મહિને તૃણમુલ કોંગ્રેસ (ટીએમસી)ના ત્રણ રાજ્યસભા સાંસદોએ રાજીનામા આપ્યા બાદ આ બેઠકો ખાલી થઈ હતી. આ પેટા ચૂંટણી પછી રાજ્યસભામાં ભાજપની બેઠકો વધશે અને એનડીએ બે તૃતીયાંશ બહુમતીની નજીક પહોંચશે. સુખેદુ શેખર રોય, સુસ્મિતા દેવ અને પ્રકાશ ચિકના રાજીનામા પછી આ બેઠકો ખાલી થઈ છે. ચૂંટણી કમિશને રાજ્યસભા પેટા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આજથી ઉમેદવારી પત્રક ભરવાની પ્રક્રિયા શરૂ થશે અને ૧૪ જુલાઈ સુધી ઉમેદવારો ઉમેદવારી પત્રક ભરી શકશે. રાજ્યસભાની ચૂંટણીના રાજ્યના ધારાસભ્યો મતદાન કરે છે. સ્વાભાવીક છે કે પશ્ચિમ બંગાળ વિધાનસભામાં ભાજપની સ્થિતિ મજબૂત હોવાથી ભાજપના સાંસદો વધવાની શક્યતા વધુ છે.

**પંજાબ કોંગ્રેસમાં ૨૦૨૧નું રીરન**

પંજાબ કોંગ્રેસ ફરીથી ૨૦૨૧ સમયમાંથી પસાર થઈ રહી છે. ૨૦૨૧માં આંતરિક કલહને લીધે પક્ષ સંકટમાં મૂકાઈ ગયો હતો. એ વખતે તત્કાલીન મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ અને નવજોત સિંહ સિદ્ધુ વચ્ચે લાંબા સમયથી ચાલતી ખેંચતાણએ કોંગ્રેસ સરકારને નબળી કરી દીધી હતી. હવે ૨૦૨૬માં પણ હાલત એવી જ છે. ફરક એટલો છે કે આ વખતે રાજકીય વર્ચસ્વની લડાઈ ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચરણજીત સિંહ ચન્ની અને પંજાબ કોંગ્રેસ પ્રમુખ અરવિંદર સિંહ રાજા વડીંગ વચ્ચે છે. રાજકીય નીરિક્ષકો માને છે કે કોંગ્રેસ પોતાની ભૂલોમાંથી શીખતી નથી. પંજાબ કોંગ્રેસના સંગઠનમાં હમણા ફેરફાર કરવામાં આવ્યો હતો. આ ફેરફારને કારણે કેટલાક નેતાઓ નારાજ થઈ ગયા હતા. ચરણજીત સિંહ ચન્નીના ટેકેદારો સંગઠનમાં થયેલા ફેરફાર અને નેતાગીરી બાબતે જાહેરમાં નિવેદનો આપે છે.

**કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવના અંગત સચીવની છુટ્ટી**

કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવ કેન્દ્રિય મંત્રી અમિત શાહના ખાસ માણસ છે. અમિત શાહના ખાસ મીશનો પુરા કરવામાં ભૂપેન્દ્ર યાદવ એમની સાથે જ રહે છે. દિલ્હીમાં એવી ચર્ચા થાય છે કે, જો અમિત શાહ સુધી તમારી પહોંચ નહીં હોય તો, ભૂપેન્દ્ર યાદવને પકડી લો, તમારૂ કામ થઈ જશે. સ્વાભાવીક છે કે, ભૂપેન્દ્ર યાદવના અંગત સચિવ પણ ખૂબ શક્તિશાળી હોય. ભૂપેન્દ્ર યાદવે એમના અંગત સચિવ અમર સિંહને એકાએક એમના હોદ્દા પરથી દુર કર્યા છે. ભૂપેન્દ્ર યાદવને કારણે અમર સિંહનો પાવર પણ ઘણો હતો. એમની સાથે આયુષ શરણ અને શૈલેષકુમાર સિંહની પણ હકાલપટ્ટી કરવામાં આવી છે. અમર સિંહને એમના મૂળ કેડર મહેસૂલ વિભાગમાં ખસેડવામાં આવ્યા છે. અમર સિંહ આઈઆરએસ અધિકારી છે અને ૨૦૧૦ના બેચના છે. એમને શા માટે હટાવવામાં આવ્યા એના કારણની કોઈને ખબર નથી, પરંતુ એવું અનુમાન લગાડવામાં આવે છે કે, કોઈક કારણસર એમને ભૂપેન્દ્ર યાદવને નારાજ કર્યા હશે.

**વિરોધપક્ષો ભેગા થવા માંગે છે ત્યારે થલપતિ વિજયનું રાજકારણ અલગ છે**

થલપતિ વિજય જ્યારે તામિલનાડુના મુખ્યમંત્રી બન્યા ત્યારે કેટલાક એમને રાજકારણના કાચા ખેલાડી સમજતા હતા. ધીરે ધીરે વિજય પુરવાર કરી રહ્યા છે કે, એમના માટે કરવામાં આવેલી ધારણા સંદતર ખોટી હતી. તેઓ બીજા વિરોધપક્ષોના રસ્તે ચાલવાને બદલે પોતાનો અલગ રસ્તો પકડે છે. તેઓ લાંબા સમયનું નફા-નુકસાન વિચારીને ફૂંકી ફૂંકીને નિર્ણય લઈ રહ્યા છે. વિજય માને છે કે, કોઈની સાથે દોસ્તી પણ રાખવી નહીં અને જરૂર વગર દુશ્મની પણ કરવી નહીં. એમના રાજકારણમાં ભાજપનો વિરોધ જરૂર છે, પરંતુ અંગત રીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ખૂબ સારા સંબંધ રાખે છે. વિજયએ જ્યારે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો ત્યારે એમનું સ્ટેન્ડ ભાજપ વિરોધી હતું. વિધાનસભાની ચૂંટણીના પ્રચાર વખતે એમણે હિન્દી અને રાષ્ટ્રીય શિક્ષાનીતિ મામલે ભાજપ પર પ્રહારો કર્યા હતા. આમ છતા એમણે ત્યારે પણ નરેન્દ્ર મોદીની ટીકા કરી નહોતી.

**ગોવામાં છત્રપતિ શિવાજીની પ્રતિમાનો વિવાદ**

ગોવામાં મોર્મુગાઓ પોર્ટ ઓથોરીટી (એમપીએ)ની જમીન પર આવેલી છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા હટાવવા માટે બોમ્બે હાઈકોર્ટે હુકમ કર્યો હતો. આ હુકમ સામે સુપ્રિમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટે આ વિવાદમાં પડવાની ના પાડીને કહ્યું છે કે, તેઓ આ બાબતે કોઈ હુકમ કરશે નહીં. ત્યાર પછી અરજી કરનારાઓએ સ્પેશિયલ લીવ પીટીશન (એસએલપી) પાછી લીધી હતી. જસ્ટીસ એમ એમ સિદ્રેશ અને જસ્ટીસ સીલનાગુની બેંચે આ કેસની સુનાવણી કરી હતી. બોમ્બે હાઈકોર્ટે કેસની સુનાવણી દરમિયાન ટીપ્પણી કરી હતી કે, પ્રતિમાનું નિર્માણ અને સ્થાપના સ્થાનીક કાયદાઓનો ભંગ કરે છે. સુપ્રિમ કોર્ટમાં સુનાવણી દરમિયાન લાગ્યુ હતું કે, સુપ્રિમ કોર્ટ આ બાબતે કોઈ હસ્તક્ષેપ કરશે નહીં ત્યારે અરજી કરનારના વકીલે અરજી પરત ખેંચવાની પરવાનગી માંગી હતી.

**૧૧૩ કરોડની પ્રાણ પ્રતિા, ૩૫ કરોડના ટેન્ટ**

ઉત્તર પ્રદેશ સરકારની સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમ (એસઆઈટી)એ રામ મંદિર ટ્રસ્ટ દ્વારા છેલ્લા બે વર્ષ દરમિયાન આયોજીત કાર્યક્રમો માટે થયેલા ખર્ચની તપાસ શરૂ કરી છે. આ ખર્ચ રૂ. ૧૨૪ કરોડથી વધુનો છે. જાણવા મળ્યા પ્રમાણે ૨૦૨૪નો પ્રાણ પ્રતિા સમારોહ, ૨૦૨૫ની મહાકુંભની વ્યવસ્થા અને નવેમ્બર ૨૦૨૫માં થયેલા ધ્વજરોહણ સમારોહનો સમાવેશ થાય છે. એસઆઈટી ટ્રસ્ટના છેલ્લા બે વર્ષના આર્થિક રેકોર્ડનું ઓડીટ કરી રહી છે. તપાસ કરનારાઓએ ઓડીટ રીપોર્ટ, પેમેન્ટ વાઉચર, બીલ, ચાર્ટડ એકાઉન્ટન્ટના રેકોર્ડ અને ખર્ચના સ્ટેટમેન્ટની તપાસ કરી છે. એસઆઈટી જાણવા માંગે છે કે, ફંડનો ઉપયોગ ટ્રસ્ટએ નક્કી કરેલી પ્રક્રિયાઓ દ્વારા થયો છે કે નહીં. આ તમામ દસ્તાવેજો એસઆઈટીએ પોતાના કબજામાં લીધા છે. પ્રાણ પ્રતિમાં એક હજાર મહેમાનો આવ્યા હતા અને ૧૧૩ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. શેડ અને ટેન્ટ બનાવવા માટેનો થયેલો ખર્ચ અલગ.

**અન્ના હજારે બનવા નિકળેલાએ જ હજારેની મજાક ઉડાવી**

કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક - પ્રમુખ અભિજીત દિપકે અન્ના હજારે પર કટાક્ષ કર્યો છે. એમણે કહ્યું છે કે, 'જેમનો સમય પુરો થઈ ગયો છે. એમણે સામાજીક - રાજકીય જીવનમાંથી નિવૃત્ત થઈને આશ્રમમાં આરામ કરવો જોઈએ. આવી વ્યક્તિઓએ વિદ્યાર્થીઓ અને યુવાનોના ભવિષ્યના નિર્ણય લેવા જોઈએ નહીં.' દિપકેએ આ ટીપ્પણી મહારાષ્ટ્રમાં કરી હતી. દિપકેએ જ્યારે આંદોલન શરૂ કર્યું હતું ત્યારે મીડિયાએ એમની સરખામણી અન્ના હજારેના આંદોલન સાથે કરી હતી. જોકે શરૂઆતથી જ દિપકેના આંદોલનને સફળતા મળી નથી. અન્ના હજારેને ન્યાય આપતા એટલું કહેવું જોઈએ કે, હજારેના આંદોલને તરત જ વેગ પકડી હતી અને ટેકામાં લાખો લોકો ભેગા થઈ ગયા હતા. કોકરોચ જનતા પાર્ટી છેલ્લા ૧૫ દિવસથી દિલ્હીમાં જંતર મંતર ખાતે દેખાવો કરી રહી છે, પરંતુ એમના ટેકામાં માંડ ૧૦૦ વ્યક્તિઓ પણ ભેગી થતી નથી.

# પુરુષાર્થ વિના સફળતા નથી અને સ્મરણ વિના શાંતિ નથી માટે સમયને ઓળખો, મોહને ત્યાગો અને અંતરમાં પરમાત્માને ધારણ કરો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

## કાળની નોટિસ : સાવધાન થવાનો સમય લોકો પૂછે છે કાળ આવશે તેની ખબર કેવી રીતે પડે? કાળ નોટિસ મોકલે જ છે

માણસનું જીવન બે બાબતો વચ્ચે ઝૂલે છે. એક બાજુ દુનિયાની સફળતા અને બીજી બાજુ આત્માની શાંતિ. આપણે ઘણીવાર એવું માની લઈએ છીએ કે જો ગ્રેડ સારા ન હોય, ઘરમાં પૈસા ન હોય, કે લોકો માન ન આપતા હોય તો જીવન નકામું છે. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે જેને દુનિયાએ નકાર્યો, એ જ પોતાના પુરુષાર્થથી ઈતિહાસ રચી ગયા.

એક નાના ગામનો છોકરો, જેને બધા નબળો કહેતા હતા, તેણે એક જ વાક્યથી પોતાનું જીવન બદલી નાખ્યું.'જેની પાસે અંદર નો પ્રકાશ હોય તેને બહારના અંધકારથી ડરવાની જરૂર નથી.'આ વાક્ય માત્ર શબ્દ ન હતો. તેના જીવનનો મંત્ર બની ગયો.

પરંતુ અહીં અટકતો નથી.તે આપણને બીજો મોટો પ્રશ્ન પૂછે છે. સફળ થયા પછી શું? પૈસા, નામ, પ્રતિષ્ઠા મળ્યા પછી પણ મન શાંત છે? સમય ક્યાં જાય છે? આપણે શેના માટે જીવીએ છીએ? આ પ્રશ્નોનો જવાબ આપવા માટે આપણને વૈરાગ્ય,સ્મરણ અને કાળના જ્ઞાન તરફ લઈ જાય છે. કારણ કે જે દીવો બહારની દુનિયા જીતાડે છે, એ જ દીવો અંદરની દુનિયા પણ ઉજાળે છે.

*અંદરનો દીવો જગાડો:પુરુષાર્થ ની તાકાત સમાજ બહુ જલ્દી નિર્ણય આપી દે છે.'તારાથી નહીં થાય.' 'તું ક્યારેય આગળ નહીં વધે.'આ શબ્દો તીરની જેમ વાગે છે. પણ જે સમજદાર હોય તે આ શબ્દોને બળતણ બનાવી દે છે.

તે છોકરાએ શું કર્યું? તેણે ફરિયાદ ન કરી. તેણે પોતાનો સમય સુધાર્યો.નિયમિત અભ્યાસ, આત્મવિશ્વાસ અને સત મહેનત. પરિણામ એક દિવસમાં ન આવ્યું. પણ ટીપે ટીપે સરોવર ભરાય છે તેમ તે ધીમે ધીમે વર્ગમાં અવ્વલ આવ્યો.

આજે આપણે પણ એવું જ કરી એ છીએ.નાનકડી નિષ્ફળતામાં હિંમત હારી જઈએ છીએ. ભૂલી જઈએ છીએ કે દીવો પહેલા ધીમો જ બળે. પવન આવે, પણ જો વાટ મજબૂત હોય તો દીવો ઓલવાતો નથી. માટે કોઈ ગમે તેટલું બોલે, તમારે તમારો દીવો સળગતો રાખવાનો છે.

યાદ રાખો,સફળતા જન્મથી નથી મળતી.તે દરરોજના નાના નાના પ્રયત્નોથી ઘડાય છે.

*સમયનું મૂલ્ય: ભૂતકાળને છોડો,વર્તમાનને સુધારો સફળતા પછી સૌથી મોટો શત્રુ છે બેદરકારી આપણે એમ માનીએછીએ કે હવે બધું મળી ગયું.હવેઆરામ પણ લેખ આપણને ઢંઢોળે છે. 'રાજા, જે સમય ગયો તેના માટે હવે રડવું નહીં.' ભૂતકાળના પસ્તાવા અને ભવિષ્યની ચિંતા એ બે જ વસ્તુઓ છે જે વર્તમાનને બરબાદ કરે છે.

આપણે વાતોમાં,બિનજરૂરી વાંચનમાં, ઈન્દ્રિય સુખમાં કલાકો બગાડીએ છીએ. બહુ વાંચવાથી જ્ઞાન નહીં, અભિમાન વધે. સાચું જ્ઞાન તે છે જે આચરણમાં ઉતરે.

આપણને સાત દિવસ,સાત કલાક,સાત મિનિટ મળી છે. તેનો સદુપયોગ કરો. કારણ કે શરીર, પુત્ર, પૈસો બધું અસત્ય છે.એક દિવસ છોડીને જવું જ પડશે.માટે આજથી જ નક્કી કરો. મારું લક્ષ્ય શું છે?મારે ભગવાનના ધામમાં જવું છે. મારે ફરી જન્મ લેવો નથી. જ્યાં સુધી ઈચ્છા શુદ્ધ નહીં થાય ત્યાં સુધી કર્મ પણ શુદ્ધ નહીં થાય.

*વિકાર અને સ્મરણ:પ્રતિક્ષણ નો બોધ આજે દુનિયામાં વિકાર વધ્યા છે એટલે ત્યાગ ઘટ્યો છે. આપણે એવું માનીએ છીએ કે ઘરડા થઈશું ત્યારે ભજન કરીશું. પણ લેખ કહે છે,'પ્રભુનું સ્મરણ ક્ષણક્ષણને અંતકાળે કરવાનું, નહીં કે જીવનના અંતકાળે.'

આપણું શરીર દરેક સેકન્ડે બદલાય છે.દરેક શ્વાસ પછી જૂનો શ્વાસ મરી જાય છે. એટલે દરેક પળએ અંતકાળ જ છે.જો આપણે દરેક પળે પ્રભુને યાદ રાખીએ તો મૃત્યુનો ભય જતો રહે.

કાળ આપણને ધક્કો મારીને ન કાઢે તેના કરતાં વિવેકથી આપણે જાતે મોહ છોડવો જોઈએ. નહીંતર અંતે પસ્તાવો જ થશે.

*વાછરડા અને સાવરણીવાળો દાખલો આ વાત હસવા માટે નથી. સાવધાન થવા માટે છે.

એક ડોસો આખી જિંદગી પૈસાની પાછળ દોડ્યો. મરતી વખતે દીકરાઓએ 'શ્રીકૃષ્ણ ગોવિંદ' બોલવાનું કહ્યું. પણ તેના મુખમાંથી નીકળ્યું. કારણ કે જિંદગીભર તેણે એ નામ લીધું જ નહોતું.

અંતે તે બોલ્યો'વા...સા... વા..સા દીકરાઓને લાગ્યું વારસાની વાત કરશે.ડૉક્ટરને એક હજારરૂપિયા આપીને બોલાવ્યો.દવાની અસર થી ડોસો બોલ્યો'અહીં શું જુઓ છો?ત્યાં વાછરડો સાવરણી ખાય છે'અને દેહ છોડી દીધો.

આપણી દશા પણ આવી જ ન થાયતે જોવાનું છે.લક્ષ્મી એકલી આવે તો રડાવે.પણ જો ઠાકોર જી સાથે આવે તો જીવન સુખી કરે. માટે કમાવાની સાથે કમાણી નો સદુપયોગ પણ શીખો.

*કાળની નોટિસ:સાવધાન થવાનો સમય લોકો પૂછે છે કાળ આવશે તેની ખબર કેવી રીતે પડે? કાળ નોટિસ મોકલે જ છે. વાળ સફેદ થાય, દાંત પડે, શરીર થાકે. આ બધા સંકેતો છે કે હવે દૂધ-ભાત ખાઈને ભજન કરવાનો સમય આવ્યો છે.

સ્વપ્નમાં કાદવ,ગધેડા પર બેસવું અરુંધતી ન દેખાવી.આ બધા ડરાવવા માટે નથી. જગાડવા માટે છે.જેથી આપણે જે કરવાનું બાકી છે તે કરી લઈએ. જીવનમાં ગમે તેટલો અંધકાર હોય,ગમે તેટલી મજાક થાય. પણ તમારા પ્રયત્નનો દીવો ઓલવવા દેશો નહીં. કારણ કે નાનો દીવો પણ મોટા અંધકારને હરાવે છે. નાનો પ્રયાસ પણ આખું જીવન ઘડી શકે છે.

સફળતા મળ્યા પછી પણ અટકશો નહીં. દુનિયાના મોહમાં એટલા ન ગૂંથાઓ કે અંતે ભગવાનનું નામ પણ યાદ ન રહે. દરેક ક્ષણને ભજનની ક્ષણ બનાવો.જે માણસ આ રીતેજીવે છે તેને મૃત્યુનો ડર નથી.કારણ કે તે દરરોજ થોડો થોડો મરે છે, અને દરરોજ થોડો થોડો જીવે છે.માટે મિત્રો,દીવો નાનો હોય તોય ચાલશે બસ તેને સળગતો રાખો.અને એ દીવાનાઅજવાળા માં પ્રતિક્ષણ પ્રભુનું નામ લો. તો જીવન પણ સફળ થશે અને મૃત્યુ પણ ઉત્સવ બનશે.

# ગાજે બારે મેઘ બલવંતા! નરસિંહ આ રચનામાં કોને ગોવર્ધન પર્વત કહે છે?

હે ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગિર સોમનાથ બાદ હવે દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, અને સૌરાષ્ટ્રમાં ખાસ કરીને ભાવનગર અને એની આસપાસમાં વરસાદ પડ્યો! સૂરતમાં અતિભારે વરસાદ પડ્યો અને કમર સુધીના પાણી ભરાઈ ગયાં, અને જનજીવન ખોરવાઈ ગયું, શાળાઓમાં રજા જાહેર કરાઈ! મહારાષ્ટ્રમાં પણ ભારે વરસાદ થયો. આપણે ત્યાં આવાં વરસાદને બારે મેઘ ખાંગા થયા! એવું કહેવાય છે. કુદરતી હોય કે કુત્રિમ! માનવીને સંકટનાં સમયે સૌથી પહેલાં ઈશ્વર યાદ આવે છે, અને આ આજકાલનું નથી યગોયુગોથી સંકટ સમયની સાંકળ તરીકે જ ઈશ્વરને યાદ કરવામાં આવે છે. વાદળોનો ગડગડાટ સાથે વિજળીનાં ચમકારા વાળા મેઘ તાંડવનો નજારો ભલભલાને ડરાવી મૂકે. ટૂંકમાં માનવીની આવી પડેલી પરિસ્થિતિમાં ગભરાઈ જવાની પ્રકૃતિ ખરી, કારણકે ઈશ્વર પ્રત્યેનો ભરોસો થોડો ઓછો! અથવા તો કર્મની યોગ્યતા પર સંદેહ! જન્મની સાથે જ આપણને મળેલું એક શાશ્વત સત્ય કે,' જન્મ છે એનું મૃત્યુ છે'! પણ છતાંય મૃત્યુનાં એંધાણ વર્તાય એટલે ભયભીત થઈ જવું. ભગવાન શ્રીકૃષ્ણનાં સમયમાં પણ ઈન્દ્ર એ ગોકુળવાસી ઓને પરેશાન કરવા બારે મેઘ ખાંગા કર્યા હતાં, અને આ કથાથી આપણે પરિચિત છીએ કે શ્રીકૃષ્ણએ સાત દિવસ સુધી ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત ઉપાડી, ગોકુળ વાસીઓની રક્ષા કરી હતી, અને આ ભાવને નરસિંહે પોતાની રચનામાં વર્ણવ્યો છે, તો ઋતુ અનુરૂપ એનું ચિંતન કરીશું.

*નરસિંહ મહેતા*

**ગાજે મેઘ બારે બલવંતા,<br>
વચ્ચે વચ્ચે વીજ કરે ઝમકાર;<br>
હરિએ હેલાં ગોવર્ધન ધરીઓ,<br>
સાત દિવસ તે છત્રાકાર.(૧)

ભારે વરસાદી વાદળો ગર્જના કરે છે, અને વીજળી ચમકે છે. એવા ભયંકર સમયે શ્રીકૃષ્ણે સહેલાઈથી ગોવર્ધન પર્વત ઊંચકી લીધો અને સાત દિવસ સુધી તેને છત્રીની જેમ ધારણ કરીને સૌનું રક્ષણ કર્યું.

**કે ઈન્દ્ર આહેરાં ઉપર ખીજ્યો,<br>
મહે છવ માટે મઘવા મન;<br>
ગાય-ગોપ-ગોવાળાને રેલે,<br>
વેગે વરસવા મોકલ્યા ઘન.(૨)

ઈન્દ્રને ગુસ્સો આવ્યો કે લોકોએ તેનો યજ્ઞ છોડીને, ગોવર્ધનની પૂજા કરી, તેથી તેણે પ્રચંડ વરસાદ વરસાવવા માટે વાદળોને આદેશ આપ્યો, જેથી ગાયો, ગોપો અને ગોવાળાઓને ભારે દુ:ખ પડે.

**મુસલધાર વરસે જલ ઉપર,<br>
ધરતી માટે પડે ધડઘડી;<br>
ત્રુટી ટૂંક પડે પર્વતનાં,<br>
વહે વૃક્ષ સમૂલાં જડી.(૩)

મુશળધાર વરસાદ વરસે છે. ધરતી ધ્રૂજી ઊઠે છે. પર્વતોના ટુકડા તૂટી પડે છે અને મોટા મોટા વૃક્ષો મૂળ સહિત વહેવા લાગે છે.

**ધજે ધરણ, કાયર નર કંપે,<br>
દશ દિશ દીસે ઘોર અંધાર;<br>
હરિએ હેલાં ગોવર્ધન ધરીએ,<br>
ગોકુલ વરતે જયજયકાર. (૪)

આખી ધરતી ધ્રૂજી રહી છે, ડરપોક લોકો ભયથી કંપી રહ્યા છે અને ચારે તરફ ઘોર અંધકાર છવાઈ ગયો છે. પરંતુ શ્રીકૃષ્ણે ગોવર્ધન ઊંચકતા જ ગોકુળમાં આનંદ અને જયજયકાર થઈ જાય છે.

**પાણી પાણી દીસે પ્રથવી,<br>
જલ જમુના થલ એક ભર્યાં;<br>
ધન રે કૃષ્ણ લીલા અવતારી,<br>
ઈન્દ્રાદિકનાં મન રે હર્યાં. (૫)



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આખી પૃથ્વી પાણીથી ભરાઈ ગઈ છે. જમીન અને યમુના નદીનું પાણી એકસરખું દેખાય છે. શ્રીકૃષ્ણની આ અદ્ભુત લીલાથી ઈન્દ્ર સહિત બધા દેવતાઓ આશ્ચર્યચકિત થઈ જાય છે, અને તેમની મહિમા સ્વીકારે છે. નરસિંહનાં આ પદમાં ભયંકર વરસાદ, ગાજવીજ અને વાવાઝોડાનું વર્ણન છે! રચના ના શબ્દો અન્ય રચના જેમ જ અત્યંત પ્રભાવકારી છે !: અને આપણને એમ લાગે છે કે એને પ્રકૃતિ પ્રત્યે પણ પ્રેમ ભરપૂર છે. જ્યારે ગોકુળ વાસીઓએ ભગવાન શ્રીકૃષ્ણ ના કહેવાથી ઈન્દ્રનાં યજ્ઞ બદલે ગોવર્ધન પર્વત ની પૂજા કરી, અને ઈન્દ્રનાં કહેવાથી પ્રચંડ મેઘ વરસે છે, ત્યારે ગોકુળનાં લોકો ભયભીત થઈ જાય છે. શ્રીકૃષ્ણ ગોવર્ધન પર્વત ઊંચકી સૌ ગોપ-ગોપીઓ, ગાયો અને સમગ્ર વ્રજને વરસાદના પ્રકોપથી બચાવે છે. પરંતુ અહીં સ્થૂળ કરતાં સુક્ષ્મ અને કારણ શરીરનો અર્થ એક ભક્તની ભક્તિ અને તેના ભરોસાને દ્રઢ કરનાર છે, એવું સૂચવે છે. આ રચના મુખ્ય સાર એ છે કે, સંકટ બહારનાં હોય કે અંદરનાં પણ ભગવાન પોતાના ભક્તોનું સદા રક્ષણ કરે છે. નરસિંહ અહીં મેઘ ને જીવનના દુ:ખો, સંકટો, મોહ, ક્રોધ, લોભ અને અહંકાર સાથે સરખાવે છે, અને આ રીતનો મેઘ તો બારેમાસ પરેશાન કરે છે, અને એ પણ આપણી જ નબળાઈને કારણે! આ રચનામાં તો બારે મેઘ ખાંગા થવા માટે ઈન્દ્રનો અહમ મુખ્ય છે, પણ સુક્ષ્મ ચિંતન કરીએ તો આપણાં જીવનમાં તો આપણા અહમને કારણે જ દુ:ખોનો વરસાદ છે. ગોકુળ શબ્દને આપણા મન અને જીવનનું પ્રતીક બનાવી પ્રયોજ્યો છે. ગોકુળનાં વર્ણન બતાવે છે કે, એ હરિયાળુ છે, અને જીવન જરૂરિયાતના લગભગ બધાં સુખ ત્યાં દેખાય છે, કારણ કે ત્યાં ઈશ્વરની હાજરી છે. નરસિંહ સૂચવે છે કે આપણે સુખમાં જો ઈશ્વરને સાક્ષી રાખીએ તો જ આપણું જીવન ગોકુળ જેવુ હરિયાળું બને. ગોવર્ધન પર્વત એટલે ધર્મનું યોગ્ય અનુસરણ કરવાથી ઈશ્વરીય કૃપાથી પ્રાપ્ત થતાં આધ્યાત્મિક આશ્રયનું પ્રતીક છે. શ્રીકૃષ્ણ પરમાત્મા અથવા સદ્‌ગુરુનું સ્વરૂપ છે, અને ગોપ ગોપીઓ ભક્તો અથવા સામાન્ય જીવોનું પ્રતીક છે. આ રચના દ્વારા નરસિંહ એવું કહે છે કે, જ્યારે જીવનમાં દુ:ખો અને સંકટોનો વરસાદ વરસે, ત્યારે પરમાત્માનો આશ્રય લેનાર વ્યક્તિ આંતરિક શાંતિ અને રક્ષણ અનુભવે છે. ભક્તિ, શ્રદ્ધા અને સમર્પણ માણસને જીવનનાં તોફાનોમાંથી પાર ઉતારે છે. અહીં સાત દિવસનો ઉલ્લેખ છે, સમય અવધિ એ સાધક જ્યારે પૂર્ણ શરણાગત થાય ત્યારે જ એનાં હ્રદયાકાશમાં બારે મેઘ ખાંગા થાય છે, અને બ્રહ્મ જ્ઞાન રુપી વીજ એટલે કે પ્રકાશનો ઝબકારો થાય છે. કુંડલિની જાગરણનાં અંતિમ ચક્ર સહસ્ત્રાર પર જ્યારે શક્તિપાત થાય ત્યારે સાધકની આંતરિક ઉર્જા પર પરમ તત્વની ઉર્જા આમ બારે મેઘ જેમ વરસે છે, અને ચિત્તમાં વીજળી જેવી દિવ્ય અનુભૂતિ ઝીલાય છે. ઈન્દ્ર એટલે હું કરું નો અહંકાર જ આપણને શ્રીકૃષ્ણથી એટલે કે પરમ તત્વથી દૂર રાખે છે, ઈશ્વર શરણ જ તમામ ભયને દૂર કરનારું છે. ગોપ ગોવાળની રક્ષા માટે શ્રીકૃષ્ણ ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉપાડે છે, એટલે કે ભક્તોનાં દુ:ખ દૂર કરવા માટે માત્ર ઈશ્વરની ટચલી આંગળી કાફી છે! પણ ભરોસો દ્રઢ હોવો જોઈએ. ઈશ્વરની કૃપા રુપે બારે મેઘ ખાંગા થાય ત્યારે 'વહે વૃક્ષ સમૂલા જડી', ત્યારે આપણી સુખ વિષેની લીલીછમ માન્યતાઓ સમૂળગી નાશ પામે છે. સંકટ સમયના સાધકની મનોસ્થિતિ વર્ણવતાં કહે છે કે, મૃત્યુના ભયથી કાંપે છે, પણ ઈશ્વર જ્યારે પોતાની નિશ્રામાં લઈલે ત્યારે ભય નાશ પામે છે, અને જીવન ગોકુળ જેવુ હર્યું ભર્યું થઈ જાય છે. અંતિમ કડીમાં કહે છે કે 'પાણી પાણી દિસે પ્રથવી' પ્રભુ પ્રત્યેના અહોભાવથી કે ભક્તિ ભાવને કારણે પ્રથવી એટલે કે પોતાનું અસ્તિત્વ પાણી પાણી થઈ ગયું છે, અતૃપ્તિનો ભાવ દૂર થાય, અને ઈન્દ્ર રુપી અહંકાર પણ હવે શાંત થતાં, કૃષ્ણની લીલા નું વર્ણન સાંભળીને ભાવ વિશ્વમાં હવે આનંદ આનંદ છવાઈ ગયો છે. આપણાં સૌના ભાવ વિશ્વમાં પણ ઈશ્વર કૃપા રુપે બારે મેઘ ખાંગા થાય અને એવી શ્રીકૃષ્ણની લીલાની અનુભૂતિ આપણે સૌ કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

## અમદાવાદ મંડળે જૂન-2026માં વાણિજ્યિક ક્ષેત્રે સર્જ્યો નવો કીર્તિમાન

# ₹606.43 કરોડની સર્વાધિક માસિક માલવહન આવક, ₹767.01 કરોડની કુલ આવક નોંધાઈ

**રેલવે અમદાવાદ, તા.08**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળે જૂન-2026 દરમિયાન મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના નેતૃત્વ હેઠળ વાણિજ્યિક ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. માલવહન આવક, પાર્સલ વ્યવસાય, બિન-ભાડા આવક, મુસાફર સુવિધાઓ તેમજ ટિકિટ ચેકિંગ અભિયાનોમાં મંડળે ઉત્કૃષ્ટ કામગીરી નોંધાવી છે. વિવિધ ક્ષેત્રોમાં અમદાવાદ મંડળે અનેક નવા કીર્તિમાનો સ્થાપિત કર્યા છે.




માલવહન આવક (Freight Business)

જૂન-2026 દરમિયાન 606.43 કરોડની માલવહન આવક પ્રાપ્ત કરવામાં આવી, જે નિર્ધારિત લક્ષ્ય કરતાં 3.60% અને ગયા વર્ષની સમાન અવધિની સરખામણીએ 13.59% વધુ છે. આ નાણાકીય વર્ષ 2026-27 દરમિયાન અત્યાર સુધીની સર્વાધિક માસિક માલવહન આવક છે.

30 જૂન, 2026ના રોજ 26.58 કરોડની એક દિવસની માલવહન આવક પ્રાપ્ત કરીને નવો રેકોર્ડ સ્થાપિત કરવામાં આવ્યો.

પાર્સલ વ્યવસાય (Parcel Business)

જૂન-2026 દરમિયાન 6.19 કરોડની પાર્સલ આવક પ્રાપ્ત કરવામાં આવી, જે ગયા વર્ષની સરખામણીએ 7.65% વધુ છે.

ભુજથી બાંદ્રા ટર્મિનસ સુધી 22 ટન કેરીનો જથ્થો પાર્સલ સેવા મારફતે મોકલવામાં આવ્યો, જેના દ્વારા એક જ દિવસમાં 1.26 લાખની આવક પ્રાપ્ત થઈ.

યાત્રી વ્યવસાય અને કોચિંગ (Passenger Business & Coaching)

જૂન-2026 દરમિયાન 145.58 કરોડની યાત્રી આવક પ્રાપ્ત કરવામાં આવી.

વધારાની મુસાફરોની ભીડને ધ્યાનમાં રાખીને 67 વિશેષ ટ્રેન સેવાઓનું સંચાલન કરવામાં આવ્યું.

મુસાફરોની સુવિધા માટે 122 વધારાના કોચ જોડવામાં આવ્યા, જેના પરિણામે અંદાજે 0.97 લાખ મુસાફરોને લાભ મળ્યો તેમજ 10.33 કરોડની વધારાની મુસાફર આવક પ્રાપ્ત થઈ.

ટિકિટ ચેકિંગ અને સ્વચ્છતા અભિયાન (Ticket Checking & Cleanliness Drive)

જૂન-2026 દરમિયાન ટિકિટ ચેકિંગ દ્વારા 2.70 કરોડની આવક પ્રાપ્ત કરવામાં આવી, જે ગયા વર્ષની સરખામણીએ 23.29% વધુ છે.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત 1,230 એન્ટિ-લિટરિંગ (કચરો ફેંકવા વિરુદ્ધ) કેસોમાં કાર્યવાહી કરીને 2.20 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો.

બિન-ભાડા આવક (Non-Fare Revenue) - નવી પહેલ

કાંકરિયા ગુડ્સ શેડ ખાતે એક્સેસ-કંટ્રોલ્ડ પેઇડ પાર્કિંગ અને ફ્રેઇટ એલાઇડ સર્વિસિસ માટે 7 વર્ષના સમયગાળા માટે 20.73 કરોડ મૂલ્યનો કરાર આપવામાં આવ્યો.

તમામ નોન-પ્રીમિયમ ટ્રેનોમાં ટ્રેન સાઇડ વેન્ડિંગ (TSV) માટે 3 વર્ષના સમયગાળા માટે 3.71 કરોડ મૂલ્યનો કરાર આપવામાં આવ્યો.

ટ્રેન નંબર 22961/22962માં હેડરેસ્ટ કવર પર જાહેરાત દ્વારા 0.57 કરોડની કરાર આધારિત આવક પ્રાપ્ત થઈ.

અમદાવાદ રેલવે સ્ટેશન પર આધુનિક ડિજિટલ લગેજ લોકર સુવિધા શરૂ કરવામાં આવી, જેના દ્વારા મુસાફરોને સુરક્ષિત અને સ્વચાલિત સામાન સંગ્રહની સુવિધા ઉપલબ્ધ થઈ.

યાત્રી સુવિધાઓ (Passenger Amenities)

ઉનાળાની ઋતુ દરમિયાન વિવિધ સ્ટેશનો પર સ્ટેશન કર્મચારીઓ અને સ્વયંસેવક સંસ્થાઓના સહયોગથી સામાન્ય શ્રેણીના મુસાફરો માટે ઠંડા પીવાના પાણીની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી.

## વાઈટ અને રેડ રાગીની પ્રાકૃતિક ખેતી ખેડૂતોને આર્થિક રીતે વધુ સશક્ત બનાવવા સાથે ગ્રાહકોને પૌષ્ટિક અને સુરક્ષિત ખોરાક ઉપલબ્ધ કરાવવામાં પણ મહત્વપૂર્ણ

**નડિયાદ, તા.08**

રાગી (ફિંગર મીલેટ) એક પૌષ્ટિક અને ઓછા પાણીમાં સફળતાપૂર્વક ઉગાડી શકાય તેવો મિલેટ પાક છે. દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવાથી જમીનની ઉર્વરતા જળવાઈ રહે છે, ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય છે અને ઝેરમુક્ત ગુણવત્તાયુક્ત ઉત્પાદન પ્રાપ્ત થાય છે. દેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ આજે ખેડૂતો માટે ઓછી ખર્ચાળ, પર્યાવરણમૈત્રી અને આરોગ્યપ્રદ ખેતીનો વિશ્વસનીય વિકલ્પ બની રહી છે. આ પદ્ધતિમાં દેશી ગાયના ગૌમૂત્ર, ગોબર અને તેમાંથી તૈયાર થતા જીવામૃત, ઘન જીવામૃત, બીજામૃત અને નીમાસ્ત્ર જેવા પ્રાકૃતિક દ્રાવણોનો ઉપયોગ કરીને જમીનની ફળદ્રુપતા વધારવામાં આવે છે તથા રાસાયણિક ખાતર અને જંતુનાશકો પરની નિર્ભરતા ઘટે છે. આ જ પ્રાકૃતિક પદ્ધતિ દ્વારા વાઈટ રાગી અને રેડ રાગી (ફીંગર મીલેટ) નું સફળ ઉત્પાદન મેળવી શકાય છે. રાગી એક પૌષ્ટિક અને પોષક તત્ત્વોથી ભરપૂર મિલેટ પાક છે, જેમાં કેલ્શિયમ, આયર્ન, ફાઈબર અને પ્રોટીનનું પ્રમાણ ઊંચું હોય છે. આરોગ્યપ્રત્યે લોકોમાં વધતી જાગૃતિને કારણે રાગીની માંગ સતત વધી રહી છે, જેના કારણે ખેડૂતો માટે આ પાક આવકનું ઉત્તમ સાધન બની રહ્યો છે.\ પ્રાકૃતિક ખેતીમાં વાઈટ તથા રેડ રાગીના પાક માટે બીજની




માવજત બીજામૃતથી કરવામાં આવે છે. પાકની વૃદ્ધિ દરમિયાન જીવામૃતનો નિયમિત ઉપયોગ કરવામાં આવે છે, જ્યારે જીવાત અને રોગના નિયંત્રણ માટે નીમાસ્ત્ર, અગ્નિસ્ત્ર અથવા બ્રહ્માસ્ત્ર જેવા પ્રાકૃતિક દ્રાવણો અસરકારક સાબિત થાય છે. આ પદ્ધતિ જમીરમાં રહેલા લાભદાયક સૂક્ષ્મજીવોની સંખ્યા વધારીને પાકના સ્વસ્થ વિકાસમાં મદદરૂપ બને છે. વાઈટ રાગીનો ઉપયોગ મુખ્યત્વે લોટ, બિસ્કિટ, બેકરી ઉત્પાદનો અને આરોગ્યવર્ધક ખાદ્ય પદાર્થોમાં થાય છે, જ્યારે રેડ રાગી પરંપરાગત ખોરાક, રોટલા, લાપસી, માલ્ટ અને વિવિધ પૌષ્ટિક વાનગીઓ માટે વધુ લોકપ્રિય છે. બંને જાતો બજારમાં સારી માંગ ધરાવે છે અને યોગ્ય ગુણવત્તા જાળવવામાં આવે તો ખેડૂતોને સારો ભાવ પ્રાપ્ત થઈ શકે છે. રાગીની વાવણી સમય : ચોમાસુ શરૂ થયા બાદ જૂનના અંતથી જુલાઈ દરમિયાન વાવણી કરવામાં આવે છે. સ્થાનિક આબોહવા અને વરસાદને ધ્યાનમાં રાખીને સમય નક્કી કરવામાં આવે છે.નડિયાદ તાલુકાના પીપલાતા ગામે પ્રાકૃતિક કૃષિના ખેડુત પણ આ સમયે રાગીની વાવણી કરી રહ્યા છે. કૃષિકાર અરૂણકુમાર શાહ જણાવે છે કેદેશી ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવાથી ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થાય છે, જમીનની ઉર્વરાશક્તિ લાંબા ગાળે જળવાઈ રહે છે, પર્યાવરણનું સંરક્ષણ થાય છે અને ઝેરમુક્ત અનાજનું ઉત્પાદન શક્ય બને છે. વાઈટ અને રેડ રાગીની પ્રાકૃતિક ખેતી ખેડૂતોને આર્થિક રીતે વધુ સશક્ત બનાવવા સાથે ગ્રાહકોને પૌષ્ટિક અને સુરક્ષિત ખોરાક ઉપલબ્ધ કરાવવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

## ઈન્ડોનેશિયાના ઐતિહાસિક પ્રમ્બાનન મંદિરના દર્શન વડાપ્રધાન મોદીએ કર્યા

**અમદાવાદ, તા.08**

ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના સદીઓ જૂના સાંસ્કૃતિક અને સભ્યતા-ના સંબંધોને વધુ મજબૂત કરવાના એક ઐતિહાસિક પગલામાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે યોગ્યાકાર્તામાં સ્થિત પ્રસિદ્ધ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ 'પ્રમ્બાનન મંદિર સંકુલ'ની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન એક ખાસ સદ્ભાવનાના પ્રતીક રૂપે ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ મહામહિમ પ્રબોવો સુબિયાંતો પણ પીએમ મોદીની સાથે જોડાયા હતા. બંને વૈશ્વિક નેતાઓએ આ ભવ્ય મંદિર સંકુલમાં ભારતીય પુ-રાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા હાથ ધરવામાં આવનાર સંરક્ષણ અને પુનઃ-સ્થાપન પ્રોજેક્ટના ઉદ્ઘાટન પ્રસંગે એક વિશેષ તકતીનું અનાવરણ કર્યું હતું. આ પ્રોજેક્ટનો પાયો વર્ષ 2025માં રા-ષ્ટ્રપતિ પ્રબોવોની ભારતની સત્તાવાર મુલાકાત દરમિયાન નંખાયો હતો. તે સમયે બંને દેશો વચ્ચે પ્રમ્બાનન સંકુલના મંદિરોના જીર્ણોદ્ધાર માટે ભારતીય સહાય અંગે મહત્વપૂર્ણ સમજૂતી થઈ હતી, જેનો આજે સત્તા-વાર પ્રારંભ થયો છે. 9મી સદીમાં નિર્મિત પ્રમ્બાનન મંદિર સંકુલ ઈન્ડોને-શિયાનું સૌથી મોટું હિન્દુ મંદિર સંકુલ છે, જે ત્રિમૂર્તિ ભગવાન બ્રહ્મા, ભગવાન વિષ્ણુ અને ભગવાન શિવને સમર્પિત છે.



આ ભવ્ય સ્થાપત્ય ભારત અને ઈન્ડોનેશિયા વચ્ચેના કાયમી અને સહિયારા સાંસ્કૃ-તિક વારસાની સાક્ષી પૂરે છે. દક્ષિણપૂર્વ એશિયાના દેશોમાં ઐતિહાસિક વારસાના પુનઃસ્થાપન અને સંરક્ષણ કાર્યમાં ભારત અને ASIનો ટ્રેક રેકોર્ડ અત્યંત સફળ રહ્યો છે. આ પૂર્વે પણ ASI દ્વારા ઈન્ડોનેશિ-યાના પ્રખ્યાત બોરોબુદુર મંદિર સંકુલનું વ્યાપક સ્તરે દસ્તાવેજીકરણ કરવામાં આવ્યું હતું. પ્રમ્બાનન મંદિરના જીર્ણો-દ્ધાર માટે ભારતનો આ સહયોગ વૈશ્વિક સ્તરે પોતાની સભ્યતા અને પ્રાચીન વારસાને જાળવી રાખવા માટેની ભારતની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# રિક્ષાચાલકે બાળક અને દંપતીને જોરદાર ટક્કર મારી

### નશામાં ધૂત હોવાનો સ્થાનિકોનો આક્ષેપ, અકસ્માત કરીને ફૂટપાથ પર રિક્ષા ચડાવી દીધી, સુરત પોલીસે તપાસ શરૂ કરી

**સુરત, તા.08**

સુરતના ભટાર વિસ્તારમાં એક બેફામ બનેલા રિક્ષાચાલકે રોડ પર જઈ રહેલા નિર્દોષ દંપતી અને તેમના નાના માસૂમ બાળકને અડફેટે લીધા હોવાની ચોંકાવનારી ઘટના બની છે. રિક્ષાચાલકની આ ગંભીર બેદરકારી અને જોખમી ડ્રાઈવિંગના દ્રશ્યો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર સુરત શહેરમાં અરેરાટી વ્યાપી ગઈ છે. અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર વાગતાની સાથે જ મોપેડ સવાર પરિવાર રોડ પર પટકાયો હતો, જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે, રિક્ષાચાલક નશામાં ધૂત હતો.



સ્થાનિક લોકો અને પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આ અકસ્માત સર્જનાર રિક્ષાચાલક સંપૂર્ણપણે નશાની હાલતમાં હતો અને ટ્રાફિકના તમામ નિયમો નેવે મૂકીને વાહન હંકારી રહ્યો હતો. સચિન વિસ્તારથી પાંડેસરા તરફ જતા મુખ્ય રસ્તા પર આ રિક્ષાચાલક ગફલતભરી રીતે અને ઝિગ-ઝેગ સ્ટાઈલમાં રિક્ષા દોડાવી રહ્યો હતો.

રસ્તા પરથી પસાર થઈ રહેલા એક જાગૃત યુવકને રિક્ષાચાલકની આ હરકતો શંકાસ્પદ અને જોખમી લાગતા, તેણે પોતાના મોબાઈલ કેમેરામાં આ આખી ઘટના કેદ કરવાનું શરૂ કર્યું હતું. આ યુવકે બનાવેલો લાઈવ વિડીયો જ હવે સોશિયલ મીડિયા પર રિક્ષાચાલકના પાપના પુરાવા તરીકે વાયરલ થઈ રહ્યો છે.

ભટાર વિસ્તારમાં પહોંચતા જ આ રિક્ષાચાલકે રોડ પર આગળ જઈ રહેલા એક મોપેડ (સ્કૂટર)ને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. આ મોપેડ પર એક દંપતી તેના નાના બાળક સાથે સવાર હતું. રિક્ષાની સ્પીડ એટલી વધારે હતી કે ટક્કર લાગતા જ ત્રણેય જણા રોડ પર ફંગોળાઈ ગયા હતા અને બાઈક ચાલક નીચે પડી ગયો હતો.

આટલું જ નહીં, અકસ્માત સર્જ્યા બાદ પણ રિક્ષાચાલકે સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો અને રિક્ષા સીધી રોડની સાઈડમાં આવેલા ફૂટપાથ પર ચડાવી દીધી હતી. સદનસીબે ફૂટપાથ પર કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ માસૂમ બાળક સહિત પરિવારને ઈજાઓ પહોંચી છે.

આ અકસ્માતનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર વાયુવેગે વાયરલ થઈ ગયો છે. વીડિયોમાં રિક્ષાચાલકની બેદરકારી સ્પષ્ટપણે જોઈ શકાતી હોવાથી નેટીઝન્સ દ્વારા સુરત પોલીસને ટેગ કરીને કડક કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને સુરત પોલીસ પણ તાત્કાલિક એક્શન મોડમાં આવી ગઈ છે. જાહેર માર્ગો પર નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મૂકનારા આવા તત્વો સામે દાખલારૂપ કાર્યવાહી કરવા માટે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આદેશ આપવામાં આવ્યા છે.

ભટાર વિસ્તારમાં બનેલી આ ઘટના અંગે હાલ ખટોદરા પોલીસ મથક દ્વારા સત્તાવાર તપાસનો ધમધમાટ શરૂ કરી દેવામાં આવ્યો છે. ખટોદરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર (PI) એન.વી. ભરવાડના જણાવ્યા અનુસાર, સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોને આધારે રિક્ષાના નંબર અને ડ્રાઈવરની ઓળખ મેળવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. પોલીસની અલગ-અલગ ટીમો બનાવીને ફરાર રિક્ષાચાલકની શોધખોળ તેજ કરવામાં આવી છે. પીઆઈએ આશ્વાસન આપ્યું છે કે ટૂંક સમયમાં જ આરોપીની ધરપકડ કરીને તેની સામે કાયદાકીય સકંજો કસવામાં આવશે.

# વડોદરાની ગ્રેનફ્યુઅલ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા માતર તાલુકાના ૧૦ ગામોને ક્ષયમુક્ત બનાવવા ઐતિહાસિક પહેલ

### આ પહેલ માત્ર કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR)નું ઉત્તમ ઉદાહરણ જ નહીં, પરંતુ સમાજ પ્રત્યેની સંવેદના અને રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદારીનું પ્રેરણાદાયી કાર્ય



**નડિયાદ, તા.08**

ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા ક્ષયમુક્ત ભારત અભિયાનને જનઆંદોલન બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે જિલ્લા વહીવટી અને આરોગ્ય તંત્ર વતી વડોદરાની ગ્રેનફ્યુઅલ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડ, દ્વારા માતર તાલુકાના ૧૦ ગામોને દત્તક લઈને ક્ષયમુક્ત બનાવવા માટે સહયોગ આપવાનો સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે.જેમાં માતર તાલુકાના અશામલી, તૈયબપુરા, પાલ્લા, નધાનપુર, બરોડા, ખરેટી,પુનાજ ,પૂર્જરા, લીંબાસી, માતરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પહેલ માત્ર કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR)નું ઉત્તમ ઉદાહરણ જ નહીં, પરંતુ સમાજ પ્રત્યેની સંવેદના અને રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદારીનું પ્રેરણાદાયી કાર્ય છે.

જિલ્લા ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અને વહીવટી તંત્ર દ્વારા ગ્રેનફ્યુઅલ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડના સમગ્ર મેનેજમેન્ટ તથા ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. આવા સહયોગથી ક્ષયરોગના દર્દીઓને સમયસર સારવાર, પોષણ સહાય, જાગૃતિ અને સતત અનુસરણ જેવી સેવાઓને વધુ મજબૂતી મળશે અને ક્ષયમુક્ત ભારતના લક્ષ્યને ઝડપી ગતિ મળશે. જિલ્લા કલેકટરશ્રી એન.વી. ઉપાધ્યાય માને છે તે મુજબ ક્ષયરોગ સામેની લડાઈ માત્ર સરકારની નહીં, પરંતુ સમગ્ર સમાજની જવાબદારી છે. ઉદ્યોગગૃહો, સંસ્થાઓ, વેપારીઓ, સેવાભાવી વ્યક્તિઓ અને સમાજના દરેક વર્ગની સક્રિય ભાગીદારીથી જ આપણે ક્ષયમુક્ત ભારતનું સ્વપ્ન સાકાર કરી શકીશું. જિલ્લા ક્ષય નિયંત્રણ કાર્યક્રમ દ્વારા તમામ દાતાશ્રીઓ, ઉદ્યોગગૃહો, સંસ્થાઓ અને સમાજસેવીઓને હાર્દિક અપીલ કરવામાં આવે છે કે તેઓ પણ આ પવિત્ર અભિયાનમાં જોડાઈ નિ-ક્ષય મિત્ર બની ક્ષયરોગના દર્દીઓને દત્તક લે, પોષણ સહાય અને જરૂરી સહયોગ પૂરો પાડી રાષ્ટ્રસેવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપે.... ટીબી હારેગા દેશ જીતેગા એ માત્ર ટીબી મુક્ત ભારત અભિયાનનું સ્લોગન જ નહી પણ જનભાગીદારીનું પ્રેરક ઉદાહરણ બની રહ્યું છે સાચા અર્થમાં જનભાગીદારી જન સમસ્યાઓનો હલ બની રહી આગળ આવી રહી

છે. ભારતના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરૂ કરાયેલા ક્ષયમુક્ત ભારત અભિયાનને જનઆંદોલન બનાવવાના સંકલ્પને સાકાર કરવા માટે જિલ્લા વહીવટી અને આરોગ્ય તંત્ર વતી વડોદરાની ગ્રેનફ્યુઅલ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડ, દ્વારા માતર તાલુકાના ૧૦ ગામોને દત્તક લઈને ક્ષયમુક્ત બનાવવા માટે સહયોગ આપવાનો સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે.જેમાં માતર તાલુકાના અશામલી, તૈયબપુરા, પાલ્લા, નધાનપુર, બરોડા, ખરેટી,પુનાજ ,પૂર્જરા, લીંબાસી, માતરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પહેલ માત્ર કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR)નું ઉત્તમ ઉદાહરણ જ નહીં, પરંતુ સમાજ પ્રત્યેની સંવેદના અને રાષ્ટ્ર નિર્માણમાં ભાગીદારીનું પ્રેરણાદાયી કાર્ય છે.

જિલ્લા ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અને વહીવટી તંત્ર દ્વારા ગ્રેનફ્યુઅલ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડના સમગ્ર મેનેજમેન્ટ તથા ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે. આવા સહયોગથી ક્ષયરોગના દર્દીઓને સમયસર સારવાર, પોષણ સહાય, જાગૃતિ અને સતત અનુસરણ જેવી સેવાઓને વધુ મજબૂતી મળશે અને ક્ષયમુક્ત ભારતના લક્ષ્યને ઝડપી ગતિ મળશે. જિલ્લા કલેકટરશ્રી એન.વી. ઉપાધ્યાય માને છે તે મુજબ ક્ષયરોગ સામેની લડાઈ માત્ર સરકારની નહીં, પરંતુ સમગ્ર સમાજની જવાબદારી છે. ઉદ્યોગગૃહો, સંસ્થાઓ, વેપારીઓ, સેવાભાવી વ્યક્તિઓ અને સમાજના દરેક વર્ગની સક્રિય ભાગીદારીથી જ આપણે ક્ષયમુક્ત ભારતનું સ્વપ્ન સાકાર કરી શકીશું. જિલ્લા ક્ષય નિયંત્રણ કાર્યક્રમ દ્વારા તમામ દાતાશ્રીઓ, ઉદ્યોગગૃહો, સંસ્થાઓ અને સમાજસેવીઓને હાર્દિક અપીલ કરવામાં આવે છે કે તેઓ પણ આ પવિત્ર અભિયાનમાં જોડાઈ ;નિ-ક્ષય મિત્ર ; બની ક્ષયરોગના દર્દીઓને દત્તક લે, પોષણ સહાય અને જરૂરી સહયોગ પૂરો પાડી રાષ્ટ્રસેવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપે.... ટીબી હારેગા દેશ જીતેગા એ માત્ર ટીબી મુક્ત ભારત અભિયાનનું સ્લોગન જ નહી પણ જનભાગીદારીનું પ્રેરક ઉદાહરણ બની રહ્યું છે સાચા અર્થમાં જનભાગીદારી જન સમસ્યાઓનો હલ બની રહી આગળ આવી રહી છે.

# 'આવી હાર સ્વીકાર્ય નથી' : કેપ્ટન શ્રેયસે ખરાબ રીતે હાર્યા બાદ જવાબદારી લીધી, ગંભીરે સેમસનની વાપસીના સંકેત આપ્યા

**નવી દિલ્હી, તા.08**

ટીમ ઈન્ડિયાને મંગળવારે ટી-20 ક્રિકેટમાં પોતાની સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો. તેને ઈંગ્લેન્ડે ત્રીજી મેચમાં 125 રનથી હરાવ્યું. ટ્રેન્ટ બ્રિજ સ્ટેડિયમમાં 202 રનનો પીછો કરી રહેલી ટીમ ઈન્ડિયા માત્ર 76 રન પર ઓલઆઉટ થઈ ગઈ.



મેચ પછી ભારતીય કેપ્ટન શ્રેયસ ઐયરે ટીમના પ્રદર્શનને ખૂબ જ ખરાબ ગણાવ્યું. જ્યારે, હેડ કોચ ગંભીર બચાવ કરતા જોવા મળ્યા. તેમણે સિરીઝમાં સંજુ સેમસનની વાપસીના સંકેત પણ આપ્યા. ભારતીય ટીમ અય્યરની કપ્તાનીમાં ચોથી ટી-20 મેચ હારી છે. તેઓ આ મેચમાં માત્ર 5 રન જ બનાવી શક્યો. ભારતીય કેપ્ટને બોલરોના પ્રદર્શન પર કહ્યું- 'મને નથી લાગતું કે આ 200 રનવાળી વિકેટ હતી.' તેમણે બેટ્સમેનોના પ્રદર્શન પર કહ્યું-

પાવરપ્લેમાં અમારી ચાર વિકેટ પડી ગઈ. અહીંથી જ અમે મેચમાં પાછળ રહી ગયા. હાર્ડ લેન્થ પર બેટિંગ કરવી મુશ્કેલ હતી અને અમે તેને બરાબર લાગુ કરી શક્યા નહીં.

પોસ્ટ મેચ પ્રેસ કોન્ફરન્સમાં કોચ ગૌતમ ગંભીરે કહ્યું-

જ્યારે તમે નવી શરૂઆત (રીસેટ) કરો છો, ત્યારે વસ્તુઓને પાટા પર આવવામાં સમય લાગે છે. 15 વર્ષનો ખેલાડી ઓપનિંગ કરી રહ્યો છે, પ્રિન્સ યાદવ પોતાની બીજી ટી-20 મેચ રમી રહ્યો છે. હર્ષિત રાણા ઈજા બાદ વાપસી કરી રહ્યો છે.

ગંભીરે આગળ કહ્યું-

આપણે ઘણીવાર માત્ર પરિણામો જોઈએ છીએ. જે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં મહત્વપૂર્ણ છે. પરંતુ, આપણે વ્યવહારુ પણ બનવું પડશે. ઈંગ્લેન્ડ જેવી મજબૂત ટીમ સામે યુવાનોને તક આપીશું. તો તેમને પોતાને વિકસિત કરવાનો સમય પણ આપવો પડશે.

ગંભીરે કહ્યું- સેમસનની વાપસીના દરવાજા બંધ નથી

ગંભીરે વિકેટકીપર બેટર સંજુ સેમસનને પ્લેઈંગ-11 માંથી બહાર કરવા પર પહેલીવાર ખુલીને પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું- 'સંજુ સેમસનને જેટલી સ્પષ્ટતા મળવી જોઈતી હતી, તે મેં તેમને આપી દીધી છે. તે વાતચીત એક કોચ અને ખેલાડી વચ્ચે થઈ છે. તેની જાણકારી સાર્વજનિક કરી શકાતી નથી.' કોચે એ પણ સ્પષ્ટ કર્યું કે ઈંગ્લેન્ડ સામે ચાલી રહેલી ટી-20 શ્રેણીમાં તેની વાપસીની સંભાવના સમાપ્ત થઈ નથી. પૂર્વ ભારતીય વિકેટકીપર-બેટ્સમેન દિનેશ કાર્તિકે હર્ષિત રાણાને શિવમ દુબે પહેલાં બેટિંગ માટે મોકલવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા છે. ટીમ ઈન્ડિયાએ પાવરપ્લેની અંદર 5મી વિકેટ ગુમાવી દીધી હતી અને સ્કોર માત્ર 52 રન હતો.

અહીં અક્ષર પટેલ આઉટ થયા પછી ઓલરાઉન્ડર શિવમ દુબેની જગ્યાએ ફાસ્ટ બોલર હર્ષિત રાણાને મોકલવામાં આવ્યો. આના પર કોમેન્ટ્રી દરમિયાન કાર્તિકે આશ્ચર્ય વ્યક્ત કર્યું. તેમણે કહ્યું- 'શું તમે ગંભીર છો? હર્ષિત રાણાને શિવમ દુબે પહેલાં મોકલવામાં આવ્યો? આવું ન થવું જોઈએ.'

# ભારતની ટી-20માં સૌથી મોટી હાર : ટીમે પોતાનો બીજો સૌથી ઓછો સ્કોર પણ બનાવ્યો

**નવી દિલ્હી, તા.08**

ઈંગ્લેન્ડે ત્રીજી ટી-20 મેચમાં ભારતને 125 રનથી હરાવ્યું. ટી-20માં ભારતની આ સૌથી મોટી હાર છે. ટીમ 76 રન પર ઓલઆઉટ થઈ. આ ફોર્મેટમાં ભારતનો આ બીજો સૌથી ઓછો સ્કોર છે.

નોટિંગહામના ટ્રેન્ટ બ્રિજ પર રમાયેલી મેચ જોવા માટે બર્થડે બોય એમએસ ધોની પણ સ્ટેડિયમ પહોંચ્યો હતો. જ્યારે વૈભવ સૂર્યવંશી સતત બીજી મેચમાં ફ્લોપ રહ્યો. તેમને જોફ્રા આર્ચરે 13 રન પર આઉટ કર્યો. ભારતને રનના હિસાબે પોતાની સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો. ટ્રેન્ટ બ્રિજમાં ભારત 125 રનથી હારી ગયું. ટીમને રનના હિસાબે 2019માં સૌથી મોટી હાર મળી હતી. ત્યારે ન્યુઝીલેન્ડે વેલિંગ્ટનમાં ભારતને 80 રનથી હરાવ્યું હતું.

2. ભારત 76 રન પર ઓલઆઉટ

ભારતીય ટીમ તેના બીજા સૌથી ઓછા સ્કોર પર ઓલઆઉટ થઈ. ભારતીય ટીમ 76 રન બનાવીને ઓલઆઉટ થઈ. આ ટી-20માં ભારતનો બીજો સૌથી ઓછો સ્કોર છે. ટીમનો ટી-20માં સૌથી ઓછો સ્કોર 74 રન છે. આ તેમણે 2008માં ઓસ્ટ્રેલિયા સામે મેલબોર્નમાં બનાવ્યો હતો.



3. ભારત સતત 5 મેચથી જીત્યું નથી

ભારત માટે આ સતત પાંચમી મેચ છે, જ્યારે તેને જીત મળી નથી. આ જીત વિનાની ટીમ માટે સૌથી મોટી સ્ટ્રીક છે. આ પહેલા ટીમનો ખરાબ સિલસિલો 4 મેચનો હતો.

4. ઈંગ્લેન્ડનો ભારત સામે ચોથો 200+ સ્કોર

ઈંગ્લેન્ડે ભારત સામે ચોથી વખત 200+નો સ્કોર બનાવ્યો છે. ઈંગ્લેન્ડે ટ્રેન્ટ બ્રિજના મેદાન પર 7 વિકેટે 201 રન બનાવ્યા. આ ભારત સામે તેનો ત્રીજો સૌથી મોટો સ્કોર પણ છે. તેમણે આ જ વર્ષે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ભારત સામે સૌથી મોટો સ્કોર બનાવ્યો હતો. તેમણે 20 ઓવરમાં 7 વિકેટે 246 રન બનાવ્યા હતા.

5. શ્રેયસે રોહિતની બરાબરી કરી

શ્રેયસ ઐયરે સતત પાંચમો ટૉસ જીત્યો. તેણે ટી-20માં સૌથી વધુ ટૉસ જીતનારા ભારતીય કેપ્ટનોમાં રોહિતની બરાબરી કરી. ભારત માટે ટી-20માં સતત સૌથી વધુ ટૉસ જીતવાનો રેકોર્ડ ધોનીના નામે છે. તેણે 2010 થી 2012 વચ્ચે સતત 7 ટૉસ જીત્યા હતા.

# સંજુ સેમસનની ટીમમાંથી બાદબાકી નથી થઈ : ભવિષ્યના મોટા પ્લાન અંતર્ગત BCCIનો નિર્ણય

**નવી દિલ્હી, તા.08**

સંજુ સેમસનને ભારતીય ટીમમાંથી બહાર કરવામાં આવ્યો નથી. સિલેક્શન અને ટીમ મેનેજમેન્ટે 2028 ટી-20 વર્લ્ડ કપની તૈયારી શરૂ કરી દીધી છે. આ જ યોજના હેઠળ ઝિમ્બાબ્વે પ્રવાસ માટે વિકેટકીપર-બેટ્સમેન પ્રભસિમરન સિંહને તક આપવામાં આવી છે. રિપોર્ટ્સ અનુસાર, બોર્ડે આ નિર્ણયની જાણકારી સંજુને પણ આપી દીધી છે. તે સપ્ટેમ્બરમાં જાપાનમાં યોજાનાર એશિયન ગેમ્સ માટે પહેલેથી જ ભારતીય ટીમમાં સામેલ છે.

એક દિવસ પહેલા BCCIએ 23 થી 26 જુલાઈ સુધી ઝિમ્બાબ્વેમાં યોજાનારી ત્રણ મેચની ટી-20 શ્રેણી માટે 15 સભ્યોની ટીમની જાહેરાત કરી હતી.



આમાં ટી-20 વર્લ્ડ કપ 2026ના પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ સંજુ સેમસનને સ્થાન મળ્યું ન હતું.

શ્રેયસ ઐયર (કેપ્ટન), તિલક વર્મા (વાઈસ-કેપ્ટન), વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, સંજુ સેમસન, ઈશાન કિશન, શિવમ દુબે, નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, વરુણ ચક્રવર્તી, જસપ્રીત બુમરાહ, હર્ષિત રાણા અને અર્શદીપ સિંહ.

ઝિમ્બાબ્વે સિરીઝમાં નવા ખેલાડીઓને તક

સિલેક્શન કમિટીએ ઝિમ્બાબ્વે સિરીઝમાં નવા ખેલાડીઓને તક આપી છે. પ્રભસિમરન સિંહ, યશ ઠાકુર, અશોક શર્મા અને હર્ષ દુબેને પ્રથમ વખત ટી-20 ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે. રિંકુ સિંહ અને મયંક યાદવની વાપસી થઈ છે.

પ્રભસિમરનને IPL પર્ફોર્મન્સનો ફાયદો મળ્યો

ઝિમ્બાબ્વેમાં પસંદગીકારોએ પ્રભસિમરન સિંહને આંતરરાષ્ટ્રીય અનુભવ આપવાનો નિર્ણય કર્યો.

# મેસ્સી મેજિકથી આર્જેન્ટિના ક્વાર્ટર ફાઈનલમાં! : 13 મિનિટમાં 3 ગોલ કરી ઈજિપ્તને ઘર ભેગું કર્યું, જીત બાદ મેદાન પર રડ્યો ને ટી-શર્ટ કાઢ્યું

**નવી દિલ્હી, તા.08**

ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ઈજિપ્તને 3-2થી હરાવીને ફૂટબોલ વર્લ્ડ કપના ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવી લીધું. મંગળવારે એટલાન્ટા સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં આર્જેન્ટિના 78મી મિનિટ સુધી 2-0 થી પાછળ હતું.

અહીંથી રોમેરો (79મી મિનિટ), મેસ્સી (83મી મિનિટ) અને ફર્નાન્ડિઝ (ઈન્જરી ટાઈમના ત્રીજા મિનિટ) એ 13 મિનિટમાં 3 ગોલ કરીને ટીમને જીત અપાવી. વર્લ્ડ કપના ઈતિહાસમાં આવું પહેલીવાર બન્યું છે, જ્યારે આર્જેન્ટિનાની ટીમ બે ગોલથી પાછળ રહ્યા પછી જીતી છે.



મેસ્સીએ આ ટુર્નામેન્ટમાં 8મો ગોલ કર્યો. તે સૌથી વધુ ગોલ સાથે ગોલ્ડન બૂટની રેસમાં પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. જીત બાદ મેસ્સી મેદાન પર જ ધ્રુસકે-ધ્રુસકે રડવા લાગ્યો. આર્જેન્ટિનાનો મુકાબલો 12 જુલાઈએ સ્વિટ્ઝર્લેન્ડ સામે થશે. આ સાથે ક્વાર્ટર ફાઈનલની 8 ટીમો નક્કી થઈ ગઈ છે. સ્વિટ્ઝર્લેન્ડ 72 વર્ષ પછી પહેલીવાર વર્લ્ડ કપના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યું છે. તેણે આ પહેલા 1954માં વર્લ્ડ કપમાં અંતિમ-8માં સ્થાન બનાવ્યું હતું.

મોરોક્કો સતત બીજા વર્લ્ડ કપમાં નોકઆઉટ તબક્કામાં પહોંચનારી પ્રથમ આફ્રિકન ટીમ બની ગઈ છે. 2022માં તેણે સેમિફાઈનલ સુધી પહોંચીને ઈતિહાસ રચ્યો હતો.

ક્વાર્ટર ફાઈનલ લાઈનઅપમાં મોરોક્કો, બેલ્જિયમ, નોર્વે અને સ્વિટ્ઝર્લેન્ડ એવી ટીમો છે, જેમણે અત્યાર સુધી એક પણ ખિતાબ જીત્યો નથી.

# 'સમાજના દબાણમાં આવીને લગ્ન કે બાળક નહીં કરું':ક્રિતિ સેનને એગ્સ ફ્રીઝ કરાવ્યા

**મુંબઈ, તા.08**

બોલિવૂડ એક્ટ્રેસ ક્રિતિ સેનને ખુલાસો કર્યો છે કે, તેણે તેની ફિલ્મ 'મિમી'ની તૈયારી દરમિયાન તેના એગ્સ ફ્રીઝ કરાવ્યા હતા. 'હ્યુમન્સ ઓફ બોમ્બે'ને આપેલા એક ઈન્ટરવ્યુમાં ક્રિતિએ જણાવ્યું કે, આ ફિલ્મના રોલ માટે તેને વજન વધારવું પડ્યું હતું.

કારણ કે એગ્સ ફ્રીઝિંગની પ્રક્રિયામાં શરીરમાં ભારેપણું આવે છે, તેથી તેણે આ સમયનો સમજદારીપૂર્વક ઉપયોગ કર્યો. 35 વર્ષની ક્રિતિએ કહ્યું કે, તે બાયોલોજિકલ ક્લોક કે કોઈ પણ પ્રકારના સામાજિક દબાણને કારણે લગ્ન કે બાળકનો નિર્ણય લેવા માંગતી નથી. વજન વધારવાના સમયનો ઉપયોગ કર્યો ક્રિતિ સેનને જણાવ્યું કે, ફિલ્મ 'મિમી' માટે તેને એક મોટું ફિઝિકલ ટ્રાન્સફોર્મેશન કરવાનું હતું. તેને પોતાના પાત્ર માટે ઘણું વજન વધારવાનું હતું. આ જ સમયગાળા દરમિયાન તેણે એગ ફ્રીઝિંગ કરાવવાનો નિર્ણય કર્યો. ક્રિતિના મતે, તેને કોઈએ સલાહ આપી હતી કે, જો તમે આવું કરી શકો છો, તો આ પોતાને આપવામાં આવતી સૌથી સારી ભેટ



છે. આ વાત તેમના મગજમાં બેસી ગઈ હતી અને જ્યારે તેને ફિલ્મ માટે વજન વધારવાનું કહેવામાં આવ્યું, ત્યારે તેને લાગ્યું કે આ એગ ફ્રીઝિંગ કરાવવાનો સૌથી યોગ્ય સમય છે.

લગ્ન અને બાળકો માટે કોઈ દબાણ નથી ઈચ્છતી એગ ફ્રીઝિંગ કરાવવાનું કારણ જણાવતા ક્રિતિએ કહ્યું કે, તે ભવિષ્યમાં માતા બનવાના સમયને લઈને કોઈ પણ પ્રકારના દબાણમાં રહેવા માંગતી નથી. તે ક્યારેય આ વાતથી બંધાવવા માંગતી નથી કે તેને ઉંમરના કારણે અત્યારે લગ્ન કરવાના છે કે, અત્યારે બાળકો પેદા કરવાના છે. ક્રિતિએ કહ્યું કે, 'લગ્ન કે બાળકનો નિર્ણય વ્યક્તિએ ત્યારે લેવો જોઈએ, જ્યારે તે અંદરથી તેના માટે સંપૂર્ણપણે તૈયાર અનુભવે. આ નિર્ણય કોઈ ઘડિયાળના કાંટા કે દબાણને જોઈને ન થવો જોઈએ.'

એગ્સ ફ્રીઝિંગની પ્રક્રિયા શું છે? એગ્સ ફ્રીઝિંગ કરવું એ એક તબીબી પ્રક્રિયા છે, જેમાં સ્ત્રીના એગ્સને બહાર કાઢીને ફર્ટિલાઈઝ કર્યા વિના ફ્રીઝ કરવામાં આવે છે. ત્યારબાદ તેને ભવિષ્યમાં ઉપયોગ માટે સુરક્ષિત રીતે સંગ્રહિત કરવામાં આવે છે.

આ ટેકનિક એવી મહિલાઓને મદદ કરે છે, જેઓ કોઈ કારણસર પોતાની ગર્ભાવસ્થા કે માતૃત્વને થોડા સમય માટે મુલતવી રાખવા માંગે છે. ક્રિતિએ આ પ્રક્રિયાની હોર્મોનલ અને ભાવનાત્મક અસરો વિશે પણ વાત કરી અને તેને મહિલાઓ માટે એક સારો વિકલ્પ ગણાવ્યો.

તાજેતરમાં હિટ રહેલી ફિલ્મ 'કોકટેલ 2' વર્કફ્રન્ટની વાત કરીએ તો, ક્રિતિ સેનનની ફિલ્મ 'કોકટેલ 2' થોડા સમય પહેલાં જ રિલીઝ થઈ છે. આ ફિલ્મમાં તેની સાથે શાહિદ કપૂર અને રશ્મિકા મંદાના મુખ્ય ભૂમિકાઓમાં છે. હોમી અડજાનિયાના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મની વાર્તા લવ રંજન અને તરુણ જૈને લખી છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ સાબિત થઈ અને તેણે વિશ્વભરમાં 130 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે.

આજની મહિલાઓ પોતાના જીવનનું આયોજન કેલેન્ડર અને ડેડલાઈન્સ મુજબ કરી રહી છે. ક્યારે અભ્યાસ પૂરો થશે, ક્યારે કરિયર સેટ થશે, ક્યારે આર્થિક સ્થિરતા આવશે. પરંતુ શરીરનું બાયોલોજિકલ કેલેન્ડર આ યોજનાઓથી અલગ ચાલે છે. અહીંથી જ શરૂ થાય છે તે ટકરાવ, જ્યાં મન કહે છે "હજી નહીં" અને શરીર ચૂપચાપ સમય ગણતું રહે છે. આ જ ગાળામાં એક મેડિકલ વિકલ્પ સામે આવ્યો છે - એગ ફ્રીઝિંગ. તેને "ફર્ટિલિટીનું પોઝ બટન" પણ કહેવાય છે, જેને મહિલાઓ હવે વધુ આત્મવિશ્વાસથી દબાવી રહી છે.

# પ્રભાસને જોકર કહેવા પર અરશદ વારસીની સ્પષ્ટતા : કહ્યું, 'હું ફક્ત મિત્રો સાથે જ મજાક કરું છું, જીવનને હળવાશથી જીવો

**મુંબઈ, તા.08**

અરશદ વારસીએ થોડા સમય પહેલા ફિલ્મ 'કલ્કિ 2898AD'ની ટીકા કરતા કહ્યું હતું કે, 'ફિલ્મમાં પ્રભાસ જોકર જેવા લાગી રહ્યા હતા.' આ નિવેદન પર તેમની સખત ટીકા થઈ અને ફિલ્મના ડિરેક્ટર નાગ અશ્વિન અને એક્ટર સુધીર બાબુએ તેમના નિવેદનની નિંદા કરી. હવે અરશદે આ વિવાદ પર મૌન તોડ્યું છે અને કહ્યું છે કે, તે ફક્ત તેમની સાથે મજાક કરે છે, જેમને તેઓ ઓળખે છે.



'હું માત્ર મારા મિત્રો સાથે જ મજાક કરું છું'

પ્રભાસ પર આપેલા નિવેદન પર અરશદ વારસીએ 'ન્યૂઝ 18'ને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું છે, 'હું ફક્ત મારા મિત્રો સાથે જ મજાક કરું છું. સાચું કહું તો હું બીજા કોઈ સાથે મજાક કરતો નથી. જો મારે કોઈ મજાક કરવી હોય, તો હું ફક્ત તે જ લોકો સાથે કરું છું, જેમને હું સારી રીતે ઓળખું છું અને જે મારા મિત્રો છે.'

એક્ટરે આગળ કહ્યું, 'મને ખબર હોય છે કે તેમની સામે શું કહેવું છે અને કેટલી હદ સુધી કહેવું છે. પરંતુ જો હું કોઈને ઓળખતો નથી, તો તેની સામે કંઈપણ કહેતો નથી, કારણ કે મને તેના વિશે કોઈ માહિતી હોતી નથી. વાત બસ આટલી જ છે.' વાતચીતમાં અરશદે કહ્યું કે, આજકાલ સોશિયલ મીડિયા પર દરેક વાતને લઈને એટલી બધી તપાસ થાય છે કે લોકોને મજાકને મજાકની જેમ લેતા શીખવું જોઈએ. તેમણે કહ્યું, 'આપણે બધાએ થોડા હળવાશથી જીવવું જોઈએ.'

અરશદનું માનવું છે કે, વાસ્તવિક જીવન ઉપરાંત ફિલ્મોમાં બતાવવામાં આવતી મજાકને પણ લોકોએ મજાકની જેમ જ લેવી જોઈએ. તેણે ફિલ્મ 'મુન્નાભાઈ એમબીબીએસ'ના તે ડાયલોગનું ઉદાહરણ આપ્યું, જેમાં તેણે એક ચીની ટુરિસ્ટને હક્કા નૂડલ્સ કહ્યું હતું. અરશદે કહ્યું, 'તેમાં કંઈ પણ વાંધાજનક નથી. આજે લોકો તેનું વધુ વિશ્લેષણ કરી શકે છે, પરંતુ તે ખોટું નથી. જેમ આપણે કોઈ છોકરાને મજાકમાં 'વાળની દુકાન' કહી દઈએ છીએ, તેમાં પણ કંઈ વાંધાજનક હોતું નથી.' જોકે, અરશદ એમ પણ કહે છે કે, તે 'સેલ્ફ સેન્સરશિપ' એટલે કે સ્વયં પર સંયમ રાખવામાં વિશ્વાસ રાખે છે. તેણે કહ્યું, 'દરેક વ્યક્તિએ તેનું પાલન કરવું જોઈએ. હું વ્યક્તિગત રીતે પાકિસ્તાની હ્યુમરનો મોટો પ્રશંસક નથી.

# લસ્સી પ્રમોટ કરી, પણ પીધી નહીં : સલમાનની હીરોઈન ભાગ્યશ્રીનું બેવડું વલણ

**મુંબઈ, તા.08**

સલમાન ખાનની ફિલ્મ 'મૈંને પ્યાર કિયા'ની લીડ એક્ટ્રેસ ભાગ્યશ્રી તાજેતરમાં એક વીડિયોને કારણે ટ્રોલર્સના નિશાના પર આવી ગઈ હતી. ખરેખર, ભાગ્યશ્રીએ બનારસમાં એક લસ્સીની દુકાનમાંથી લસ્સી લીધી, તેને પ્રમોટ કરી અને થોડીવાર પછી જ તેણે એમ કહીને આખી લસ્સી છોડી દીધી કે તેમાં ખાંડ અને ફેટ ખૂબ વધારે છે. વીડિયો વાયરલ થયા પછી ભાગ્યશ્રીના આ બેવડા વલણ પર પ્રશ્ન ઉઠાવતા લોકોએ તેની જોરદાર ટીકા કરી. મજાક ઉડતા ભાગ્યશ્રીએ એક વીડિયો જાહેર કરીને ટ્રોલર્સને ફટકાર લગાવી છે. ભાગ્યશ્રીએ ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પરથી એક વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તે લસ્સી ટેસ્ટ



કરતી જોવા મળી. આ સાથે તેણે સ્પષ્ટતામાં લખ્યું છે, 'હું સવારે 3 વાગ્યાથી જ જાગી રહી હતી. મંગળા આરતીમાં સામેલ થયા પછી ભયંકર ગરમીમાં ગંગા ઘાટ પર ચાલી. આવા સંજોગોમાં આ લસ્સી મારા માટે કોઈ એનર્જી બૂસ્ટરથી ઓછી નહોતી. ઉપર નાખેલા ડ્રાય ફ્રુટ્સે તેના સ્વાદમાં કરકરાપણું ઉમેર્યું, જેનો મેં ખૂબ આનંદ લીધો. આગળ તેણે લખ્યું, 'શ્રેષ્ઠ સ્વાદની સાથે-સાથે તેમાં તેને બનાવનારાઓનો આત્મીયતા અને પ્રેમ પણ ભળેલા હતા. આ વીડિયોની એક ક્લિપ સોશિયલ મીડિયા પર એવું કહીને વાયરલ કરવામાં આવી રહી છે કે, આ નકલી પ્રમોશન હતું. શું તમે ત્યાં હાજર હતા? શું તે કહેવાતી 'ફેક' ક્લિપ દરમિયાન કોઈએ એવું સાંભળ્યું કે રેકોર્ડ કર્યું કે મેં કહ્યું હોય, 'આ બહુ મીઠી છે, હું તેને નહીં પીઉં?' આખરે ભાગ્યશ્રીએ લખ્યું, 'શું તમારી માતાએ ક્યારેય ગરમીમાં તમને લસ્સી નથી પીવડાવી? ખોટું તો અડધો વીડિયો અને અધૂરી માહિતી સાથે તેને સોશિયલ મીડિયા પર અપલોડ કરવું હોય છે. સ્થાનિક ભોજન કે સ્થાનિક દુકાનદારોને પ્રોત્સાહન આપીને કોઈ પૈસા કમાતું નથી. આનાથી ફક્ત એટલો ફાયદો થાય છે કે, સ્થાનિક ભોજન અને નાના વિક્રેતાઓને સમર્થન મળે છે.

# 3 વર્ષની લડાઈ, 127 કટ્સ છતાં કેમ બેન થઈ 'સતલજ'?

**મુંબઈ, તા.08**

એક્ટર અને સિંગર દિલજીત દોસાંઝની ફિલ્મ 'સતલજ' છેલ્લા કેટલાક દિવસોથી ભારે ચર્ચા અને વિવાદોમાં ઘેરાયેલી છે. આ ફિલ્મ લાંબી કાનૂની લડાઈ બાદ OTT પ્લેટફોર્મ પર રિલીઝ તો થઈ, પરંતુ ગણતરીના કલાકોમાં જ તેને હટાવી દેવામાં આવી છે. બીજી તરફ, પ્રતિબંધ હોવા છતાં આ ફિલ્મ ટેલિગ્રામ જેવા પ્લેટફોર્મ પર લીક થતાં નવો વિવાદ સર્જાયો છે.

શું છે ફિલ્મ 'સતલજ'ની કહાની અને વિવાદ?

ફિલ્મ 'સતલજ'નું અગાઉનું નામ 'પંજાબ 95' રાખવામાં આવ્યું હતું. આ ફિલ્મ પંજાબના જાણીતા માનવાધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલરાના જીવન પર આધારિત એક બાયોપિક ડ્રામા છે. 80 અને 90ના



દાયકામાં પંજાબમાં ઉગ્રવાદના ગાળા દરમિયાન હજારો અજ્ઞાત મૃતદેહોના કથિત ગેરકાનૂની અંતિમ સંસ્કારના મામલાનો જસવંત સિંહે પર્દાફાશ કર્યો હતો. વર્ષ 1995માં તેમનું અપહરણ કરી હત્યા કરવામાં આવી હતી. આ વિષય રાજકીય રીતે અત્યંત સંવેદનશીલ હોવાથી સેન્સોર્સ બોર્ડ (CBFC) સાથે મેકર્સની 3 વર્ષ સુધી લડાઈ ચાલી હતી. CBFC દ્વારા ફિલ્મમાં 127 કટ લગાવવા અને જસવંત સિંહ ખાલરાનું નામ બદલવા સુધીની માંગ કરવામાં આવી હતી. આ ફિલ્મ 3 જુલાઈના રોજ OTT પ્લેટફોર્મ ZEE5 પર રિલીઝ કરવામાં આવી હતી. જોકે, રિલીઝના માત્ર 48 કલાકની અંદર, એટલે કે 5 જુલાઈના રોજ તેને પ્લેટફોર્મ પરથી હટાવી દેવામાં આવી. ZEE5 પ્લેટફોર્મે આ અંગે કોઈ ચોક્કસ કાનૂની કારણ આપ્યા વિના માત્ર 'વર્તમાન પરિસ્થિતિઓ'નો હવાલો આપ્યો છે. કંપનીએ જણાવ્યું કે, 'વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખીને 'સતલજ' ફિલ્મ આગામી સૂચના સુધી ભારતમાં ઉપલબ્ધ રહેશે નહીં.' જોકે, પ્લેટફોર્મે ઉમેર્યું કે તેઓ ફિલ્મ અને તેના મેકર્સની સાથે છે અને યોગ્ય પ્રક્રિયા દ્વારા ફિલ્મને ટૂંક સમયમાં પરત લાવવા પ્રયત્નશીલ છે.

ફિલ્મ વિવાદિત બનવાના મુખ્ય 5 કારણો:

લોકશાહી પર સવાલ: ફિલ્મ દર્શાવે છે કે 80-90ના દાયકામાં પંજાબમાં સિસ્ટમ દ્વારા કેવી રીતે લોકશાહીને દબાવવાનો પ્રયાસ કરાયો હતો.

માનવાધિકારનું ઉલ્લંઘન: વહીવટીતંત્ર દ્વારા પરિવારોને જાણ કર્યા વિના જ લાશોના અંતિમ સંસ્કાર કરી દેવાની સચ્ચાઈ આ ફિલ્મમાં ઉજાગર કરાઈ છે.

ફેક એન્કાઉન્ટર: વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવેલા કથિત નકલી એન્કાઉન્ટરનો મુદ્દો ફિલ્મમાં ઉઠાવવામાં આવ્યો છે.

# પેટ્રોલ-ડીઝલ પર ઓઇલ કંપનીઓ ₹11 પ્રતિ લિટર નફો કમાય છે : પરંતુ સામાન્ય લોકોને રાહત નથી, ક્રૂડ ઓઇલ 6 મહિનાના નીચલા સ્તરે

**2018માં ક્રૂડ ઓઈલના ભાવ 80.08 ડોલર/બેરલ હતા. ત્યારે દિલ્હીમાં પેટ્રોલ 72.15 રૂપિયા અને ડીઝલ 70.21 રૂપિયા પ્રતિ લિટર હતું.**




નવી દિલ્હી, તા.08

અમેરિકા-ઈરાન યુદ્ધ દરમિયાન રેકોર્ડ ઊંચાઈએ પહોંચેલા ક્રૂડ ઓઈલના ભાવ હવે 6 મહિનાના નીચલા સ્તરે આવી ગયા છે. ભારતીય બાસ્કેટનું ક્રૂડ ઓઈલ 68.69 ડોલર/બેરલ સુધી આવી ગયું છે. આ યુદ્ધ દરમિયાન બનેલી 157 ડોલરની ટોચથી લગભગ 56% ઓછું છે. આમ છતાં સામાન્ય માણસને પેટ્રોલ-ડીઝલના છૂટક ભાવમાં કોઈ રાહત મળી નથી.

ડીએએમ કેપિટલ મુજબ, વર્તમાન કિંમતે તેલ કંપનીઓ પેટ્રોલ પર 10.5 અને ડીઝલ પર 11 રૂપિયા પ્રતિ લિટર સુધી માર્જિન કમાઈ રહી છે. ક્રૂડ ઓઈલના ભાવ 1 જૂન પછી 87 ડોલરથી નીચે છે. આ દરે તેલ કંપનીઓ બ્રેક ઈવન એટલે કે ન નફો, ન નુકસાનમાં રહે છે. એટલે કે કંપનીઓ પૂરા 36 દિવસથી નફામાં જ છે. ઈરાન-અમેરિકા વચ્ચે 8 એપ્રિલે પ્રથમ યુદ્ધવિરામ થયા પછી ક્રૂડ ઓઈલના ભાવ 115 ડોલરથી નીચે રહ્યા.

**ક્રૂડ 75 ડોલર હોય કે 120, પેટ્રોલના ભાવ એક સરખા**

2018માં ક્રૂડ ઓઈલના ભાવ 80.08 ડોલર/બેરલ હતા. ત્યારે દિલ્હીમાં પેટ્રોલ 72.15 રૂપિયા અને ડીઝલ 70.21 રૂપિયા પ્રતિ લિટર હતું. 2020માં ક્રૂડ ઓઈલ 43.41 ડોલર/બેરલ થઈ ગયું. પરંતુ પેટ્રોલ 68.20 રૂ./લિટર જ રહ્યું. 2022માં ક્રૂડ ઓઈલના ભાવ 119 ડોલર/બેરલ સુધી પહોંચ્યા.

ત્યારે પેટ્રોલ 96.72 રૂ./લિટર અને ડીઝલ 89.62 રૂ./લિટર થઈ ગયું. જાન્યુઆરી 2023માં ક્રૂડ ઓઈલના ભાવ 75 ડોલર સુધી પહોંચ્યા. પરંતુ ભાવ યથાવત રહ્યા. ઓઈલ કંપનીઓની દલીલ હતી કે હાલ જૂના નુકસાનની ભરપાઈ થઈ રહી છે.

**ઓઈલ કંપનીઓને ચોથા ક્વાર્ટરમાં પણ ફાયદો થયો**

ક્રૂડ ઓઈલના સૌથી ઝડપી વધારાના દિવસોમાં પણ ઓઈલ કંપનીઓના ચોથા ક્વાર્ટર (જાન્યુઆરીથી માર્ચ 2026)ના પરિણામો નકારાત્મક આવ્યા ન હતા. દેશની ચાર મોટી ઓઈલ કંપનીઓનો નફો ગયા વર્ષ 2024-25ના ચોથા ક્વાર્ટરની સરખામણીમાં 22% સુધી વધુ રહ્યો. સૌથી ઝડપી યુદ્ધના 33 દિવસ આ જ ક્વાર્ટરમાં સામેલ હતા. આ સમયગાળા દરમિયાન ઈન્ડિયન બાસ્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવ 157 ડોલર/બેરલ સુધી પહોંચ્યા હતા. માર્ચમાં ક્રૂડ ઓઈલના સરેરાશ ભાવ 125.7 ડોલર/બેરલ હતા.

**1 જુલાઈએ નાયરાએ પેટ્રોલ 5 અને ડીઝલ 3 સસ્તું કર્યું હતું**

દેશની સૌથી મોટી પ્રાઈવેટ ફ્યુઅલ રિટેલર કંપની નાયરા એનર્જીએ 1 જુલાઈએ પેટ્રોલના ભાવમાં 5 રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલમાં 3 રૂપિયા પ્રતિ લિટરનો ઘટાડો કર્યો હતો. હવે ભોપાલમાં નાયરાના પેટ્રોલની કિંમત 119.79 રૂપિયાથી ઘટીને 114.79 રૂપિયા અને ડીઝલ 102.57 રૂપિયાથી ઘટીને 99.57 રૂપિયા પર આવી ગયું છે.

ત્યારે પણ સરકારી તેલ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) એ કિંમતોમાં કોઈ ફેરફાર કર્યો ન હતો.

**સરકારી કંપનીઓએ મે મહિનામાં વધારો કર્યો હતો**

પ્રાઈવેટ કંપની દ્વારા ભાવ વધાર્યા બાદ સરકારી તેલ કંપનીઓએ પણ કિંમતો વધારી હતી. મે મહિનામાં IOC, BPCL અને HPCL એ મોંઘા આંતરરાષ્ટ્રીય ક્રૂડનો હવાલો આપતા હપ્તામાં પેટ્રોલ અને ડીઝલ બંનેના ભાવમાં કુલ 7.50-7.50 પ્રતિ લિટરનો વધારો કર્યો હતો. દેશના 1 લાખથી વધુ પેટ્રોલ પંપોમાંથી 90% થી વધુ પર આ ત્રણેય સરકારી કંપનીઓનું નિયંત્રણ છે.

# સોનું ₹177 વધીને ₹1.44 લાખ પર પહોંચ્યું : આ વર્ષે ₹11 હજાર મોંઘું થયું, ચાંદી ₹150 વધીને ₹2.27 લાખ પ્રતિ કિલો થઈ

મુંબઈ, તા.08

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 8 જુલાઈના રોજ વધારો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ 177 રૂપિયા વધીને 1.44 લાખ રૂપિયા થયો છે. જ્યારે, 1 કિલો ચાંદીનો ભાવ 150 રૂપિયા વધીને 2.27 લાખ રૂપિયા પર પહોંચી ગયો છે.

**આ વર્ષે સોનું 11 હજાર મોંઘું થયું**

આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધી સોનું 11 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.44 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 2026માં અત્યાર સુધી સોનું 11 હજાર રૂપિયા મોંઘું થયું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખ રૂપિયાથી ઉપર હતું, જે હવે 1.44 લાખ રૂપિયા પર પહોંચી ગયું છે.

જ્યારે, ચાંદીની કિંમતમાં 3 હજાર રૂપિયાનો ઘટાડો થયો છે. ચાંદી 31 ડિસેમ્બર 2025 ના રોજ 2.30 લાખ રૂપિયા પ્રતિ કિલો હતી, જે હવે 2.27 લાખ રૂપિયા પર છે. આ દરમિયાન, 29 જાન્યુઆરીએ સોનું 1.76 લાખ રૂપિયા અને ચાંદી 3.86 લાખ રૂપિયા ઓલટાઈમ હાઈ પર પહોંચી હતી. જ્વેલર્સ પાસેથી સોનું ખરીદતી વખતે આ 2 બાબતોનું ધ્યાન રાખો



1. સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

2. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સોર્સિસ (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) થી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

અસલી ચાંદીની ઓળખ કરવાના 4 રીતો

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબકને ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે.

આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે.

સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવે છે.

ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો ડાઘ પડે તો અસલી છે.

# Mcapની દ્રષ્ટિએ તાઈવાન, દ. કોરિઆને પાછળ મૂકીને ભારત ફરીથી પાંચમાં ક્રમે

મુંબઈ, તા.08



તાઈવાન તથા દક્ષિણ કોરિઆની બજારોમાં કરેકશન આવતા ભારતે વૈશ્વિક માર્કેટ કેપમાં પાંચમું સ્થાન ફરી પાછું મેળવી લીધું છે. સપ્તાહના પ્રારંભમાં તાઈવાન તથા દક્ષિણ કોરિઆની બજારોમાં રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ કરવા લાગતા આ બજારોમાં કરેકશન આવ્યું હતું.

આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) તથા સેમીકન્ડકટર ક્ષેત્રના શેરોમાં રેકોર્ડ તેજી આવતા તાઈવાન તથા દક્ષિણ કોરિઆની માર્કેટ કેપમાં તાજેતરમાં ઉછાળો આવ્યો હતો.

તાઈવાન તથા દક્ષિણ કોરિઆની માર્કેટ કેપ પાંચ ટ્રિલિયન ડોલરની અંદર સરકીને અનુક્રમે છઠ્ઠા અને સાતમા ક્રમે પહોંચી ગઈ છે. જ્યારે ૫.૦૫ ટ્રિલિયન ડોલર સાથે ભારતનો ક્રમ પાંચમો રહ્યો છે. તાઈવાનની માર્કેટ કેપ ૪.૯૭ ટ્રિલિયન ડોલર અને દક્ષિણ કોરિઆની ૪.૬૬ ટ્રિલિયમ ડોલર પર આવી ગઈ છે.

વૈશ્વિક માર્કેટ કેપની દ્રષ્ટિએ પ્રથમ ચારમાં અનુક્રમે અમેરિકા, ચીન, જાપાન તથા હોંગકોંગનો સમાવેશ થાય છે. અમેરિકાની માર્કેટ કેપનો આંક ૭૯.૨૬ ટ્રિલિયન ડોલર રહ્યો છે જ્યારે ચીનનો આ આંક ૧૫.૨૩ ટ્રિલિયન ડોલર રહ્યો છે.

વર્તમાન મહિનામાં વૈશ્વિક માર્કેટ કેપની કામગીરી નબળી રહી છે, જ્યારે ભારતની માર્કેટ કેપમાં વધારો જોવા મળ્યો હોવાનું પ્રાપ્ત ડેટા પરથી જણાય છે.

જૂનમાં ભારતની માર્કેટ કેપમાં ૨.૭૫ ટકા વધારો થયો છે જ્યારે દક્ષિણ કોરિઆની માર્કેટ કેપમાં ૪.૭૦ ટકા અને તાઈવાનની માર્કેટ કેપમાં ૨.૩૦ ટકા ઘટાડો થયો છે.

ક્રુડ તેલના ભાવમાં મોટો ઘટાડો આવતા વર્તમાન મહિનામાં ભારતની ઈક્વિટી બજારમાં સુધારો જોવા મળ્યો છે. આ ઉપરાંત વિદેશી રોકાણકારોની સક્રિયતા તથા પશ્ચિમ એશિયા સંઘર્ષ ઠંડો પડતા ભારત માટે સ્થિતિ સાનુકૂળ બની રહ્યાનું નિષ્ણાતો માની રહ્યા છે.

વિદેશી રોકાણને આકર્ષવા રિઝર્વ બેન્ક તથા સરકાર દ્વારા તાજેતરમાં જાહેર કરાયેલા પગલાંને કારણે પણ સેન્ટિમેન્ટમાં સુધારો થયો છે. તાઈવાન તથા દક્ષિણ કોરિઆની બજારોમાં કરેકશન આવતા ભારતે વૈશ્વિક માર્કેટ કેપમાં પાંચમું સ્થાન ફરી પાછું મેળવી લીધું છે. સપ્તાહના પ્રારંભમાં તાઈવાન તથા દક્ષિણ કોરિઆની બજારોમાં રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ કરવા લાગતા આ બજારોમાં કરેકશન આવ્યું હતું. આર્ટિફિસિઅલ ઈન્ટેલિજન્સ (એઆઈ) તથા સેમીકન્ડકટર ક્ષેત્રના શેરોમાં રેકોર્ડ તેજી આવતા તાઈવાન તથા દક્ષિણ કોરિઆની માર્કેટ કેપમાં તાજેતરમાં ઉછાળો આવ્યો હતો.

# અજાણ્યા વ્યક્તિને WhatsApp નંબર આપવો નહીં પડે: વ્હોટસએપ લાવ્યું નવું પ્રાઈવસી ફીચર, તમે પણ બનાવો યુનિક યૂઝરનેમ

નવી દિલ્હી, તા.08

અત્યાર સુધી વોટ્સએપ પર કોઈ નવા વ્યક્તિ સાથે વાત કરવા માટે પોતાનો મોબાઈલ નંબર આપવો જરૂરી હતો. પરંતુ હવે આવું નહીં થાય. મેટાની માલિકીના વોટ્સએપે યુઝરનેમ ફીચર લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ પછી લોકો પોતાનો મોબાઈલ નંબર જણાવ્યા વિના પણ માત્ર યુઝરનેમ દ્વારા ચેટ કરી શકશે.

કંપનીએ 29 જૂનથી દુનિયાભરમાં યુઝરનેમ રિઝર્વેશન શરૂ કરી દીધું છે. જોકે આ સુવિધા બધા યુઝર્સને એકસાથે નહીં મળે. આવનારા કેટલાક મહિનાઓમાં તેને ધીમે ધીમે બધા દેશોમાં રોલ આઉટ કરવામાં આવશે. જ્યારે આ ફીચર તમારા વિસ્તારમાં ઉપલબ્ધ થશે, ત્યારે વોટ્સએપની અંદર નોટિફિકેશન મળશે.

વોટ્સએપના સીઆઓ કુણાલ શાહે X પર પોસ્ટ કરીને જણાવ્યું કે તેમણે ફીચર જાહેર થાય તે પહેલા જ પોતાનું યુઝરનેમ રિઝર્વ કરી લીધું છે. તેમણે લોકોને પણ જલદી પોતાનું મનપસંદ યુઝરનેમ લેવા અપીલ કરી.

યુઝરનેમ ફીચર આવ્યા બાદ ચોક્કસ પરિસ્થિતિઓમાં તમારો ફોન નંબર આપમેળે દેખાશે નહીં. આમાં સામેલ છે: જ્યારે તમને મોટા ગ્રુપ ચેટમાં જોડવામાં આવે છે. જ્યારે તમે પહેલી વાર કોઈને મેસેજ કરો છો.




આ ફેરફારથી તમારો ફોન નંબર ખાનગી (પ્રાઈવેટ) રહે છે. જ્યારે તમે પોતે તેને શેર કરવા માંગશો ત્યારે જ તે દેખાશે.

વોટ્સએપનું કહેવું છે કે ઘણીવાર લોકો કોઈ નવી વ્યક્તિ સાથે વાતચીત કરવા માંગે છે, પરંતુ પોતાનો મોબાઈલ નંબર શેર કરવા માંગતા નથી. જેમ કે કોઈ નેટવર્કિંગ ઈવેન્ટમાં મળેલ વ્યક્તિ, નવા ક્લાસમેટ, પડોશી અથવા બાળકોના સ્કૂલ/સ્પોર્ટ્સ ગ્રુપના અન્ય વાલીઓ સાથે વાત કરતી વખતે પ્રાઈવસી જાળવી રાખવી જરૂરી હોય છે. આવી સ્થિતિમાં હવે મોબાઈલ નંબરની જગ્યાએ ફક્ત યુઝરનેમ શેર કરી શકાશે.

યુઝરનેમ 3 થી 35 કેરેક્ટરનું હશે. તેમાં ફક્ત a-z (સ્મોલ અંગ્રેજી અક્ષરો), 0-9 (અંકો), ડોટ (.) અને અંડરસ્કોર (_) નો ઉપયોગ કરી શકાશે. દરેક યુઝરનેમ સંપૂર્ણપણે યુનિક હશે. જરૂર પડ્યે તેને બદલી, હટાવી અથવા અપડેટ કરી શકાશે.

હા, પરંતુ ફક્ત તે લોકો માટે જેઓ પહેલીવાર તમારો સંપર્ક કરશે. જો તમે યુઝરનેમ સેટ કર્યું હશે, તો નવી વ્યક્તિ તમારો મોબાઈલ નંબર જોઈ શકશે નહીં.

જોકે વોટ્સએપ એકાઉન્ટ બનાવવા અને ઉપયોગ કરવા માટે મોબાઈલ નંબર પહેલાની જેમ જ જરૂરી રહેશે. જે લોકો પાસે તમારો નંબર પહેલેથી સેવ છે, તેઓ પહેલાની જેમ જ તમારી સાથે ચેટ કરી શકશે.

ના. વોટ્સએપ કોઈ સાર્વજનિક યુઝરનેમ ડિરેક્ટરી બનાવશે નહીં. કંપની કોઈ અન્ય યુઝરને તમારું યુઝરનેમ સૂચવશે (Suggest) પણ નહીં. કોઈ વ્યક્તિ તમને ત્યારે જ મેસેજ મોકલી શકશે, જ્યારે તેને તમારું સાચું યુઝરનેમ ખબર હશે.

વોટ્સએપ યુઝરનેમ કી નામનું એક નવું વૈકલ્પિક (Optional) સુરક્ષા ફીચર પણ લાવી રહ્યું છે. જો યુઝર તેને ચાલુ કરે છે, તો પહેલીવાર મેસેજ મોકલનાર વ્યક્તિને પહેલા આ Key દાખલ કરવી પડશે. આ પછી જ ચેટ શરૂ થઈ શકશે. યુઝર જ્યારે ઈચ્છે ત્યારે આ કી બદલી પણ શકશે. તેનો ઉદ્દેશ્ય સ્પામ અને અનિચ્છનીય મેસેજ ઘટાડવાનો છે.

ક્રિએટર્સ, બિઝનેસ અને સંસ્થાઓ જ્યાં શક્ય હશે ત્યાં, તેમના ઈન્સ્ટાગ્રામ અને ફેસબુક જેવું જ યુઝરનેમ વોટ્સએપ પર પણ લઈ શકશે. જાણીતી હસ્તીઓ અને મોટી બ્રાન્ડ્સના કેટલાક યુઝરનેમ પહેલેથી જ સુરક્ષિત (Reserved) રાખવામાં આવશે, જેથી કોઈ નકલી એકાઉન્ટ બનાવીને તેમની ઓળખનો દુરુપયોગ ન કરી શકે.

વર્તમાન ચેટ્સ, કોન્ટેક્ટ્સ અને ગ્રુપ્સ પહેલાની જેમ જ કામ કરશે. જે લોકો પાસે પહેલેથી તમારો નંબર છે, તેમના માટે કંઈ બદલાશે નહીં. એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન, બ્લોક અને રિપોર્ટ જેવા તમામ સુરક્ષા ફીચર્સ પહેલાની જેમ જ કામ કરતા રહેશે.

નવા લોકો સાથે વાત કરવા માટે મોબાઈલ નંબર શેર કરવો પડશે નહીં. યુઝર્સની પ્રાઈવસી પહેલા કરતા વધુ મજબૂત બનશે. સ્પામ અને અનિચ્છનીય મેસેજ ઘટાડવામાં મદદ મળશે.

ક્રિએટર્સ અને બિઝનેસ માટે Meta ના અલગ-અલગ પ્લેટફોર્મ પર એક જેવી ડિજિટલ ઓળખ જાળવી રાખવી સરળ બનશે.

# લક્ઝરી તિજોરીઓમાં ધન છુપાવી રહ્યા છે ધનકુબેરો : બંકર જેવી સુરક્ષા, બાયોમેટ્રિકથી એન્ટ્રી; 500 ટન સોનું અને 10 હજાર ટન ચાંદી રાખવાની ક્ષમતા

નવી દિલ્હી, તા.08

એવી આલીશાન જગ્યા, જ્યાં ચારે બાજુ અત્યાધુનિક સુરક્ષાનો અભેદ્ય ઘેરો છે. તમારી બાજુમાં કરોડો રૂપિયાના હીરા, સોનાની લગડીઓ અને કિંમતી પેઈન્ટિંગ્સ રાખેલાં છે. સામે રૂફટોપ ગાર્ડન છે અને તમે દુનિયાના સૌથી મોંઘા શેફના હાથે તૈયાર ભોજનનો આનંદ લઈ રહ્યા છો. આ કોઈ ફિલ્મી દ્રશ્ય નથી, પરંતુ 2026ની હકીકત છે.

દુનિયાના અલ્ટ્રા-રિચ લોકો માટે બેંકના જૂના અને સાધારણ લોકર હવે ભૂતકાળ બની ચૂક્યા છે. તેમની જગ્યા અત્યાધુનિક 'પ્રાઈવેટ વોલ્ટ્સ'એ લીધી છે. આ ફક્ત કિંમતી સંપત્તિની સુરક્ષા પૂરતા મર્યાદિત નથી, પરંતુ ભવ્ય સુવિધાઓથી સજ્જ એવા ખાનગી મ્યુઝિયમ બની ગયા છે, જે ધનિકોની જીવનશૈલીનું પ્રતીક છે. આ બદલાવનું સૌથી રસપ્રદ ઉદાહરણ સિંગાપોરના ચાંગી એરપોર્ટ પાસે આવેલું 'ધ રિઝર્વ' છે. 18 લાખ ચોરસ ફૂટમાં ફેલાયેલી આ અભેદ્ય તિજોરીમાં ધનિકો માટે 40 સીટવાળો ભવ્ય 'ઓનિક્સ રૂમ' બનાવવામાં આવ્યો છે. આની



સાથે સુંદર રૂફટોપ ગાર્ડન પણ છે. સિલ્વર બુલિયન ગ્રુપ'ના સીઈઓ ગ્રેગર ગ્રેગરસન મુજબ, આ વોલ્ટને સુરક્ષા સાથે પ્રીમિયમ અનુભવ આપવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. મહેમાનો પાંચમા માળના વ્યુઈંગ પ્લેટફોર્મ પરથી તિજોરીમાં પોતાનું સોનું-ચાંદી જોતા-જોતા ભોજન કરે છે. અહીં 500 ટન સોનું અને 10 હજાર ટન ચાંદી રાખવાની ક્ષમતા છે. લંડનના મેફેયર અને પાર્ક લેન વિસ્તારો પણ પાછળ નથી. 'આઈબીવી ઈન્ટરનેશનલ વોલ્ટ્સ' વીઆઈપી ગ્રાહકોને અનોખો અનુભવ આપે છે. કિંમતી સામાન રાખવા આવનારાઓ માટે ખાનગી ડ્રાઈવરવાળી લક્ઝરી કાર સેવા અને પ્રખ્યાત ડોર્ચેસ્ટર હોટલમાં ખાસ 'આફ્ટરનૂન ટી' જેવી સુવિધાઓ આપવામાં આવે છે. સુરક્ષાના મામલે આ જગ્યા બંકરથી ઓછી નથી. આઈબીવી ગોલ્ડના મેનેજિંગ ડિરેક્ટર સીન હોએ મુજબ, અહીં લગાવેલા ખાસ કાચ AK-47ની ગોળીઓનો પણ સામનો કરી શકે છે.

**વિશ્વભરમાં નવા ઠેકાણાં ઉભરી રહ્યા છે**

ટ્રેન્ડ ફોરકાસ્ટિંગ ફર્મ 'ફ્યુચર લેબોરેટરી'ના કો-ફાઉન્ડર ક્રિસ્ટોફર સેન્ડરસન કહે છે કે, લંડન એકલું આ ઉદ્યોગનું પરંપરાગત કેન્દ્ર નથી. જિનીવાના ફ્રીપોર્ટમાં લગભગ 9.5 લાખ કરોડની કલાકૃતિઓ સુરક્ષિત રાખવામાં આવી છે, જ્યારે દુબઈ ઝડપથી બંકર-ગ્રેડ તિજોરીઓનું નેટવર્ક ઊભું કરી રહ્યું છે. હોંગકોંગ અને મિલાન પણ લક્ઝરી જીવનશૈલી અને મજબૂત નાણાકીય માળખાને કારણે ધનકુબેરોને આકર્ષિત કરી રહ્યા છે.

**પ્રવાસીઓ શોર્ટ ટર્મ માટે ભાડે લઈ રહ્યા છે ખાનગી વોલ્ટ્સ**

યુરોપની ઈન્ટરનેશનલ ટેક્સ ઓબ્ઝર્વેટરી મુજબ, 15 વર્ષ પહેલાં દુનિયાના અબજોપતિઓની કુલ સંપત્તિ 427 લાખ કરોડ રૂપિયા હતી, જે હવે વધીને લગભગ 1889 લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ વિશાળ સંપત્તિ સાથે સુરક્ષિત સ્ટોરેજની માંગ પણ ઝડપથી વધી છે. લંડનની જાણીતી 'હેટન ગાર્ડન' લૂંટ અને ઘણી પરંપરાગત બેંકો દ્વારા લોકર સેવાઓ બંધ કરવામાં આવ્યા પછી અમીર લોકો ખાનગી વોલ્ટ્સ તરફ વળી રહ્યા છે. બીજી તરફ, લંડન અને યુરોપના અન્ય મોટા શહેરોમાં લક્ઝરી ઘડિયાળોની લૂંટફાટ વધી છે. ગુનેગારો તેમને 'અંડરવર્લ્ડ કરન્સી'ની જેમ ઉપયોગ કરે છે, તેથી પ્રવાસીઓ અને સ્થાનિક ધનાઢ્ય વર્ગ અલ્પકાલિક લોકર (શોર્ટ ટર્મ માટે) ભાડે લેવા લાગ્યા છે.

# શહેરા તાલુકાના ઉમરપુર ગામના ચૌહાણ ફળિયામા રસ્તાની બિસ્માર હાલત

દેવગઢ બારીઆ, તા.08

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરા તાલુકા ના ઉમરપુર ગામ ના ચૌહાણ ફળિયા મા રહેતા રહીશો ને અવર જવર કરવા માટે પડી રહી છે મુશ્કેલી તથા વરસાદ પડતા રાહદારી અને ચૌહાણ ફળિયા મા આવેલા માઁ મોગલ ના મંદિરે આવતા દર્શનાર્થીઓ ને પણ ખુબ હાલાકી ભોગવવી પડી રહી છે તથા રસ્તો કાદવ કીચડ વાડો હોવા થી મચ્છર રહેવા થી કોલેરા અને મહામારી જેવી બીમારી થવા ની પણ શક્યતાઓ છે જેમાં આ ફળિયા મા બહાર રોડ પર આવવા માટે આજ એક રસ્તા નો સહારો છે બીજો કોઈ રસ્તો છે નહીં આવવા જવા માટે જો ઈમરજન્સી એમ્બ્યુલન્સ ની જરૂરિયાત પડે તો આ બિસ્માર હાલત મા એમ્બ્યુલન્સ પણ આ ફળિયા મા આવી શકે તેમ નથી માટે આ ઉમરપુર ચોહાણ ફળિયા નો રસ્તો વહેલી તકે બનાવવા ચૌહાણ ફળિયા ના રહીશો એ કરી છે....

# ઓનલાઈન છેતરપિંડીના 74 ટકા કેસ કાર્ડ અને ઈન્ટરનેટ સાથે સંકળાયેલા

- **જેમ જેમ વ્યવહારો વધુ ઓનલાઈન બન્યા તેમ તેમ છેતરપિંડી કરનારાઓની પદ્ધતિઓ વધુ આધુનિક બની**




અમદાવાદ, તા.08

દેશમાં ડિજિટલ પેમેન્ટનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે, તેથી ઓનલાઈન છેતરપિંડીનું જોખમ પણ ઝડપથી વધી રહ્યું છે. લોકો હવે ખરીદી, મુસાફરી બુકિંગ, યુટિલિટી બિલ ચુકવણી અને રોજિંદા ખર્ચ માટે ક્રેડિટ અને ડેબિટ કાર્ડ અને ઓનલાઈન પેમેન્ટ પ્લેટફોર્મનો ઉપયોગ વધુને વધુ કરી રહ્યા છે.

પરંતુ આ સુવિધાની સાથે, એક ભયાનક સત્ય પણ બહાર આવ્યું છે. રિઝર્વ બેંકના વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬ અનુસાર, દેશમાં નોંધાયેલા તમામ છેતરપિંડીના કેસોમાં લગભગ ૭૪% કેસ ફક્ત કાર્ડ અને ઈન્ટરનેટ બેંકિંગ સાથે સંબંધિત છે.

છેતરપિંડી કરનારાઓએ હવે લોકોના મહેનતથી કમાયેલા પૈસા લૂંટવા માટે ફિશિંગ લિંક્સ, નકલી કોલ્સ, ખતરનાક અને નકલી એપ્સ અને સોશિયલ એન્જિનિયરિંગ જેવી નવી તકનીકો અપનાવી છે.

જેમ જેમ પૈસાના વ્યવહારો વધુ ઓનલાઈન થતા જાય છે, તેમ તેમ છેતરપિંડી કરનારાઓની પદ્ધતિઓ વધુ આધુનિક બની છે. આ છેતરપિંડી કરનારાઓ ઘણીવાર બેંક અધિકારીઓ, ક્રેડિટ કાર્ડ પ્રતિનિધિઓ, ગ્રાહક સંભાળ અધિકારીઓ અથવા નાણાકીય સલાહકારો તરીકે પોતાને રજૂ કરીને, તેમનો વિશ્વાસ મેળવીને અને ગુપ્ત માહિતી મેળવીને ગ્રાહકોનો સંપર્ક કરે છે. હાલના દિવસોમાં, કાર્ડ અપગ્રેડ, ક્રેડિટ મર્યાદામાં વધારો, રિવોર્ડ પોઈન્ટ કેશિંગ, સેટલમેન્ટ ઓફર અથવા બંધ ખાતાઓને ફરીથી સક્રિય કરવાની ઓફર કરતા છેતરપિંડી કરનારા ફોન કોલ્સનું પ્રમાણ વધી રહ્યું છે. જેમ જેમ પૈસાના વ્યવહારો વધુ ઓનલાઈન થતા જાય છે, તેમ તેમ છેતરપિંડી કરનારાઓની પદ્ધતિઓ વધુ આધુનિક બની છે. આ છેતરપિંડી કરનારાઓ ઘણીવાર બેંક અધિકારીઓ, ક્રેડિટ કાર્ડ પ્રતિનિધિઓ, ગ્રાહક સંભાળ અધિકારીઓ અથવા નાણાકીય સલાહકારો તરીકે પોતાને રજૂ કરીને, તેમનો વિશ્વાસ મેળવીને અને ગુપ્ત માહિતી મેળવીને ગ્રાહકોનો સંપર્ક કરે છે.

# ફરજિયાત TET પરીક્ષાને લઈને પ્રાથમિક શિક્ષક સંઘની ગાંધીનગર કૂચ : 11 જુલાઈએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન

**અમદાવાદ, તા.08**

ખેડૂતોના આંદોલન બાદ હવે શિક્ષકો પણ સરકાર સામે મોરચો ખોલવા ગાંધીનગર જઈ રહ્યા છે. સુપ્રીમ કોર્ટના TET ફરજિયાતના નિર્ણય બાદ રાજ્યમાં 2010 પહેલાં ભરતી થયેલા શિક્ષકોમાં અસંતોષ ફેલાયો છે. જેથી 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માગ સાથે રાજ્યભરમાં જિલ્લા કક્ષાએ વિરોધ અને ધરણા પ્રદર્શન કર્યા હતા.

છતાં પણ માંગણીઓ ન સ્વીકારવામાં આવતા હવે ગાંધીનગરમાં શિક્ષકો ધરણા પ્રદર્શન કરશે. 11 જુલાઈએ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણામાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી 30 હજારથી વધુ શિક્ષકો જોડાશે. 2010 પહેલાં નિયુક્ત થયેલા શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માંગ સાથે દિવસ ધરણા પ્રદર્શન કરશે.



**2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માગ**

જેથી સુપ્રીમ કોર્ટના આ નિર્ણયના કારણે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને અન્ય શૈક્ષિક સંઘ દ્વારા વિરોધ પ્રદર્શન અને ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. શિક્ષકોનો દાવો છે કે જે તે સમયે તે લોકો નોકરીમાં લાગ્યા ત્યારે નિયમ મુજબ લાગ્યા હતા જેથી હવે 2010 પહેલાના શિક્ષકોને TET પરીક્ષા આપવી જરૂરી નથી.

જેથી 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માગ સાથે રાજ્યભરમાં જિલ્લા કલેકટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન કરી કલેકટરને આવેદનપત્ર પણ આપ્યું હતું. 33 જિલ્લામાં 3 દિવસ સુધી અલગ અલગ પ્રકારે ધરણા પ્રદર્શન અને આંદોલનાત્મક કાર્યક્રમ કર્યા હતા. પરંતુ તે બાદ પણ 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવાની માગ સ્વીકારવામાં આવી નહતી. 11 જુલાઈએ ગાંધીનગરમાં 30 હજારથી વધુ શિક્ષકો સરકારને ઘેરશે,

જેના કારણે હવે અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘ અને શિક્ષકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રાજ્યભરમાં જિલ્લા કક્ષાએ વિરોધ કાર્યક્રમો યોજવાની જાહેરાત કર્યા બાદ હવે 11 જુલાઈએ ગાંધીનગરના સેક્ટર 6માં આવેલા સત્યાગ્રહ છાવણી ખાતે રાજ્યસ્તરીય ધરણા પ્રદર્શન કરવાની જાહેરાત કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના આહ્વાન બાદ ગાંધીનગર ખાતે યોજાનારા ધરણા પ્રદર્શનમાં અમદાવાદ સહિત રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો જોડાવાના છે. સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન કરી શિક્ષકો સરકાર સમક્ષ 2010 પહેલાના શિક્ષકોને TETમાંથી મુક્તિ આપવા માગ કરશે.

# રાજ્યમાં માછીમારોને ડીઝલ વેટમાં પ્રતિ લિટર રૂ. 15ની રાહત મળશે

## બોટની 20 મીટર લંબાઈની મર્યાદા દૂર, 18,000થી વધુ ફિશિંગ બોટને ફાયદો, કેબિનેટમાં નિર્ણય

**અમદાવાદ, તા.08**

રાજ્યમાં સતત વરસી રહેલા વરસાદ અને તેના કારણે સર્જાયેલી પરિસ્થિતિ વચ્ચે આજે (8 જુલાઈ )ના રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય કેબિનેટની બેઠક યોજાઈ હતી. જેમાં માછીમારોના હિતમાં એક મહત્વનો નિર્ણય લેતા બોટ માલિકોને પ્રતિ લીટર 15 લેખે ડીઝલ વેટ રાહત આપવાની મંજૂરી આપવામાં આવી છે.



આ યોજનામાં સરકારે અગાઉની બોટની 20 મીટરની લંબાઈની મર્યાદા દૂર કરી દીધી છે, જેના કારણે હવે 18,000થી વધુ ફિશિંગ બોટોને સીધો આર્થિક ફાયદો થશે. આ સુધારાથી નાના-મોટા તમામ માછીમારોને મોટી રાહત મળશે અને મત્સ્યોદ્યોગને વેગ મળશે.

ઉલ્લેખનીય છે કે, પહેલા 20 મીટરની મર્યાદામાં પ્રતિ લિટર મહત્તમ રૂપિયા 15 સુધીની વેટ રાહત મળતી હતી, હવે 20 મીટરની મર્યાદા દૂર કરવામાં આવી છે એટલે હવે 8 હજારથી વધુ બોટ ધારકોને લાભ મળશે. જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, માછીમારોની યાંત્રિક બોટમાં વપરાતા ડીઝલ પર વેટ રાહત આપવાની યોજનામાં મહત્વપૂર્ણ સુધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉના નિયમ મુજબ આ યોજનાનો લાભ માત્ર 20 મીટરથી ઓછી લંબાઈ ધરાવતી યાંત્રિક બોટોને જ મળતો હતો. હવે માછીમાર સમુદાયના વ્યાપક હિતમાં આ 20 મીટરની મર્યાદાને સંપૂર્ણપણે દૂર કરવાનો નિર્ણય લેવાયો છે. આ સુધારાના પરિણામે હવે રાજ્યની ડીપ-સી બોટો સહિત તમામ યાંત્રિક ફિશિંગ બોટો આ યોજનાનો લાભ મેળવી શકશે.

# 449 PSIને નિમણૂકપત્રો એનાયત કરાયા : મુખ્યમંત્રીએ કહ્યું- 'શાંતિ વગર વિકાસ શક્ય નથી'

- **2033 સુધીમાં 50 હજાર પોલીસ કર્મચારીઓની ભરતીની યોજના**

**અમદાવાદ, તા.08**

ગાંધીનગર સ્થિત NFSU ખાતે બુધવારે રાજ્યના 449 બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટરોને નિમણૂકપત્રો એનાયત કરવાનો ભવ્ય સમારોહ યોજાયો હતો. સમારોહમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, ગાંધીનગરના મેયર, અમદાવાદના મેયર, રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિક તથા ભરતી બોર્ડના અધ્યક્ષ નીરજા ગોટરું ઉપસ્થિત રહ્યા હતા.

**449 PSIને નિમણૂકપત્રો એનાયત કરાયા**

રાજ્ય સરકારે વર્ષ 2024માં કાયમી પોલીસ ભરતી બોર્ડની રચના કર્યા બાદ આ પ્રથમ ભરતી પ્રક્રિયા



પૂર્ણ કરી છે. PSI ભરતી માટે રાજ્યભરમાંથી આશરે 4 લાખ 60 હજાર ઉમેદવારોએ નોંધણી કરાવી હતી, જ્યારે એક લાખથી વધુ યુવાનોએ લેખિત પરીક્ષામાં ભાગ લીધો હતો. ત્યારબાદ વિવિધ તબક્કાની પ્રક્રિયા પૂર્ણ કરીને આશરે એક હજાર ઉમેદવારોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાંથી અંતે 449 ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી.

# અંગ્રેજી શિક્ષક વિના ચાલતી સરકારી પ્રાથમિક સ્કૂલોને જ્ઞાન સહાયક મળશે

- **કરાર આધારિત નિમણૂક કરાશે, શિક્ષણ નિયામકનો નિર્ણય, સ્કૂલો પાસેથી વિગતો મગાવાઈ, અંગ્રેજીના શિક્ષક નથી, તેવી સ્કૂલની વિગત મગાવાઈ**

**અમદાવાદ, તા.08**

ગુજરાતની સરકારી પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષકની અછત દૂર કરવા રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવ્યું છે. જે સરકારી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય વિષય તરીકે અંગ્રેજી ભણાવતા શિક્ષક ઉપલબ્ધ નથી, તેવી શાળાઓમાં હવે અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયકની કરાર આધારિત નિમણૂક કરવામાં આવશે.

**શિક્ષણાધિકારીઓ અને નગર શિક્ષણ સમિતિઓને પરિપત્ર મોકલાયો**

પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીઓ અને નગર શિક્ષણ સમિતિઓને આ અંગેનો



પરિપત્ર મોકલવામાં આવ્યો છે. શિક્ષણ વિભાગના આ નિર્ણયનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત અંગ્રેજી શિક્ષણ ઉપલબ્ધ કરાવવાનો અને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 તથા મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સના લક્ષ્યોને સિદ્ધ કરવાનો છે.

**અંગ્રેજીના શિક્ષક નથી, તેવી સ્કૂલની વિગત મગાવાઈ**

પરિપત્ર અનુસાર, જે શાળાઓમાં અંગ્રેજી વિષયના શિક્ષક ઉપલબ્ધ નથી તેવી શાળાઓની વિગતો એકત્રિત કરીને તા. 8 જુલાઈ, 2026 સુધીમાં નિયત ફોર્મેટમાં મોકલવાની રહેશે. શાળા કક્ષાએથી મળતી માહિતીના આધારે અંગ્રેજી વિષયના જ્ઞાન સહાયકોની પસંદગી અને નિમણૂક પ્રક્રિયા હાથ ધરાશે.

**જો ખોટી માહિતી આપી તો કાર્યવાહી થઈ શકે**

શિક્ષણ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, શાળાઓ દ્વારા મોકલવામાં આવતી માહિતી સંપૂર્ણ અને ચોક્કસ હોવી જરૂરી છે. જો કોઈ શાળામાં અંગ્રેજી વિષયના શિક્ષક પહેલેથી કાર્યરત હોય અને તેમ છતાં જ્ઞાન સહાયકની માંગણી કરવામાં આવશે તો તેની જવાબદારી સંબંધિત તંત્રની રહેશે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી ખાસ કરીને ગ્રામ્ય અને દૂરદરાજ વિસ્તારોની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અંગ્રેજી શિક્ષણની ગુણવત્તામાં સુધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# નીતિન ગડકરી 9મીએ ગુજરાત પ્રવાસે : CM સાથે હાઈલેવલ બેઠક અને પ્રવાસ 5.0માં હાજરી

## પ્રવાસ દરમિયાન રાજ્યના હાઈવે પ્રોજેક્ટો, માર્ગ વિકાસ અને પેસેન્જર મોબિલિટી ક્ષેત્ર સાથે જોડાયેલા વિવિધ કાર્યક્રમોમાં તેઓ ભાગ લેશે

**અમદાવાદ, તા.08**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી આવતીકાલે(9 જુલાઈ) ગુજરાતના મહત્વપૂર્ણ પ્રવાસે આવી રહ્યા છે. તેમના પ્રવાસ દરમિયાન રાજ્યના હાઈવે પ્રોજેક્ટો, માર્ગ વિકાસ અને પેસેન્જર મોબિલિટી ક્ષેત્ર સાથે જોડાયેલા વિવિધ કાર્યક્રમોમાં તેઓ ભાગ લેશે.

**સાંજે ગડકરીની CM સાથે હાઈલેવલ બેઠક યોજાશે**

પ્રવાસ દરમિયાન નીતિન ગડકરી ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે હાઈલેવલ બેઠક યોજશે. બેઠકમાં રાજ્યના વિવિધ રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રોજેક્ટો, માર્ગ વિસ્તરણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે. આ બેઠક સાંજે 6:30 વાગ્યે The Leela Gandhinagar ખાતે યોજાશે.

**અમદાવાદ-વડોદરા કોરિડોરનું નિરીક્ષણ કરશે**

આ ઉપરાંત ગડકરી અમદાવાદ-વડોદરા હાઈવેના વિકાસકાર્યો અને સુવિધાઓનું નિરીક્ષણ પણ કરશે. રાજ્યના સૌથી વ્યસ્ત માર્ગોમાંના એક એવા અમદાવાદ-વડોદરા કોરિડોરના વિકાસ અંગે તેઓ અધિકારીઓ પાસેથી માહિતી મેળવશે.

